અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 01 જુલાઈ 2026 બુધવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00
વિક્રમ સંવત 2082, જેઠ વદ - 1 | અંક : 02 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
વિયેતનામમાં ભારતીય પરિવારે હોબાળો મચાવ્યો: રેસ્ટોરાંમાં તોડફોડ કરી, બાળકો અને માતા-પિતાએ પ્રોપર્ટીને...

4 
સત્તા અને સંપત્તિ માટે યુદ્ધ કરતી અમેરિકા, રશિયા અને ચીન જેવી મહાસત્તાઓ

6 
IPL ક્રિકેટર પર કર્મચારીને ઢોર માર મારવાનો આરોપ, રૌફ જમાવતા કહ્યું- SP અમારા ત્યાં ઝાડુ મારે છે

7 
શેરબજારમાં સતત બીજા દિવસે મંદીનો માહોલ: સેન્સેક્સ 100 અને નિફ્ટી 50 પોઈન્ટ તૂટ્યા

# અયોધ્યા પહોંચેલા યુપી કોંગ્રેસ અધ્યક્ષ નજરકેદ

## કોંગ્રેસના ઘણા નેતાઓ નજરકેદ, કાર્યકરોની અટકાયત, CCTV દેખરેખ ડ્યુટીના અધિકારીની 17 વર્ષ પછી બદલી

**અયોધ્યા, તા.30**





અયોધ્યા રામ મંદિરમાં દાન ચોરીને લઈને રાજકારણ ગરમાયું છે. મંદિર ટ્રસ્ટની ઓફિસનો ઘેરાવ કરવા પહોંચેલા કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અજય રાયને પોલીસે સોમવારે મોડી રાત્રે 11.30 હોટલમાં નજરકેદ કર્યા હતા. થોડીવાર બાદ તેમને કૃષિ યુનિવર્સિટીના ગેસ્ટ હાઉસ લઈ જવાયા હતા.

કોંગ્રેસના સાંસદ કિશોરી લાલ શર્મા, તનુજ પુનિયા અને ઉજ્જવલ રમણ સિંહને નજરકેદ કરવામાં આવ્યા છે. અજય રાયના નેતૃત્વમાં કોંગ્રેસનું એક પ્રતિનિધિમંડળ દાન ચોરી મામલે વિરોધ કરવા પહોંચ્યું હતું; તેમણે આજે, મંગળવારે ટ્રસ્ટ ઓફિસનો ઘેરાવ કરવાની જાહેરતા કરી હતી.

આ દરમિયાન, કોંગ્રેસના કાર્યકરો બપોરે 12.30 વાગ્યે રામ જન્મભૂમિ મંદિર તરફ કૂચ કરી રહ્યા હતા. પોલીસે તેમને મંદિરથી એક કિલોમીટર દૂર ટેઢી બજારમાં રોક્યા હતા. આનાથી કાર્યકરો ગુસ્સે ભરાયા, અને તેમણે પોલીસ સાથે ઝપાઝપી શરૂ કરી હતી. પોલીસે તેમને હળવો બળપ્રયોગ કરીને અટકાયતમાં લીધા હતા.

આ પહેલા, સોમવારે પોલીસે SBIની અયોધ્યા ધામ બ્રાન્ચ પહોંચીને જેલમાં બંધ 8 આરોપીઓના બેંક ખાતા તપાસ્યા. બેંક કર્મચારીઓને નોટિસ આપીને જવાબ માંગ્યો. કોર્ટે આરોપીઓની જ્યુડિશિયલ કસ્ટડી 14 દિવસ માટે વધારી દીધી. આગામી સુનાવણી 13 જુલાઈએ થશે. ત્યાં સુધી આરોપીઓ જેલમાં જ રહેશે.

જ્યારે, ટ્રસ્ટની 11 જુલાઈના રોજ યોજાનારી બેઠક 5 દિવસ વહેલા એટલે કે 6 જુલાઈએ યોજાશે. તેમાં ટ્રસ્ટના પૂર્વ પદાધિકારી ચંપત રાય અને અનિલ મિશ્રાના ભવિષ્ય પર નિર્ણય લેવાશે. અહીં, સૂત્રોનું માનીએ તો સરકારે SITને કેસનો અંતિમ રિપોર્ટ વહેલી તકે સુપરત કરવા જણાવ્યું છે.

ચોરીનો મામલો પહેલીવાર 7 જૂને સામે આવ્યો. યુપી સરકારે 13 જૂને SIT બનાવી. SIT એ 23 જૂને એડિશનલ ચીફ સેક્રેટરી (ગૃહ) સંજય પ્રસાદને રિપોર્ટ સોંપ્યો. 25 જૂને ટ્રસ્ટના સભ્ય કૃષ્ણ મોહનની ફરિયાદ પર FIR થઈ. આમાં રામશંકર યાદવ ઉર્ફે ટિન્નુ સહિત 8ને નામજોગ કરવામાં આવ્યા. જોકે, ચંપત રાય, ડો. અનિલ મિશ્રા સહિતના મોટા પદાધિકારીઓના નામ નથી.

FIR નોંધાયાના થોડા કલાકો પછી જ પોલીસે ટિન્નુ સહિત 8 આરોપીઓની ધરપકડ કરી લીધી. 26 જૂને CJM કોર્ટે તમામ આરોપીઓને 3 દિવસ માટે જેલમાં મોકલી દીધા. એ જ દિવસે મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય અને ટ્રસ્ટી ડો. અનિલ મિશ્રાએ રાજીનામું આપી દીધું. બીજા દિવસે ટ્રસ્ટે કહ્યું- 11 જુલાઈએ યોજાનારી બેઠકમાં આ અંગે નિર્ણય લેવામાં આવશે.

પોલીસે રવિવારે ચંપત રાયની લગભગ ત્રણ કલાક પૂછપરછ કરી હતી. તેમણે પૂછ્યું કે તેમને સૌપ્રથમ ક્યારે અને કેવી રીતે દાનમાંથી ચોરી વિશે ખબર પડી અને ત્યારબાદ તેમણે શું પગલાં લીધાં. અગાઉ, સોમવારે કોર્ટે ચોરીના કેસમાં ધરપકડ કરાયેલા આઠ આરોપીઓની કસ્ટડી 14 દિવસ લંબાવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકારે SITને શક્ય તેટલી વહેલી તકે તેનો ફાઈનલ રિપોર્ટ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે.

ચોરીનો મામલો સૌપ્રથમ 7 જૂને પ્રકાશમાં આવ્યો હતો. યુપી સરકારે 13 જૂને એક SITની રચના કરી હતી. 25 જૂને FIR નોંધવામાં આવી હતી. રામશંકર યાદવ ઉર્ફે ટીન્નુ સહિત આઠ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. તે જ દિવસે, મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય અને ટ્રસ્ટી ડૉ. અનિલ મિશ્રાએ રાજીનામું આપ્યું હતું. હિન્દુ રક્ષા દળના રાષ્ટ્રીય અધ્યક્ષ પિંકી ચૌધરીએ મંગળવારે સવારે 10 વાગ્યાની આસપાસ ગાઝિયાબાદમાં રામ મંદિરના દાનના વિવાદ અંગે એક વીડિયો જાહેર કર્યો. વીડિયોમાં તેમણે કહ્યું કે આ મુદ્દાને કારણ વગર સનસનાટીભર્યો બનાવવામાં આવી રહ્યો છે. તેમણે ટિપ્પણી કરી કે જ્યારે અન્ય ધાર્મિક સંસ્થાઓને આપવામાં આવતા દાન અંગે પ્રશ્નો ઉભા થતા નથી, ત્યારે રામ મંદિર સંબંધિત બાબતોને સતત નિશાન બનાવવામાં આવે છે.

પંડિત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ મધ્યપ્રદેશના ભોપાલમાં કહ્યું હતું કે રામ મંદિરમાં બનેલી ઘટનાથી લાખો ભક્તોને ખૂબ દુ:ખ થયું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભગવાન રામની હાજરીમાં આવું કૃત્ય કરનાર કોઈપણ વ્યક્તિને કડક સજા ભોગવવી પડશે. રાવણે માતા જાનકીનું અપહરણ કર્યુ હતું, તો તેના સમગ્ર વંશનો નાશ થયો હતો.

બધા મંદિરો શંકરાચાર્યના નિયંત્રણ હેઠળ હોવા જોઈએ કે કેમ તે સવાલના જવાબમાં તેમણે કહ્યું, ધર્મ વિરોધી તાકાતો આ ખૂબ જ વિચિત્ર પરિસ્થિતિઓ બનાવી રહી છે. તે મંદિરો અને સંતો સામે સવાલો ઉભા કરી રહી છે.

કોંગ્રેસના કાર્યકરોએ રામ જન્મભૂમિ મંદિર તરફ કૂચ કરી. પોલીસે બળપ્રયોગ કરીને તેમને અટકાવ્યા. આ ઘર્ષણ દરમિયાન કોંગ્રેસના કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. કોંગ્રેસના ભૂતપૂર્વ રાજ્યસભા સાંસદ આલિયા ઝુબૈરીની પણ અટકાયત કરવામાં આવી હતી.

યુવા જિલ્લા પ્રમુખ સુનીલ કૃષ્ણ ગૌતમ રાનુની પણ અટકાયત કરવામાં આવી હતી. કોંગ્રેસના કાર્યકરોનું કૃષિ યુનિવર્સિટીના ગેટ પર પ્રદર્શન ચાલુ છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અજય રાયને પણ નજરકેદ કરવામાં આવ્યા છે.

# બંગાળ વિધાનસભામાં એન્ટી-ગુંડા અને OBC અનામત બિલ પાસ

## ઓગસ્ટમાં UCC બિલ રજૂ થશે, પૂર્વ જજ રંજના દેસાઈની અધ્યક્ષતામાં કમિટી બની

**કોલકાતા, તા.30**




પશ્ચિમ બંગાળ વિધાનસભાએ સોમવારે કાયદો અને વ્યવસ્થા તથા OBC અનામત સંબંધિત ચાર બિલ પસાર કર્યા. આમાં, એન્ટી-ગુંડા કાયદા હેઠળ, પોલીસ હવે કેટલાક કિસ્સાઓમાં ટ્રાયલ વિના 12 મહિના સુધી અટકાયતમાં રાખી શકશે. તે જ સમયે, OBC અનામત સંબંધિત બે સુધારા બિલને પણ મંજૂરી મળી ગઈ. મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીએ જણાવ્યું કે સમાન નાગરિક સંહિતા (UCC) નો ડ્રાફ્ટ 2 જુલાઈએ કેબિનેટ સમક્ષ રજૂ કરવામાં આવશે. બિલ ઓગસ્ટમાં વિધાનસભામાં રજૂ કરવામાં આવશે.

UCC નો ડ્રાફ્ટ તૈયાર કરવા માટે સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ જસ્ટિસ (નિવૃત્ત) રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી છે. આમાં કાયદો અને શિક્ષણ સહિત વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોનો સમાવેશ થાય છે. સમિતિ એક મહિનામાં પોતાનો અહેવાલ આપશે. 'વેસ્ટ બંગાળ પબ્લિક સેફ્ટી એન્ડ કંટ્રોલ ઓફ એન્ટી-સોશિયલ એક્ટિવિટીઝ બિલ, 2026' 176 મતોથી પસાર થયું. આ અંતર્ગત, જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ કમિશનર જાહેર સુરક્ષા માટે ખતરો ગણાતા લોકોને ટ્રાયલ વિના 12 મહિના સુધી અટકાયતમાં રાખવાનો આદેશ આપી શકશે.

હુલ્લડ કે હિંસામાં સરકારી અને ખાનગી સંપત્તિને નુકસાન પહોંચાડનારાઓ પાસેથી વળતર વસૂલવામાં આવશે. જરૂર પડ્યે તેમની સંપત્તિ જપ્ત કરીને હરાજી પણ કરી શકાશે. વિધાનસભાએ OBC અનામત સંબંધિત બે સુધારા બિલ પણ પસાર કર્યા. કોલકાતા હાઈકોર્ટના નિર્દેશ પર સર્વે વિના OBC યાદીમાં સામેલ કરાયેલા 113 સમુદાયોને હટાવવામાં આવ્યા છે. નવા સર્વે બાદ 66 સમુદાયોને યાદીમાં સામેલ કરવામાં આવ્યા.

હવે અલગ-અલગ કેટેગરીની જગ્યાએ માત્ર OBC કેટેગરી રહેશે. અનામતની ટકાવારી પણ 17% થી ઘટાડીને 7% કરવામાં આવી. સરકાર અને પછાત વર્ગ આયોગ મળીને OBC અનામતની ટકાવારી નક્કી કરશે. કુલ અનામત 50% થી વધુ નહીં હોય. સરકારનો દાવો છે કે તેનાથી નકલી OBC પ્રમાણપત્રો પર પણ રોક લાગશે. મતદાનમાં 186 ધારાસભ્યોએ બિલની તરફેણમાં અને 17 એ વિરોધમાં મત આપ્યો, જ્યારે 6 સભ્યો મતદાનથી દૂર રહ્યા.

UCC હેઠળ લગ્ન, છૂટાછેડા, વારસાઈ, સંપત્તિના વિભાજન અને દત્તક લેવા જેવા મામલાઓમાં ધર્મ આધારિત વ્યક્તિગત કાયદાઓની જગ્યાએ તમામ નાગરિકો માટે એક સમાન નાગરિક કાયદો લાગુ કરવાનો પ્રસ્તાવ છે. આ પહેલા મે મહિનામાં આસામ વિધાનસભામાં યુનિફોર્મ સિવિલ કોડ (UCC) બિલ પસાર કરવામાં આવ્યું હતું. આ સાથે આસામ દેશનું ત્રીજું એવું રાજ્ય બની ગયું છે. આ પહેલા ઉત્તરાખંડ અને ગુજરાત આવું કરી ચૂક્યા છે.

# બંગાળમાં પેટ્રોકેમિકલ્સની પાઇપલાઇનમાં આગ, 15 દાઝ્યા: 2ની હાલત ગંભીર.....

**હલ્દિયા, તા.30**



પશ્ચિમ બંગાળના હલ્દિયામાં સોમવારે મોડી રાત્રે 2:45 વાગ્યે નેફ્થા સપ્લાય કરતી પાઈપલાઈનમાં બ્લાસ્ટ બાદ આગ લાગી હતી. તેની ઝપેટમાં હલ્દિયા નગરપાલિકાના વોર્ડ-13ના ચિરંજીવપુર વિસ્તારના અનેક ઘરો આવી ગયા હતા. આ ઘટનામાં 15 લોકો દાઝી ગયા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, તમામ ઘાયલોને હલ્દિયા સબ-ડિવિઝનલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. 5 લોકોને તમલુક મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. તેમાંથી 2 લોકોની હાલત ગંભીર છે. આગ બુઝાવવા માટે 12થી વધુ ફાયર બ્રિગેડની ગાડીઓ પહોંચી હતી.

અધિકારીઓએ જણાવ્યું કે આગ સૌથી પહેલા હલ્દિયા પેટ્રોકેમિકલ્સની નેફ્થા પાઈપલાઈનમાં જોવા મળી હતી. થોડી જ વારમાં આગ આસપાસના રહેણાંક વિસ્તારમાં ફેલાઈ ગઈ. નજીકમાંથી રેલવે લાઇન પસાર થાય છે, આગના કારણે રેલવે વ્યવહાર પણ રોકવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, પાઈપલાઈનમાં આગ કયા કારણે લાગી તે જાણી શકાયું નથી. સમગ્ર વિસ્તારને કવર કરવામાં આવ્યો છે. આગને કારણે ઘટનાસ્થળ નજીક રેલવેની ઓવરહેડ વીજળી લાઈનના સાધનોને પણ નુકસાન થયું છે. ઘટના અંગે હલ્દિયા પેટ્રોકેમિકલ્સે નિવેદન આપ્યું છે. કંપનીએ જણાવ્યું કે, અકસ્માતમાં કેટલાક લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે અને કંપની અસરગ્રસ્ત લોકો અને વહીવટીતંત્રને શક્ય તમામ સહયોગ આપી રહી છે.

કંપનીના જણાવ્યા અનુસાર, પ્રારંભિક માહિતી સૂચવે છે કે આ ઘટના પ્લાન્ટ્સ નજીક નેપ્થાની ચોરીના સ્થળની આસપાસ બની હોઈ શકે છે. જોકે, આગ લાગવાના સાચા કારણોની તપાસ સંબંધિત એજન્સીઓ સાથે મળીને કરવામાં આવી રહી છે. કંપનીએ જણાવ્યું કે નેપ્થા અત્યંત જ્વલનશીલ હાઈડ્રોકાર્બન છે. કંપની અગાઉ પણ સ્થાનિક લોકોને પેટ્રોલિયમ ઉત્પાદનોના અનધિકૃત ઉપયોગ અથવા ચેડાંથી થતા ગંભીર જોખમ અંગે ચેતવણી આપતી રહી છે.

નેફ્થા પેટ્રોલિયમ (કાચા તેલ) ના રિફાઈનિંગ દરમિયાન મળતું હળવું પ્રવાહી હાઈડ્રોકાર્બન મિશ્રણ છે. તેનો રંગ સામાન્ય રીતે રંગહીન અથવા આછો પીળો હોય છે. તે પેટ્રોલ જેવી તીવ્ર ગંધવાળું અત્યંત જ્વલનશીલ પ્રવાહી છે.

# ટ્રમ્પે કહ્યું- પેટ્રોલ વેચનારી કંપની તરત પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટાડે: કહ્યું- ક્રૂડ ઓઇલ સસ્તું થઈ ગયું, છતાં ગ્રાહકો પાસેથી વધુ ભાવ લેવાઈ રહ્યા છે

**વૉશિંગ્ટન, તા.30**



અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પેટ્રોલ પંપ સંચાલકોને પેટ્રોલ-ડીઝલના ભાવ તાત્કાલિક ઘટાડવા જણાવ્યું છે. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર લખ્યું કે પેટ્રોલ પંપ સંચાલકો ગ્રાહકો પાસેથી જરૂરિયાત કરતાં વધુ પૈસા વસૂલી રહ્યા છે.

તેમણે કહ્યું કે જ્યારે તેલની કિંમતો ઘટી ગઈ છે, તો પેટ્રોલ-ડીઝલ પણ સસ્તું થવું જોઈએ. તેમણે ચેતવણી આપી કે જો ભાવ ઘટાડવામાં નહીં આવે તો સરકાર કાર્યવાહી કરશે. આ પહેલા ટ્રમ્પ અમેરિકી ન્યાય વિભાગને મોટી તેલ કંપનીઓની તપાસના આદેશ પણ આપી ચૂક્યા છે.

તેમનો આરોપ છે કે કંપનીઓ કાચું તેલ સસ્તું ખરીદી રહી છે, પરંતુ ગ્રાહકોને તેનો લાભ આપી રહી નથી. અમેરિકા-ઇઝરાયલ અને ઈરાન વચ્ચે તણાવ વધ્યા બાદ તેલની કિંમતોમાં ઉછાળો આવ્યો હતો. હવે ક્રૂડ ઓઈલની કિંમતો ઘટી ગઈ છે, પરંતુ પેટ્રોલ-ડીઝલ હજુ પણ મોંઘું વેચાઈ રહ્યું છે. ટ્રમ્પનું કહેવું છે કે તેનો ફાયદો સીધો સામાન્ય લોકોને મળવો જોઈએ.

હોર્મુઝમાંથી જહાજોની અવરજવર ઘટી: દરિયાઈ ટ્રેકિંગ કંપની કેપ્લરના આંકડા મુજબ, શનિવારે કુલ 29 માલવાહક જહાજો હોર્મુઝમાંથી પસાર થયા, જ્યારે રવિવારે આ સંખ્યા ઘટીને માત્ર 12 રહી ગઈ.

હોર્મુઝને લઈને ઈરાન અને ઓમાનની બેઠક: ઈરાન અને ઓમાને સોમવારે મસ્કતમાં જોઈન્ટ હોર્મુઝ કમિટીની પ્રથમ બેઠક કરી. આમાં હોર્મુઝ સ્ટ્રેટના સંચાલન અંગે ચર્ચા થઈ. ખામેનેઈના અંતિમ સંસ્કારમાં ભારતીય પ્રતિનિધિમંડળ હાજર રહેશે: ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનીના અંતિમ સંસ્કારમાં બિહારના રાજ્યપાલ જનરલ સૈયદ હસનૈન અને વિદેશ રાજ્ય મંત્રી પવિત્રા માર્ગેરિટા હાજર રહી શકે છે.

ઈરાન બોલ્યું- કતરમાં ફસાયેલા 6 અબજ ડોલર જલ્દી મળશે: ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાનએ કહ્યું છે કે કતરમાં ફસાયેલી ઈરાનની 12 અબજ ડોલરની રકમમાંથી 6 અબજ ડોલર જલ્દી જારી કરી દેવામાં આવશે.

કતારે કહ્યું છે કે અમેરિકાના વિશેષ દૂત જેરેડ કુશનર અને સ્ટીવ વિટકૉફ દોહા પહોંચ્યા છે. પરંતુ તેમની ઈરાની અધિકારીઓ સાથે રૂબરૂ કોઈ વાતચીત નહીં થાય.બંને અમેરિકી પ્રતિનિધિ કતરના અધિકારીઓને મળશે. તેમના દ્વારા અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી વાતચીતને આગળ વધારવા પર ચર્ચા થશે.

કતારે એ પણ કહ્યું કે ત્યાં જમા ઈરાનના 6 અબજ ડોલર હજુ સુધી તેહરાનને મોકલવામાં આવ્યા નથી. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે 17 જૂને ઈરાન સાથે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા. ત્યારબાદ અમેરિકા અને ઈઝરાયેલના ઘણા નેતાઓએ આ કરારની ટીકા કરી. ત્યારબાદ ઉપરાષ્ટ્રપતિ વેન્સ અને વિદેશ મંત્રી રુબિયો બંને અલગ-અલગ દેશોના પ્રવાસે ગયા અને કરારનો બચાવ કર્યો. જોકે, બંનેના નિવેદનોમાં કેટલાક તફાવત જોવા મળ્યા, જેનાથી એવી ચર્ચા શરૂ થઈ કે શું ટ્રમ્પ પ્રશાસન અંદર મતભેદ છે.

જેડી વેન્સ અને માર્કો રુબિયો બંને ટ્રમ્પ સરકારના સૌથી મોટા વિદેશ નીતિના ચહેરા છે. પરંતુ બંનેની વિચારસરણી પહેલાથી જ અલગ રહી છે.

જેડી વેન્સ માને છે કે અમેરિકાએ વિદેશી યુદ્ધોમાં ઓછો હસ્તક્ષેપ કરવો જોઈએ અને વાતચીત દ્વારા વિવાદો ઉકેલવા જોઈએ.

માર્કો રુબિયો લાંબા સમયથી ઈરાન જેવા દેશો સામે કડક વલણ અપનાવવાના પક્ષમાં રહ્યા છે. તેમને રિપબ્લિકન પાર્ટીના 'હોક' એટલે કે કડક વલણ રાખનારા નેતા માનવામાં આવે છે. દેખાયાવેન્સે ઈઝરાયેલને કહ્યું કે તે દરેક પડકારનો જવાબ માત્ર બોમ્બમારો કરીને આપી શકે નહીં. રુબિયોએ કહ્યું કે લેબનોનમાં ઈઝરાયેલની સૈન્ય કાર્યવાહી હિઝબુલ્લાહના હુમલાઓનો જવાબ છે.



# નવસારીમાં સૌથી વધુ 3.66 ઈંચ વરસાદ, ઘરોમાં પાણી ઘૂસ્યાં

## ધોલેરામાં પણ શરૂ, 48 કલાકમાં ચોમાસું ગુજરાતને કવર કરી લેશે, ભારેથી અતિભારે વરસાદની આગાહી








**ગાંધીનગર, તા.30**

ગુજરાતમાં સામાન્ય રીતે 15 જૂને સત્તાવાર રીતે ચોમાસું બેસી જતું હોય છે. પરંતુ, આ વર્ષે ચોમાસું 24 જૂને બેસ્યું હતું. મોડું બેસ્યા બાદ પણ દક્ષિણ ગુજરાતમાંથી આગળ ન વધતા જૂન મહિનામાં 80 ટકા વરસાદની ઘટ વર્તાઈ રહી છે. જો કે, હવે હવામાન વિભાગ દ્વારા ચોમાસાને લઈ થોડી રાહતના સમાચાર આવ્યા છે. જુલાઈ મહિનાની શરૂઆતમાં જ રાજ્યમાં વરસાદ ભુક્કા કાઢે તેવી શક્યતા છે. આવતીકાલ (1 જુલાઈ)થી રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. વરસાદની સાથે ભારે પવન ફૂંકાવાની અને વીજળી પડવાની પણ આગાહી કરવામાં આવી છે.

બીજી તરફ, આજે સવારના 6થી બપોરના 12 વાગ્યા સુધીમાં રાજ્યના 53 તાલુકમાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ નવસારીમાં 3.66 ઈંચ વરસાદથી કેટલાક ઘરોમાં પાણી ઘૂસી ગયાં હતાં અને સામાન પલળી ગયો હતો. સુરતમાં છેલ્લા 15 દિવસની લાંબી રાહ જોયા બાદ મોડીરાતથી વિધિવત ચોમાસું શરૂ થઈ ગયું છે. શરૂઆતના જ વરસાદમાં સ્માર્ટ સિટી સુરતના અનેક ગરનાળા, સોસાયટીઓ અને મુખ્ય માર્ગો બેટમાં ફેરવાઈ ગયા છે. સુરત ઉપરાંત નવસારી, અમરેલી, જૂનાગઢ, ઉના અને તાપી સહિતના પંથકોમાં પણ વહેલી સવારથી સાર્વત્રિક વરસાદ શરૂ થતાં અસહ્ય બફારાથી લોકોને રાહત મળી છે અને ધરતીપુત્રોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે.

સુરતમાં ચોમાસાની શરૂઆતમાં જ માત્ર 4 ઈંચ જેટલા વરસાદ ખાબકતાં મનપાની પ્રી-મોન્સૂન કામગીરી ધોવાઈ ગઈ છે. મોટા વરાછા વિસ્તારમાં તાજેતરમાં જ બનેલો આખેઆખો 400 મીટરનો રોડ જમીનમાં ધસી પડ્યો હતો, જ્યાં રસ્તા પર પડેલા ભયાનક ભુવામાં એક ચાલુ કાર અને ત્યારબાદ સમારકામ માટે આવેલી પાલિકાની જ મોટી ટ્રક ગરકાવ થઈ ગઈ હતી.

આ ઉપરાંત કતારગામ, ઉધના અને પર્વત પાટિયા જેવા વિસ્તારો બેટમાં ફેરવાઈ જતાં હજારો નોકરીયાતો કલાકો સુધી ટ્રાફિકજામમાં અટવાયા હતા. ભારે વરસાદ અને મીઠી ખાડીના પાણી બેક મારવાને કારણે ભગવાન મહાવીર યુનિવર્સિટી અને સરસ્વતી વિદ્યાલય જેવા શૈક્ષણિક કેમ્પસોમાં ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં માસૂમ વિદ્યાર્થીઓ ભારે હાલાકીમાં મુકાયા હતા. તંત્રની આ ઘોર બેદરકારી સામે સ્થાનિક જનતામાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.

દક્ષિણ ગુજરાતમાં આજે સવારથી જ નોંધપાત્ર વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા સુરત, નવસારી, ડાંગ, વલસાડ અને તાપી જિલ્લામાં આજે ઓરેન્જ એલર્ટ જાહેર કરી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, અમરેલી અને ભાવનગરમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આજની અમદાવાદની વાત કરીએ તો, અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ બની રહેશે અને કેટલીક જગ્યાએ હળવો વરસાદ વરસવાની શક્યતા છે.

1 અને 2 જુલાઈ માટેની આગાહીમાં છોટાઉદેપુર, ભરૂચ, નર્મદામાં યેલો એલર્ટ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે સુરત, નવસારી, ડાંગ, તાપી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલી માં ઓરેન્જ એલર્ટ સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

3 અને 4 જુલાઈ માટે રેડ એલર્ટ સાથે અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં રેડ એલર્ટ સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. નર્મદા, સુરત, નવસારી અને તાપીમાં ઓરેન્જ એલર્ટ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. વડોદરા અને છોટાઉદેપુર માં યેલો એલર્ટ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગના મતે આ વર્ષે રાજ્યમાં જૂન મહિનામાં 80 ટકા વરસાદની ઘટ વર્તાઈ રહી છે. આ વર્ષે જૂન મહિનામાં અત્યાર સુધી 19.9 mm વરસાદ થયો છે, જે સામાન્ય રીતે 110.8 mm હોવો જોઈએ. એટલે કે અત્યારની સ્થિતિ મુજબ વરસાદમાં 82% ની ઘટ છે.

છેલ્લા 5 વર્ષના ડેટા પર નજર કરીએ તો, 2021 અને 2022વર્ષોમાં ઓછો વરસાદ હતો. 2021ના જૂન મહિનામાં 98 mm વરસાદ થયો હતો. જે સામાન્ય કરતાં 13% ઓછો હતો.2022માં 51.5 mm વરસાદ થયો હતો. જે સામાન્ય કરતાં 54% ઓછો હતો. 2023જૂન મહિનામાં 229.2 mm વરસાદ થયો હતો, જે સામાન્ય કરતાં 107% વધુ હતો. 2024 જૂન મહિનામાં ઓછો વરસાદ થયો હતો. જેમાં 77.1 mm વરસાદ નોંધાયો હતો, જે સામાન્ય કરતાં 30% ઓછો હતો. 2025ના વર્ષે ફરી સારો વરસાદ થયો હતો. જૂન મહિનામાં 238.7 mm વરસાદ થયો હતો, જે સામાન્ય કરતાં 115% વધુ હતો. આ વર્ષે અત્યાર સુધીમાં માત્ર 19.9 mm વરસાદ સાથે 82% ની ઘટ ચાલી રહી છે, પરંતુ આગામી દિવસોમાં વરસાદની નવી સિસ્ટમ સક્રિય થઈ રહી છે.

# સુરેન્દ્રનગરના પૂર્વ-કલેક્ટર રાજેન્દ્ર પટેલે પુરાવાનો નાશ કરવા ગુગલમાં સર્ચ કર્યું

## EDએ કહ્યું-મોબાઈલમાંથી 800 ફોટો મળ્યા, લાંચના વહીવટ પર નજર રાખતા; હાઈકોર્ટે જામીન અરજી ફગાવી

**સુરેન્દ્રનગર, તા.30**

સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર રાજેન્દ્ર પટેલની જામીન અરજીને હાઈકોર્ટે ફગાવી દીધી છે, જેમાં રાજેન્દ્ર પટેલના વકીલ અને EDએ દલીલો રજૂ કરી હતી. EDની દલીલ અનુસાર, આરોપીના મોબાઈલમાંથી 800 જેટલા ફોટા મળી આવ્યા છે, તેઓ લાંચના વહીવટ પર સીધી નજર રાખતા હતા. એટલું જ નહીં, કાયદાકીય સકંજામાંથી બચવા અને પોતાની સામેના પુરાવાનો નાશ કરવા માટે તેમણે ગૂગલ પર હાઉ ટુ રીસેટ સેમસંગ S24 અલ્ટ્રા સર્ચ પણ કર્યું હતું.



ગુજરાત હાઈકોર્ટે ED દ્વારા દાખલ PMLA કેસમાં સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર રાજેન્દ્ર પટેલની જામીન અરજી નકારી નાખી છે. તેઓ પર આક્ષેપ છે કે સુરેન્દ્રનગર કલેક્ટર કચેરીમાં ખેતીની જમીનને બિન-ખેતીમાં ફેરવવા માટે લાંચનું એક નિશ્ચિત માળખું અને દર નક્કી કરવામાં આવ્યો હતો.

આ ગેરકાયદેસર લાંચની કુલ રકમમાંથી 50% હિસ્સો કલેક્ટરને, 25 ટકા નિવાસી અધિક કલેક્ટરને અને બાકીનો હિસ્સો અન્ય સ્ટાફને મળતો હતો. અરજદારના કાર્યકાળ દરમિયાન કલેક્ટર કચેરીમાં 501 CLU અરજીઓ પ્રક્રિયા હેઠળ લાવવામાં આવી હતી, જેમાં કુલ ગુનાની કમાણી 7.14 કરોડ આંકવામાં આવી છે. જેમાંથી સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર રાજેન્દ્ર પટેલનો 50 ટકા હિસ્સો આશરે 3 કરોડથી વધુનો થવા જાય છે. આ મામલે એન્ટી કરપ્શન બ્યુરો સુરેન્દ્રનગર ખાતે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ પણ ગુનો નોંધાયો હતો.

અરજદાર સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર રાજેન્દ્ર પટેલ વતી કોર્ટ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી કે, તેમને ખોટી રીતે સંડોવી દેવામાં આવ્યા છે અને કોઈપણ ખેડૂત કે ભોગ બનનારનું નિવેદન લેવાયું નથી. આ મામલાના મુખ્ય ગુનામાં હજુ સુધી ચાર્જશીટ દાખલ થઈ નથી અને મુખ્ય ગુના વગર માત્ર PMLA હેઠળ કેસ ચલાવી શકાય નહીં. અન્ય સહ-આરોપીઓની ધરપકડ કરવામાં આવી નથી, તેથી સમાનતાના આધારે જામીન મળવા પાત્ર છે. અરજદારની તબિયત સારી ન હોવાથી તબીબી આધારો પર પણ જામીન આપવા વિનંતી કરવામાં આવી હતી.

ED તરફથી સામે દલીલ કરવામાં આવી હતી કે, અરજદાર કલેક્ટર હોવાથી ઓફિસના સર્વોચ્ચ વડા હતા અને મની લોન્ડરિંગના આ આખા રેકેટના મુખ્ય સૂત્રધાર છે. તેમની પાસે ડિજિટલ પુરાવા તરીકે પર્સનલ મોબાઈલમાંથી CLU ફાઈલોના 800 જેટલા ફોટા મળી આવ્યા છે, જેના દ્વારા તેઓ લાંચના વહીવટ પર નજર રાખતા હતા.

વધુમાં કહ્યું હતું કે, EDના દરોડાના આગલા જ દિવસે અરજદારે પુરાવાનો નાશ કરવા માટે ગુગલ પર 'how to reset Samsung S24 Ultra' સર્ચ કર્યું હતું, જે તેમનું શંકાસ્પદ વર્તન દર્શાવે છે. આ ગેરકાયદેસર નાણાં પત્નીના નામે સ્થાવર મિલકતો અને દાગીના ખરીદવામાં રોકવામાં આવ્યા છે. મની લોન્ડરિંગ એ એક સ્વતંત્ર ગુનો છે અને મુખ્ય ગુનામાં ચાર્જશીટ ન થઈ હોય તો પણ PMLA હેઠળ કાર્યવાહી થઈ શકે છે.

હાઈકોર્ટે નોંધ્યું કે, અરજદાર સામે PMLAની કલમ 45 હેઠળની બેવડી શરતો સંતોષાતી નથી એટલે કે પ્રથમ દ્રષ્ટિએ અરજદાર નિર્દોષ હોય તેવું માનવાને કોઈ વ્યાજબી કારણ નથી. ભ્રષ્ટાચાર અને આર્થિક ગુનાઓ દેશના અર્થતંત્ર તેમજ લોકશાહીના પાયાને નુકસાન પહોંચાડે છે. અરજદારે વહીવટી વડા તરીકે પ્રામાણિકતાથી કામ કરવાને બદલે ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપ્યું હતું.

પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ અને સાક્ષીઓને પ્રભાવિત કરવાની સંભાવનાને નકારી શકાય નહીં. અરજદારની તબીબી સ્થિતિ કોઈ જીવલેણ બીમારી ધરાવતી નથી અને જેલની અંદર તેની સારવાર થઈ શકે તેમ છે. હાઈકોર્ટે સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર રાજેન્દ્ર પટેલની જામીન અરજી નકારી નાખી હતી.

# અમદાવાદના તળાવોમાં સુરક્ષાને લઈને SOP જાહેર: બોટિંગ સ્થળે એક ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર, લાઈફ જેકેટ ફરજિયાત

**અમદાવાદ, તા.30**

રાજ્યમાં આવેલા તળાવોમાં અનેક દુર્ઘટનાઓ બની હતી જેના કારણે નાગરિકોએ જીવ ગુમાવવા પડ્યા હતા. અમદાવાદમાં આવેલા તળાવોમાં જાહેર સુરક્ષા અને ડેવલોપમેન્ટને લઈને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) જાહેર કરવામાં આવી છે. સૌથી મહત્વનો મુદ્દો જે સ્થળે બોટિંગ પ્રવૃત્તિ થતી હશે, બોટિંગ સ્થળે એક ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર કાર્યરત કરવાનો છે.



બોટમાં ક્રૂ મેમ્બર સહિત તમામ પેસેન્જરોએ લાઈફ જેકેટ ફરજિયાત પહેરવું પડશે. ટ્રેઈન્ડ અને ક્વોલીફાઈડ વ્યક્તિ જ ક્રૂ ચલાવી શકશે. કેટલા લોકો બેસી શકે છે તેની ક્ષમતા સ્પષ્ટ પણે દર્શાવવી પડશે. દરેક તળાવ અને ગાર્ડન પર સિક્યુરિટી પણ મૂકવામાં આવશે અને તેમને પોલીસ અને ફાયરની મદદ કેવી રીતે લેવી તેની પણ ટ્રેનિંગ. મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ તળાવોને લઈ બહાર પાડવામાં આવેલી SOPનો ચુસ્ત અમલ થાય તેના માટે પ્રોજેક્ટ લેવલની કમિટી, ઝોનલ લેવલ કમિટી તથા સબ ઝોન લેવલ કમિટીની જાહેરાત કરી છે. જેમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (વોટર રિસોર્સ મેનેજમેન્ટ), ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (ઝોન), આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર સબ ઝોન નોડલ ઓફિસર તરીકે ફરજ બજાવશે.

પ્રોજેક્ટ લેવલ કમિટીમાં ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ, ચીફ ફાયર ઓફિસર સહિત કુલ 9 સભ્યો રહેશે. દર મહિને આ કમિટી રિવ્યૂ બેઠક કરશે. ઝોન લેવલે દર 15 દિવસે અને સબ ઝોન લેવલે દર સપ્તાહે બોટિંગ પ્રવૃત્તિને લઈ રિવ્યૂ કરવામાં આવશે. બોટમાં ક્રૂ મેમ્બર સહિત તમામ પેસેન્જરોએ લાઈફ જેકેટ ફરજિયાત પહેરવું પડશે. ટ્રેઈન્ડ અને ક્વોલીફાઈડ વ્યક્તિ જ ક્રૂ ચલાવી શકશે. કેટલા લોકો બેસી શકે છે તેની ક્ષમતા સ્પષ્ટ પણે દર્શાવવી પડશે. દરેક તળાવ અને ગાર્ડન પર સિક્યુરિટી પણ મૂકવામાં આવશે અને તેમને પોલીસ અને ફાયરની મદદ કેવી રીતે લેવી તેની પણ ટ્રેનિંગ. મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ તળાવોને લઈ બહાર પાડવામાં આવેલી SOPનો ચુસ્ત અમલ થાય તેના માટે પ્રોજેક્ટ લેવલની કમિટી, ઝોનલ લેવલ કમિટી તથા સબ ઝોન લેવલ કમિટીની જાહેરાત કરી છે.

# છારા ગેંગના મુખ્ય આરોપી અજુબાની પત્ની દિવ્યા ગાંગડેકરની ધરપકડ....

## કૃષ્ણનગરમાં લૂંટ કરનાર આરોપીના વર્ણન પરથી ગેંગની ઓળખ થઈ, 25 લાખ રોકડા મળ્યા

**અમદાવાદ, તા.30**

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં કૃષ્ણનગર વિસ્તારમાં મારુતિ પ્લાઝા પાસે અકસ્માતનું બહાનું કાઢીને વેપારીની કારનો કાચ તોડીને રૂપિયા 50 લાખની નજર ચૂકવીને ચોરીના કેસમાં પોલીસે મુખ્ય આરોપી અજય ઉર્ફે અજુબા ગાંગડેકરની પત્ની દિવ્યા ગાંગડેકરની રૂ. 25 લાખ સાથે ધરપકડ કરી છે. ચોરી કર્યા બાદ આરોપીઓ દિવ્યાને મુદ્દા માલ આપીને ફરાર થઈ ગયા હતા. મુખ્ય આરોપી અજય ઉર્ફે અજુબા સામે અગાઉનો ગુજસીટોકનો ગુનો પણ દાખલ થયો છે. પોલીસે છારા ગેંગના સંડોવણીની શંકાના આધારે તપાસ કરીને અજય સુધી પહોંચી તેની પત્નીની તપાસ કરતા મુદ્દામાલ સાથે મળી આવી હતી.



ઝોન 5 ડીસીપી જીતેન્દ્ર અગ્રવાલએ જણાવ્યું હતું કે, 27 જૂનના રોજ બપોરના સમયે કેયુર પટેલ નામના વેપારી બાપુનગર આંગડિયા પેઢીમાંથી 50 લાખ રૂપિયા લઈને જતા હતા ત્યારે મારુતિ પ્લાઝા પાસે અકસ્માતનું બહાનું કરીને કારનો કાચ તોડી રૂપિયા ભરેલી બેગ લઈને ત્રણ શખ્સો ફરાર થઈ ગયા હતા. ઝોન 5 એલસીબી અને કૃષ્ણનગર પોલીસની ટીમ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસે ફરિયાદીને આરોપીઓની ઓળખ કરવા માટે આ પ્રકારે ચોરીના ગુના કરવાવાળા આરોપીઓની ફોટા બતાવીને ઓળખ કરાવવામાં આવી હતી.

જ્યારે આરોપી ફરાર થતા હતા ત્યારે અજુબા નામ લેવામાં આવ્યું હતું, ત્યારે છારા ગેંગના અજય ઉર્ફે અજુબા ગાંગડેકરની સંડોવણી હોવાનું ખુલ્યું હતું. જેના આધારે પોલીસ દ્વારા અજયની તપાસ કરવામાં આવી હતી અને તેની પત્ની દિવ્યાની પૂછપરછ અને તેની તપાસ કરતાં તેની પાસેથી 25 લાખ રૂપિયા રોકડા મળી આવ્યા હતા. તેથી પોલીસે મહિલાની મુદ્દામાલ સાથે ધરપકડ કરી લેવામાં આવી છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આરોપી અજય ઉર્ફે અજુબા ગાંગડેકર છારા ગેંગ ચલાવે છે. અજય ઉર્ફે અજુબા અને તેના સાગરિતો સામે ગુજસીટોકનો ગુનો દાખલ થયેલો છે. આરોપી અજય અને તેના સાગરિતો દ્વારા નજર ચૂકવીને ચોરી કર્યા બાદ તમામ મુદ્દા માલ અજયની પત્ની દિવ્યાને આપીને ફરાર થઈ ગયા હતા. દિવ્યા તમામ મુદ્દા માલને સાચવવાની અને તેના સાગરીતોના પરિવારજનોને પહોંચાડવાની વ્યવસ્થા કરે છે.

જો ગેંગના આરોપીઓ પકડાઈ જાય તો તેમના જામીન કરાવવાથી લઈને વકીલને પૈસા આપવા તમામ પ્રકારની વ્યવસ્થા પણ દિવ્યા જ કરે છે. દિવ્યા મુદ્દામાલ સાચવવાનું અને તેના ભાગ પાડવાનું પણ કામ કરતી હતી અને ચોરીનો તમામ મુદ્દામાં તેને જ આપવામાં આવતો હતો. પોલીસે દિવ્યાની ધરપકડ કરી વધુ પૂછપરછ શરૂ કરવામાં આવી છે અને બાકીના ફરાર આરોપીઓની શોધખોળ શરૂ કરાઈ છે.

# 'ગામમાં વરસાદ છે'ની ઈન્સ્ટા રીલ મૂકી અને ચોર દંપતી દબોચાયું

## સુરતમાં લાખોની ઘરફોડ ચોરી કરી 2 વર્ષથી નાસતા ફરતા પતિ-પત્ની આંધ્રપ્રદેશથી ઝડપાયા

**સુરત, તા.30**

સુરતમાં ક્રાઈમની દુનિયામાં એક ચોંકાવનારો અને રસપ્રદ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સચિન GIDC વિસ્તારમાં આવેલી જ્વેલર્સની દુકાનમાંથી લાખો રૂપિયાના સોના-ચાંદીના દાગીનાની ઘરફોડ ચોરી કરી છેલ્લા 2 વર્ષથી પોલીસને થાપ આપી નાસતા ફરતા શાતિર પતિ-પત્નીને આખરે ઈન્સ્ટાગ્રામ રીલ્સે જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.



આરોપી દંપતી સોશિયલ મીડિયા પર રીલબાજી કરવાનું બંધ કરી શક્યું ન હતું. ચોરીના ગુનામાં ફરાર હોવા છતાં તેઓ અવારનવાર વીડિયો અપલોડ કરતા હતા. આ ઈન્સ્ટાગ્રામ રીલ અને સોશિયલ મીડિયા પ્રોફાઈલ જ પોલીસ માટે વરદાન સાબિત થઈ અને સચિન GIDC પોલીસે આંધ્રપ્રદેશના અંતરિયાળ વિસ્તારમાંથી બંનેની ધરપકડ કરી લીધી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, આ નાસતા ફરતા આરોપીઓ સતત પોતાના લોકેશન બદલતા રહેતા હતા. પરંતુ, ગત 18 જૂનના રોજ આરોપીઓએ ઈન્સ્ટાગ્રામ પર એક છેલ્લી રીલ અપલોડ કરી હતી, જેમાં બેકગ્રાઉન્ડમાં 'ગામમાં વરસાદ પડી રહ્યો છે' તેવું દ્રશ્ય બતાવવામાં આવ્યું હતું. આ રીલના આધારે પોલીસે ટેકનિકલ વર્કઆઉટ અને હ્યુમન સોર્સીસ એક્ટિવ કર્યા હતા.

ડિજિટલ ફૂટપ્રિન્ટ્સ ટ્રેક કરતાં માલૂમ પડ્યું કે, આ દંપતી આંધ્રપ્રદેશ રાજ્યના પ્રકાશમ જિલ્લાના મુન્દલામુરૂ ખાતે છુપાયેલું છે. આ સિવાય, ગત 21મે 2026ના રોજ અપલોડ થયેલી એક રીલમાં આરોપી પોતાના હાથમાં 500 અને 100ની ચલણી નોટો બતાવીને રોફ જમાવતો પણ નજરે પડ્યો હતો, જેનાથી પોલીસનો શંકાનો દાયરો મજબૂત બન્યો હતો.

સચિન GIDC પોલીસે BNSSની કલમ-72 મુજબ 2 વર્ષથી નાસતા ફરતા પતિ-પત્નીની ધરપકડ કરી છે. પકડાયેલા આરોપીઓમાં વિકાસકુમાર રામધની યાદવ (ઉંમર વર્ષ: 23) અને અનન્યાસિંગ વિકાસકુમાર યાદવ (ઉંમર વર્ષ: 24) બંને રહેવાસી: માન માધવ સ્કૂલની સામે, વિજયપુરગામ, થાના વિન્ધ્યાચલ, જિલ્લો: મિર્જાપુર, ઉત્તર પ્રદેશ છે. આ બંને આરોપીઓ સુરતમાં રૂ. 6,11,801ની મત્તાના સોના-ચાંદીના દાગીનાની ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલા હતા.

આ સમગ્ર ઘટનાની વિગત એવી છે કે, મૂળ ઉત્તર પ્રદેશના જોનપુરના વતની અને હાલ સુરતના ડિંડોલી વિસ્તારમાં કૈલાશ રેસિડેન્સીમાં રહેતા 38 વર્ષીય જીતેન્દ્ર છન્નુલાલ શેઠે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જીતેન્દ્ર શેઠ સચિન GIDC, શિવનગર ગેટની સામે પ્લોટ નં. 148 ખાતે 'શિવમ જ્વેલર્સ' નામની સોના-ચાંદીની દુકાન ચલાવે છે. આ દુકાન તેમણે થોડા સમય પહેલા જ શરૂ કરી હોવાથી તેનો અલગ GST નંબર ન હતો, આથી તેઓ પોતાની બીજી દુકાન 'સ્વસ્તિક જ્વેલર્સ' ના નામે સોના-ચાંદીની ખરીદી કરી માલ અહીં વેચાણ માટે રાખતા હતા.

ઘટનાના દિવસે, એટલે કે તા. 30 જૂન 2024ના રોજ બપોરે 1 વાગ્યે જીતેન્દ્રભાઈ દુકાને આવ્યા હતા અને રાત્રે 8:30 વાગ્યે દુકાન બંધ કરી ઘરે ગયા હતા. બીજા દિવસે 1 જુલાઈ 2024ની સવારે સાડા સાત વાગ્યે દુકાનની ઉપર રહેતા રોહિત ઠાકુરે ફોન કરીને જણાવ્યું કે, 'તમારી દુકાનનું શટર એક બાજુથી વળેલું છે અને ચોરી થઈ હોય તેમ લાગે છે.'

જીતેન્દ્રભાઈએ તાત્કાલિક દુકાને આવીને જોયું તો અંદરથી સોના અને ચાંદીના દાગીના ગાયબ હતા. દુકાનના CCTV ફૂટેજ ચેક કરતાં માલૂમ પડ્યું કે રાત્રિના આશરે 3 વાગ્યાના અરસામાં 3 અજાણ્યા ઈસમો લોખંડના સળિયાથી શટર વાળીને અંદર ઘૂસ્યા હતા અને બેગમાં દાગીના ભરીને ફરાર થઈ ગયા હતા.

દુકાનમાંથી ચોરી થયેલા માલની ખરાઈ કરવા માટે ફરિયાદીએ ઘરે જઈને બિલ શોધ્યા હતા. બિલ મુજબ, 18 કેરેટના સોનાના દાગીના (વજન 84.420 ગ્રામ, કિંમત રૂ. 5,00,000 GST સહિત) અને ચાંદીના દાગીના (વજન 10.853 કિલોગ્રામ, કિંમત રૂ. 5,78,940 GST સહિત) મળીને કુલ રૂ. 10,78,940 ની મત્તાની ચોરી થઈ હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. જો કે, જે તે સમયે ચોરીના આ આંકડા અને કલમોની તપાસ દરમિયાન રૂ. 6,11,801 ની ચોરીના ગુનામાં આ દંપતી મુખ્ય આરોપી તરીકે સામે આવ્યું હતું અને ત્યારથી તેઓ નાસતા ફરતા હતા.

છેલ્લા 2 વર્ષથી પોલીસને હાથતાળી આપી રહેલા આ દંપતીને પકડવા માટે સચિન GIDC પોલીસની ટીમે સતત સોશિયલ મીડિયા પર વોચ ગોઠવી હતી. આરોપીઓની ઈન્સ્ટાગ્રામ આઈડી ડિટેક્ટ થયા બાદ તેમની રોજબરોજની એક્ટિવિટી ટ્રેક કરવામાં આવી રહી હતી. અંતે, ટેકનિકલ સેલની મદદ અને સ્થાનિક હ્યુમન સોર્સિસના સચોટ ઈનપુટ્સના આધારે પોલીસે આંધ્રપ્રદેશના પ્રકાશમ જિલ્લામાં દરોડો પાડી બંનેને દબોચી લીધા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# અમારું પાણી રોક્યું તો હાથ કાપી નાખીશું: પાણી માટે તરફડિયાં મારતાં પાકિસ્તાને ફરી આપી ખોખલી ધમકી, ભારત વિરુદ્ધ ઝેર ઓક્યું

**ઈસ્લામાબાદ, તા.30**

પાકિસ્તાને સિંધુ જળ સંધિ પર ફરી એકવાર ભારતને ધમકી આપી છે. પાકિસ્તાનના જળવાયુ પરિવર્તન મંત્રી મુસાદિક મલિકે કહ્યું કે જો કોઈએ પાકિસ્તાનના હિસ્સાનું પાણી રોકવાનો પ્રયાસ કર્યો તો અમે તે હાથ કાપી નાખીશું. તેમણે દાવો કર્યો કે ભારત પાકિસ્તાનના હિસ્સાનું પાણી રોકવા માગે છે.

જ્યારે અતાઉલ્લાહ તરારે કહ્યું કે સિંધુ જળ સંધિ કાયદેસર રીતે હજુ પણ લાગુ છે. તેમના મતે, ભારત તેને ન તો એકતરફી સ્થગિત કરી શકે છે, ન રદ કરી શકે છે અને ન તો તેમાં ફેરફાર કરી શકે છે.

પાકિસ્તાની મંત્રીઓએ જણાવ્યું કે મંગળવારે ઈસ્લામાબાદમાં સિંધુ જળ સંધિ પર પ્રથમ આંતરરાષ્ટ્રીય સેમિનાર આયોજિત કરવામાં આવશે. આમાં કાનૂની નિષ્ણાતો, જળ નિષ્ણાતો અને વિદેશી પ્રતિનિધિઓ ભાગ લેશે. સેમિનારમાં સંધિના કાનૂની અને તકનીકી પાસાઓ પર ચર્ચા થશે.

ડોન અનુસાર, તરારે કહ્યું કે આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ પાકિસ્તાનના અધિકારો સુરક્ષિત છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન શાહબાઝ શરીફ અને સેના પ્રમુખ



ફિલ્ડ માર્શલ આસિમ મુનીર પહેલા પણ સ્પષ્ટ કરી ચૂક્યા છે કે પાણી આપણી જીવનરેખા છે અને તે આપણી રેડ લાઈન પણ છે.

પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે 21 જૂને સિંધુ જળ સંધિ સ્થગિત રહેવા અંગે ભારતને ધમકી આપી હતી. પાકિસ્તાની ચેનલ ARY ન્યૂઝ સાથેની વાતચીતમાં આસિફે કહ્યું કે જો પાકિસ્તાનને લાગશે કે તેની જળ સુરક્ષા જોખમમાં છે, તો તે ભારત વિરુદ્ધ યુદ્ધ છેડી શકે છે.

તેમણે આરોપ લગાવ્યો કે ભારત પાકિસ્તાનના હિસ્સાના પાણીના પ્રવાહમાં દખલ કરી રહ્યું છે અને વ્યૂહાત્મક હથિયાર તરીકે તેનો ઉપયોગ કરી રહ્યું છે. જોકે, તેમણે એ પણ સ્વીકાર્યું કે છેલ્લા એક વર્ષમાં આ મામલે શું નવા ઘટનાક્રમ થયા છે, તેની તેમને સંપૂર્ણ જાણકારી નથી.

એપ્રિલ 2025માં પહેલગામ આતંકી હુમલામાં 26 લોકોના મોત બાદ ભારતે 1960ની સિંધુ જળ સંધિને સ્થગિત કરી દીધી હતી. ભારતનું કહેવું છે કે જ્યાં સુધી પાકિસ્તાન સરહદ પાર આતંકવાદ વિરુદ્ધ નક્કર કાર્યવાહી નહીં કરે, ત્યાં સુધી સંધિ ફરીથી શરૂ કરવામાં આવશે નહીં.

સિંધુ નદી પ્રણાલીમાં કુલ 6 નદીઓ છે - સિંધુ, ઝેલમ, ચિનાબ, રાવી, બિયાસ અને સતલુજ. તેના કિનારાનો વિસ્તાર લગભગ 11.2 લાખ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો છે. તેમાં 47% જમીન પાકિસ્તાન, 39% જમીન ભારત, 8% જમીન ચીન અને 6% જમીન અફઘાનિસ્તાનમાં છે. આ તમામ દેશોના લગભગ 30 કરોડ લોકો આ વિસ્તારોમાં રહે છે.

1947માં ભારત અને પાકિસ્તાનના ભાગલા પહેલાથી જ ભારતના પંજાબ અને પાકિસ્તાનના સિંધ પ્રાંત વચ્ચે નદીઓના પાણીની વહેંચણીનો ઝઘડો શરૂ થઈ ગયો હતો. 1947માં ભારત અને પાકિસ્તાનના ઈજનેરો વચ્ચે 'સ્ટેન્ડસ્ટિલ કરાર' થયો. આ અંતર્ગત બે મુખ્ય નહેરોમાંથી પાકિસ્તાનને પાણી મળતું રહ્યું. આ કરાર 31 માર્ચ 1948 સુધી ચાલ્યો.

1 એપ્રિલ 1948 ના રોજ જ્યારે કરાર અમલમાં ન રહ્યો ત્યારે ભારતે બંને નહેરોનું પાણી રોકી દીધું. આનાથી પાકિસ્તાનના પંજાબ પ્રાંતની 17 લાખ એકર જમીન પર ખેતી બરબાદ થઈ ગઈ. ફરીથી થયેલા કરારમાં ભારત પાણી આપવા સંમત થયું.

આ પછી 1951 થી 1960 સુધી વર્લ્ડ બેંકની મધ્યસ્થીમાં ભારત-પાકિસ્તાન વચ્ચે પાણીની વહેંચણી અંગે વાતચીત ચાલી અને આખરે 19 સપ્ટેમ્બર 1960 ના રોજ કરાચીમાં ભારતના PM નેહરુ અને પાકિસ્તાનના રાષ્ટ્રપતિ અયુબ ખાન વચ્ચે હસ્તાક્ષર થયા. આને ઈન્ડસ વોટર ટ્રીટી અથવા સિંધુ જળ સંધિ કહેવાય છે.

પાકિસ્તાનમાં ખેતીની 90% જમીન એટલે કે 4.7 કરોડ એકર વિસ્તારમાં સિંચાઈ માટે પાણી સિંધુ નદી પ્રણાલીમાંથી મળે છે. પાકિસ્તાનની રાષ્ટ્રીય આવકમાં કૃષિ ક્ષેત્રનો હિસ્સો 23% છે અને તેનાથી 68% ગ્રામીણ પાકિસ્તાનીઓની આજીવિકા ચાલે છે. આવી સ્થિતિમાં પાકિસ્તાનમાં સામાન્ય લોકોની સાથે-સાથે ત્યાંની કથળતી અર્થવ્યવસ્થા વધુ ખરાબ થવા લાગી છે.

પાકિસ્તાનના મંગલા અને તારબેલા હાઈડ્રોપાવર ડેમને પાણી મળી રહ્યું નથી. આનાથી પાકિસ્તાનના વીજ ઉત્પાદનમાં 30% થી 50% સુધીનો ઘટાડો આવી શકે છે. સાથે જ ઔદ્યોગિક ઉત્પાદન અને રોજગાર પર અસર પડશે.

# યુરોપિયન દેશોમાં ગરમીથી મૃત્યુ વધવાનું જોખમ: ફ્રાન્સમાં કાર્ડિયાક અરેસ્ટના કેસ ચાર ગણા વધ્યા, ઘણા દેશોમાં ટ્રેન, ન્યુક્લિયર પ્લાન્ટ બંધ

**લંડન, તા.30**

યુરોપ આ સમયે ભીષણ ગરમીની ઝપેટમાં છે. તેની અસર હવે ફક્ત લોકોના સ્વાસ્થ્ય સુધી મર્યાદિત રહી નથી, પરંતુ અર્થતંત્ર અને માળખાકીય સુવિધાઓ પર પણ સ્પષ્ટપણે દેખાવા લાગી છે. પશ્ચિમી યુરોપનું રેલ નેટવર્ક અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ફ્રાન્સમાં ઘણા પરમાણુ રિએક્ટર બંધ કરી દેવામાં આવ્યા છે અથવા તેમની ક્ષમતા ઘટાડી દેવામાં આવી છે, કારણ કે તેઓ નદીઓમાં અત્યંત ગરમ પાણી છોડી રહ્યા છે.

ફ્રાન્સના એક ઓટોમોબાઈલ પ્લાન્ટમાં યુનિયન નેતાઓએ ફેક્ટરી ફ્લોર પર અસહ્ય ગરમીના કારણે હડતાળની જાહેરાત કરી છે.

ફ્રાન્સ અને ઈટાલીમાં વીજળીઘરો બંધ થવાથી સેંકડો વિસ્તારોમાં વીજળી પુરવઠાને અસર થઈ છે. નિષ્ણાતોનું માનવું છે કે જો ગરમીનો આ દોર ચાલુ રહ્યો તો ઘણા યુરોપિયન દેશોની અર્થવ્યવસ્થા પર અસર પડી શકે છે અને મૃત્યુદર પણ વધી શકે છે. શહેરોમાં સ્થિતિ વધુ ગંભીર છે. જાડી દિવાલોવાળી જૂની ઈમારતો દિવસભરની ગરમી શોષીને રાત સુધી ગરમ રહે છે, જેનાથી



એપાર્ટમેન્ટ ભઠ્ઠી જેવા બની ગયા છે. ગરમીથી પરેશાન લોકો અડધી રાત પછી પાર્કમાં ફરી રહ્યા છે. ઘણા લોકો રાહત માટે હોટલોમાં પણ રોકાઈ રહ્યા છે.

પેરિસમાં રાજકીય પર્યાવરણના નિષ્ણાત ફ્રાંસ્વા જેમેને કહે છે, 'દરેક વ્યક્તિ એ જ પૂછી રહી છે કે આપણે આ સ્થિતિ માટે તૈયાર કેમ નહોતા.' એક સપ્તાહથી વધુ સમયથી ચાલી રહેલી આ હીટવેવે બ્રિટન, ફ્રાન્સ અને સ્પેનમાં તાપમાનના ઘણા રેકોર્ડ તોડી નાખ્યા છે. દુનિયાના સૌથી ઝડપથી ગરમ થઈ રહેલા ખંડની મોટાભાગની ઈમારતો અને માળખાકીય સુવિધાઓ ઠંડા હવામાનને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી હતી. જૂના ભવનોમાં ગરમી શોષી લેતી નિર્માણ સામગ્રીનો ઉપયોગ થયો છે. તેમાં બાહ્ય શટર જેવી વ્યવસ્થાઓ પણ ઓછી છે, જેનાથી ગરમી ઈમારતોની અંદર જ રહીને મુશ્કેલીઓ વધારી રહી છે.

ફ્રાન્સના સ્વાસ્થ્ય મંત્રી સ્ટીફેની રિસ્ટ અનુસાર કાર્ડિયાક અરેસ્ટના કેસોમાં ચાર ગણો વધારો થયો છે. પહેલા 5 થી 10 કેસ આવતા હતા, હવે 20 થી 30 આવી રહ્યા છે. 2023ના એક અભ્યાસ મુજબ ગરમીથી મૃત્યુનું જોખમ ફ્રાન્સ, સ્પેન અને ઈટાલીમાં વધુ છે.

જર્મન ઈન્સ્યોરન્સ કંપની એલાયન્ઝના રિપોર્ટમાં ઈટાલી, ફ્રાન્સ, જર્મની અને સ્પેનને ગરમીના કારણે સૌથી વધુ આર્થિક નુકસાન થયું હોવાનું જણાવાયું છે.

ગરમીના કારણે તાપમાન એટલું વધી ગયું કે ફ્રાન્સમાં ચાર પરમાણુ વીજળી ઘરોના રિએક્ટર પણ બંધ કરવા પડ્યા છે.

ગરમી વધવાથી જર્મની, સ્વિટ્ઝર્લેન્ડ અને બ્રિટનમાં ટ્રેનો રદ કરવી પડી છે. કેટલાક અન્ય દેશોમાં ટ્રેનની ઓનબોર્ડ સિસ્ટમ ગરમી સહન કરી શકતી નથી.

ફ્રાન્સે 52 ઉપાયો સાથે ગયા વર્ષે 388 પાનાની યોજના બહાર પાડી છે. લંડનમાં આ સપ્તાહે ગરમીથી બચાવવાનો પ્લાન રજૂ કરવામાં આવ્યો છે.

# ટેક્સાસ ડેટા સેન્ટર, 47 લાખ કરોડનો પ્રોજેક્ટ: ચીન સાથેની સ્પર્ધામાં ટ્રમ્પ, સુરક્ષાની અવગણનાથી સાઈટ પર 8,000 કામદારોને ખતરો

**એબિલીન, તા.30**

દુનિયાની AI રેસ હવે માત્ર ટેક કંપનીઓ અને સુપરપાવર દેશોની લડાઈ નથી રહી. તેની કિંમત નિર્માણ સાઈટ્સ પર કામ કરી રહેલા કામદારો પણ ચૂકવી રહ્યા છે. અમેરિકાના ટેક્સાસ સ્થિત એબિલીનમાં બની રહેલું સ્ટારગેટ ડેટા સેન્ટર 500 અબજ ડોલર (47.18 લાખ કરોડ રૂપિયા)નો મેગા AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ છે. તેને ઓપનએઆઈ, ઓરેકલ અને સોફ્ટબેંક જેવા દિગ્ગજો મળીને બનાવી રહ્યા છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેને અમેરિકાની AI તાકાતનો મોટો દાવ જણાવી ચૂક્યા છે. ઉદ્દેશ્ય છે ચીનને AI રેસમાં પાછળ છોડવું. પરંતુ ટાઈમની ગ્રાઉન્ડ તપાસ આ ચમકદાર પ્રોજેક્ટનું બીજું ચિત્ર દર્શાવે છે. રિપોર્ટ અનુસાર, ઝડપી નિર્માણની આ અંધ દોડમાં મજૂરોનો જીવ અને સુરક્ષાને સંપૂર્ણપણે અવગણવામાં આવી રહી છે.



પ્રોજેક્ટ સાઈટ પર 8,000 મજૂરો સાથે અનેક અકસ્માતો સામે આવ્યા છે. ઓશા રેકોર્ડ્સ સંસ્થા અનુસાર, 2025માં ઘણા મજૂરોના પગમાં ફ્રેક્ચર થયું. એક મજૂર એક્સકેવેટર નીચે દબાયો. એક સીડી પરથી પડ્યો. એક પર 1,400 પાઉન્ડ વજનવાળા કાચના પેનલ પડ્યા. એક મજૂર પોર્ટા-પોટીમાં મૃત હાલતમાં મળ્યો. ડિસેમ્બર 2024થી સાઈટ પરથી 911 પર 14 ઈમરજન્સી કોલ નોંધાયા. આમાં ઈજા, હીટ સ્ટ્રોક, ડિહાઈડ્રેશન અને હાર્ટ એટેક જેવી મેડિકલ ઈમરજન્સીનો સમાવેશ થતો હતો. આ પ્રોજેક્ટ પર કામ કરી રહેલી બે ઠેકેદાર કંપનીઓ પર અદાલતમાં કેસ ચાલી રહ્યા છે.

કામદારોએ સાઈટની અંદરની પરિસ્થિતિઓને ખૂબ જ મુશ્કેલ ગણાવી. એક ઈલેક્ટ્રિશિયને આરોપ લગાવ્યો કે ટેક્સાસની આકરી ગરમીમાં પણ સાઈટ પર પીવાનું પાણી સરળતાથી ઉપલબ્ધ નથી. કામદારોને કહેવામાં આવ્યું કે ઠંડુ પાણી 'લક્ઝરી' છે, અધિકાર નથી. પંખા પણ પાછા ખેંચી લેવામાં આવ્યા. એક કામદારના મતે, કૂલિંગ સ્ટેશનમાં વધુ સમય વિતાવવા બદલ લેખિત ચેતવણી આપવામાં આવી હતી. એક કર્મચારીએ કહ્યું કે ઘણાને ગભરાટના હુમલા પણ આવી ચૂક્યા છે. બાંધકામની ગતિ જાળવી રાખવા માટે મૂળભૂત સુવિધાઓ પણ આપવામાં આવી રહી નથી. ટ્રક ડ્રાઈવર ડેનિયલ ગોન્ઝાલેઝ વીજળીના ઉપકરણોવાળો કોંક્રિટ બોક્સ ઉતારી રહ્યા હતા.

# વિયેતનામમાં ભારતીય પરિવારે હોબાળો મચાવ્યો: રેસ્ટોરાંમાં તોડફોડ કરી, બાળકો અને માતા-પિતાએ પ્રોપર્ટીને નુકસાન પહોંચાડ્યું, સ્ટાફ સાથે ઝઘડો કર્યો

**વિયેતનામ, તા.30**

વિયેતનામમાં એક ભારતીય પરિવાર પર આરોપ લાગ્યો છે કે તેમણે એક રેસ્ટોરાંમાં ભારે હોબાળો મચાવ્યો છે. આ આખી ઘટનાના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે, જેને ખુદ રેસ્ટોરાંના માલિકે જાહેર કર્યા છે. આ રેસ્ટોરાં વિયેતનામના હો ચી મિન્હ સિટીના ટૂરિસ્ટ હબમાં આવેલું છે અને તે જાણીતું ઈન્ડિયન રેસ્ટોરાં 'બોમ્બે બાઈટ્સ' છે. તેના મેનેજમેન્ટે આરોપ લગાવ્યો છે કે અહીં ફરવા આવેલા એક ભારતીય પરિવારે રેસ્ટોરાંની પ્રોપર્ટીને નુકસાન પહોંચાડ્યું અને અહીં કામ કરતા કર્મચારીઓને ધમકી પણ આપી. રેસ્ટોરાંનો આરોપ છે કે આ ઝઘડો ત્યારે શરૂ થયો જ્યારે સ્ટાફે માતા-પિતાને કહ્યું કે તેઓ પોતાના બાળકોને ડાઈનિંગ એરિયામાં વસ્તુઓ ફેંકતા રોકે.

રેસ્ટોરાંના માલિક ઐશ્વર્યા ખન્ના સિંહે પોતાના ઈન્સ્ટાગ્રામ પેજ પર આ CCTV ફૂટેજ જાહેર કર્યા છે. તેમાં દેખાઈ રહ્યું છે કે બે કપલ પોતાના બાળકો સાથે રેસ્ટોરાંમાં છે. તેમાંથી એક પુરુષ કર્મચારીઓ સાથે ખૂબ જ ગુસ્સામાં દલીલ કરી રહ્યો છે, સામાન ઉપાડીને ફેંકી રહ્યો છે. તેની સાથે બે બાળકો પણ બરાબર આવું જ કરી રહ્યા છે. આ રેસ્ટોરાંના એક શેફે આ જ પોસ્ટની કમેન્ટમાં દાવો કર્યો છે કે આરોપીઓ ખૂબ જ નશામાં હોય તેવું લાગતું હતું. તેમના બાળકો રેસ્ટોરાંમાં ચમચી, ટિશ્યુ, ટેબલ ક્લોથ અને મેનૂ કાર્ડ પણ અહીં-તહીં ફેંકી રહ્યા હતા. સ્ટાફ તરફથી કથિત રીતે માતા-પિતાને કહેવામાં આવ્યું કે તેઓ બાળકોનું ધ્યાન રાખે અને તેમને આવું કરતા રોકે. પરંતુ વાત સમજવાના બદલે, તેઓ ગેરવર્તણૂક કરવા લાગ્યા અને ધમકી પણ આપી કે તેઓ આખી રેસ્ટોરાં ખરીદીને તેને બરબાદ કરાવી શકે છે.



રેસ્ટોરાંના માલિકે આ ઈન્સ્ટાગ્રામ પોસ્ટની સાથે કેપ્શનમાં પોતાનો પક્ષ રજૂ કર્યો છે. તેમણે લખ્યું, 'સિવિક સેન્સને એ વાત સાથે કોઈ લેવાદેવા નથી કે તમે ક્યાંથી આવ્યા છો, તમારા કેટલા ફોલોઅર્સ છે અથવા તમે પોતાને શું સમજો છો. આ એ બાબત વિશે છે કે તમે કોઈ સાર્વજનિક જગ્યા પર કેવું વર્તન કરો છો. આજે અમારી રેસ્ટોરાં 'બોમ્બે બાઈટ્સ HCM'માં એક એવી પરિસ્થિતિ ઊભી થઈ જેનો સામનો કોઈ પણ રેસ્ટોરાં ન કરે. એક પરિવારને નમ્રતાપૂર્વક કહેવામાં આવ્યું કે તેઓ પોતાના બાળકને ડાઈનિંગ એરિયામાં ટિશ્યુ પેપર ફેંકતા રોકે. સહકાર આપવાના બદલે, મામલો ઘણો બગડી ગયો. પ્રોપર્ટીને નુકસાન પહોંચાડ્યું, સ્ટાફનું અપમાન કર્યું અને 'ઈન્ફ્લુએન્સર' હોવાનો દાવો કરીને જવાબદારીમાંથી હાથ અધ્ધર કરી લીધા.'

તેમણે આગળ લખ્યું, "અમે બિલકુલ સ્પષ્ટ કહેવા માગીએ છીએ કે રેસ્ટોરાં કોઈ રમતનું મેદાન નથી. અમારો સ્ટાફ કોઈનો ગુસ્સો સહન કરવા કે હક જતાવવા માટે નથી. કોઈનું ઈન્ફ્લુએન્સર હોવું એ કોઈને પણ પાયાના શિષ્ટાચારથી ઉપર નથી બનાવી દેતું. સિવિક સેન્સનો અર્થ છે બાળકોને જવાબદારી શીખવવી, જાહેર સંપત્તિનું સન્માન કરવું અને એ સમજવું કે નિયમો એટલા માટે હોય છે જેથી દરેક વ્યક્તિ તે જગ્યાનો સુરક્ષિત અને આરામથી આનંદ માણી શકે. જ્યારે આ મૂલ્યોની અવગણના કરવામાં આવે છે, ત્યારે તેની અસર કર્મચારીઓ, અન્ય મહેમાનો અને આખા બિઝનેસ પર પડે છે. અમે તમામ બેકગ્રાઉન્ડ અને સંસ્કૃતિના મહેમાનોનું સ્વાગત કરીએ છીએ પરંતુ સન્માન જરૂરી છે. નુકસાન, ગેરવ્યવસ્થા અને ડરાવવા-ધમકાવવાને ક્યારેય સહન કરવામાં નહીં આવે. મહેમાનગતિ અમારું કામ છે, પાયાનો શિષ્ટાચાર દરેકની જવાબદારી છે. પછી તેઓ ગૂગલ રિવ્યુ પર જઈને કહે છે કે અમે ખરાબ સર્વિસ આપી કારણ કે તેઓ ભારતીય હતા."

# એઆઈ કેનિબલિઝમ: ટેક્નોલોજી ક્ષેત્રે અમેરિકા-ચીન આમને-સામને

## એક એઆઈ પ્લેટફોર્મ દ્વારા બીજા પ્લેટફોર્મ ઉપર ડિસ્ટિલેશન હુમલા કરાય છે, ક્લોડ એઆઈ દ્વારા અલિબાબાના ક્વેન એઆઈ સામે હુમલાના આરોપો

એડવર્સરીયલ ડિસ્ટિલેશન એટેકમાં મજબૂત પ્લેટફોર્મ પાસેથી વિગતો મેળવીને, જવાબો મેળવીને તેનો ઉપયોગ નબળા અથવા ઓછી ક્ષમતા ધરાવતા ક્લોન એઆઈ મોડલ્સને તાલીમ આપવા અથવા તેને સુધારવા માટે કરવામાં આવે છે. આ પદ્ધતિ હુમલાખોરોને મોડલના આર્કિટેક્ચરની સીધી ઍક્સેસ વિના, લાર્જ લેંગ્વેજ મોડલ્સની તાર્કિક ક્ષમતા, કોડિંગ અને એજન્ટિક બિહેવિયર જેવી અદ્યતન ક્ષમતાઓની નકલ કરી આપે છે : અલીબાબા અને તેની Qwen AI લેબ સાથે જોડાયેલા ઓપરેટરોએ ક્લોડ મોડલ્સ સાથે ૨.૮૮ કરોડથી વધુ સંવાદો (exchanges) કરવા માટે આશરે ૨૫,૦૦૦ નકલી એકાઉન્ટ્સનો ઉપયોગ કર્યો હતો. આ સંવાદો ૨૨ એપ્રિલ અને ૫ જૂન ૨૦૨૬ વચ્ચેના છ અઠવાડિયાના સમયગાળા દરમિયાન એઆઈ મોડલને સબમિટ કરવામાં આવેલી પ્રતિક્રિયાઓ અને પ્રોમ્પ્ટ્સના સ્વરૂપમાં હતા દુનિયાભરમાં અત્યારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની બોલબાલા છે. એક તરફ દુનિયાભરના દેશો, ટેક કંપનીઓ, દિગ્ગજ કંપનીઓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી તગડો નફો કરતી થઈ છે, તેના ઉપયોગથી વધુને વધુ વિકાસ કરતી થઈ છે ત્યાં એક નવી જ સમસ્યા સામે આવી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના કારણે માણસોની નોકરી જતી રહેશે, રોજગારી ઘટી જશે જેવી સમસ્યાઓ હવે હાલ સાઈડલાઈન થઈ ગઈ છે. હાલમાં આર્ટિફિશિયલ ઈન્ટિલિજન્સ દ્વારા એકબીજા ઉપર હુમલા કરવામાં આવતા હોવાનું સામે આવ્યું છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સિસ્ટમના એકબીજા ઉપરના આ હુમલાનો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કેનિબલિઝમ અથવા તો એઆઈ કેનિબલિઝમ નામ આપવામાં આવ્યું છે. ટેક્નોલોજીની આ અદ્વિતિય ક્રાંતિના મેદાનમાં પણ હવે યુદ્ધ શરૂ થયાના પડઘમ સંભળાઈ રહ્યા છે. તાજેતરમાં અમેરિકા અને ચીન આ ક્ષેત્રમાં પણ જંગે ચડયાના અહેવાલો સામે આવ્યા છે. અમેરિકાની દિગ્ગજ એઆઈ કંપની એન્થ્રોપિક કે જે ક્લોડ એઆઈના કારણે અત્યંત શક્તિશાળી પ્લેટફોર્મ ગણાય છે તેને ચીની કંપનીઓ સામે મોરચો માંડયો છે. અમેરિકી કંપનીએ હવે ચીની કંપનીઓ સામે સાઈબર ક્રાઈમ બાદ એઆઈ કેનિબલિઝમનો આરોપ મૂક્યો છે. સૂત્રોના મતે અહેવાલો છે કે, કથિત રીતે ચીનની એઆઈ કંપનીઓ દ્વારા અમેરિકન એઆઈ કંપની એન્થ્રોપિક (Anthropic) ને ટાર્ગેટ કરવામાં આવી રહી છે.

જાણકારોના મતે આ અંગે સત્તાવાર ફરિયાદ પણ નોંધાવવામાં આવી છે. આ ફરિયાદની વિગતો સામે આવતા જ વિશ્વભરમાં આંચકો અનુભવાયો છે. ફરિયાદમાં એન્થ્રોપિકે જણાવ્યું હતું કે, ચીનની ટેક જાયન્ટ અલીબાબાની 'Qwen AI' લેબ દ્વારા ક્લોડ એઆઈ ઉપર હુમલા કરવામાં આવ્યા છે. ચીની કંપની ક્વેન એઆઈ દ્વારા ક્લોડ એઆઈના વ્યાપકપણે ઉપયોગમાં લેવાતા મોડલ્સમાંથી વિવિધ સ્કિલ્સ ચોરવા માટે અત્યાર સુધીનો સૌથી મોટો 'એડવર્સિરીયલ ડિસ્ટિલેશન એટેક' (Adversarial Distillation Attack) કરવામાં આવ્યો છે. અમેરિકી કંપનીના આ નિવેદન અને ફરિયાદને પગલે ટેક્નોલોજી વિશ્વમાં ભૂકંપ આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, યુએન સેનેટમાં એન્થ્રોપિક દ્વારા અલિબાબાના એઆઈ પ્લેટફોર્મ સામે ફરિયાદ કરવામાં આવી હતી. તેના ઉપર હવે સુનાવણી ચાલી રહી છે. ખાસ વાત એ છે કે, આ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર આગામી યુએસ સેનેટની સુનાવણી પહેલા, એન્થ્રોપિકે ૧૦ જૂનના રોજ સેનેટ કમિટી ઓન બેન્કિંગ, હાઉસિંગ અને અર્બન અફેર્સના યુએસ સેનેટર્સ ટિમ સ્કોટ અને એલિઝાબેથ વોરેનને એક પત્ર મોકલ્યો હતો. આ પત્રમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે અલીબાબાની એઆઈ વિંગ ક્વેન એઆઈ દ્વારા ક્લોડ મોડલ પર લાખો 'એઆઈ ડિસ્ટિલેશન' હુમલા કરવામાં આવ્યા હતા. તેના કારણે ક્લોડની કામગીરીને વ્યાપક અસર થઈ રહી છે અને તેના ઉપર ડેટાચોરીનું મોટું જાખમ સર્જાયેલું છે. આ મુદ્દે વિવાદ વકરી રહ્યો છે. ચિંતાજનક બાબત એ છે કે, એન્થ્રોપિક દ્વારા લખવામાં આવેલા પત્રમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે અલીબાબા અને તેની Qwen AI લેબ સાથે જોડાયેલા ઓપરેટરોએ ક્લોડ મોડલ્સ સાથે ૨.૮૮ કરોડથી વધુ સંવાદો (exchanges) કરવા માટે આશરે ૨૫,૦૦૦ નકલી એકાઉન્ટ્સનો ઉપયોગ કર્યોહતો. આ સંવાદો ૨૨ એપ્રિલ અને ૫ જૂન ૨૦૨૬ વચ્ચેના છ



અઠવાડિયાના સમયગાળા દરમિયાન એઆઈ મોડલને સબમિટ કરવામાં આવેલી પ્રતિક્રિયાઓ અને પ્રોમ્પ્ટ્સ (આદેશો)ના સ્વરૂપમાં હતા. એન્થ્રોપિકે આ હુમલાઓને ક્લોડની ક્ષમતાઓને ગેરકાયદેસર રીતે ચોરી કરવાના પ્રયાસ તરીકે ગણાવ્યા છે અને તેને કંપની સામે અત્યાર સુધીનો સૌથી મોટો ડિસ્ટિલેશન એટેક કહ્યો છે. આ એટેકને પગલે હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વર્લ્ડ ચીની કંપનીઓ સામે રેડઝોન ઊભો થાય અથવા તો તપાસના આદેશ આપવામાં આવે તેવી શક્યતાઓ છે.

મહત્ત્વની વાત એ છે કે, એન્થ્રોપિક ઉપર ચીની એઆઈ કંપનીઓ દ્વારા આ પહેલો ડિસ્ટિલેશન હુમલો કરાયો છે તેવું નથી. ભૂતકાળમાં એન્થ્રોપિક પર ચીની કંપનીઓ દ્વારા ઘણી વખત એઆઈ ડિસ્ટિલેશન એટેકના કિસ્સાઓ બનેલા છે. આ જ વર્ષે ફેબ્રુઆરી ૨૦૨૬માં, એન્થ્રોપિકે જાહેરમાં અન્ય ચીની એઆઈ લેબ્સ દ્વારા આવા જ, જોકે નાના પાયાના ડિસ્ટિલેશન એટેકની ફરિયાદ કરી હતી. કંપનીએ ત્યારે જણાવ્યું હતું કે, ડીપસીક (DeepSeek) તરફથી આશરે ૧,૫૦,૦૦૦ સંવાદો, મૂનશોટ એઆઈ (Moonshot AI) તરફથી ૩૪ લાખથી વધુ સંવાદો અને મિનિમેક્સ (MiniMax) તરફથી આશરે ૧.૩ કરોડ સંવાદો નોંધ્યા હતા. આ અભિયાનો અલીબાબાના કથિત ૨.૮૮ કરોડ સંવાદો કરતા નોંધપાત્ર રીતે નાના હતા. તેમ છતાં આ વર્ષે જ ચીની એઆઈ કંપનીઓ અને પ્લેટફોર્મ દ્વારા અમેરિકી એઆઈ કંપનીઓમાં ઘુસવાના અને તેનું ક્લોનિંગ કરવાના સક્રિય પ્રયાસો કરાયા હોવાનો દાવો છે.

બીજી વાત એવી છે કે, સેનેટને મોકલાયેલા તે પત્રમાં, એન્થ્રોપિકે દાવો કર્યો છે કે ચીન તરફથી કથિત ડિસ્ટિલેશન અભિયાનમાં ખાસ કરીને ક્લોડની સૌથી મહત્ત્વની અને વ્યવસાયિક રીતે સંવેદનશીલ ક્ષમતાઓને નિશાન બનાવવામાં આવી હતી. આ ડિસ્ટિલેશન એટેકમાં સોફ્ટવેર એન્જિનિયરિંગ, કોડિંગ, એજન્ટિક રીઝનિંગ, સ્વાયત્ત નિર્ણય લેવાની પ્રક્રિયા અને કાર્યોના સંચાલનનો સમાવેશ થાય છે. કંપનીના જણાવ્યા અનુસાર, લાંબા ગાળાના અને જટિલ કાર્યો કરવાની ક્લોડની ક્ષમતા તેમજ તેની અદ્યતન વિચારવાની ક્ષમતાને પણ નિશાન બનાવવામાં આવી હતી. ક્લોડનો દાવો છે કે, ચીની કંપનીઓ દ્વારા આ ક્ષમતાઓનું ક્લોનિંગ કરીને અમેરિકા કરતા વધારે સક્ષમ એઆઈ પ્લેટફોર્મ વિકસાવવાની કવાયત કરવામાં આવી રહી છે. ચીની કંપનીઓ સતત અમેરિકાની ટોચની એઆઈ કંપનીઓ ઉપર સાઈબર એટેક અને ડિસ્ટિલેશન એટેક કરી રહ્યા છે જેથી અહીંયાનું કામ ખોટકાય અને ત્યાં તેઓ માહિતીનું ક્લોનિંગ કરીને વધારે મજબૂત બની શકે. એન્થ્રોપિકે એવું પણ જણાવ્યું હતું કે ચીની કંપનીના એટેકને કારણે તેની સર્વિસ ટર્મ્સ અને જિયોગ્રાફિક ઍક્સેસ કોડના પ્રતિબંધોનું પણ ઉલ્લંઘન થયું છે. ઉલ્લેખનીય છે કે, ક્લોડ સત્તાવાર રીતે ચીનમાં ઉપલબ્ધ નથી અને તેના કારણે જ આવા એટેક કરવામાં આવી રહ્યા છે. આ સાથે જ ચીની કંપનીઓએ એઆઈ બૌદ્ધિક સંપદાની ચોરી અંગે યુએસ સરકારની વારંવારની ચેતવણીઓને કથિત રીતે અવગણી કાઢી છે. મહત્ત્વની વાત એવી પણ છે કે, એન્થ્રોપિક દ્વારા પત્ર મોકલવામાં આવ્યાના થોડા સમય બાદ, ૧૨ જૂનના રોજ, યુએસ ડિપાર્ટમેન્ટ ઑફ કોમર્સ કંપનીના સૌથી નવા એઆઈ મોડલ્સ, 'માયથોસ' (સૂઆર્રજ) અને 'ફેબલ' (ખચમની) ના ઍક્સેસ પર પ્રતિબંધો મૂકી દીધા હતા. આ પાછળ એવી ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી કે ચીન અને અન્ય કેટલાક દુશ્મન અને વિરોધી દેશોમાં સૈન્ય અને ગુપ્તચર સંસ્થાઓ દ્વારા તેનો ઉપયોગ થઈ શકે છે. ત્યારબાદ એન્થ્રોપિકે તે મોડલ્સની વૈશ્વિક ઍક્સેસ બંધ કરી દીધી હતી. તે જ સમયે, અન્ય કેટલીક ચીની કંપનીઓની સાથે અલીબાબાને પણ યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સની ચીની સૈન્ય કંપનીઓની યાદીમાં ઉમેરવામાં આવી હતી. જો કે, અલીબાબા હાલમાં તે ડેઝિગ્નેશનને પડકારી રહી છે.

એન્થ્રોપિકે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે યુએસના પ્રભુત્વને બચાવવા માટે સરકાર અને ઉદ્યોગ વચ્ચે સંકલિત વ્યવસ્થા થકી લેવાતા પગલાં, મોટા જોખમની ગુપ્ત માહિતીની વહેંચણી અને કડક દંડની માંગણી કરી છે. ઉલ્લેખનીય છે કે, કંપનીએ એઆઈ બૌદ્ધિક સંપદાની ચોરી સામે લડવાના યુએસ સરકારના પ્રયાસોને પોતાનું સમર્થન પણ જાહેર કર્યું છે અને આ મુદ્દે કોંગ્રેસ તેમજ પ્રશાસન સાથે મળીને કામ કરવાની તેની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો છે. અહેવાલો અનુસાર આ આરોપોના સમાચાર સામે આવ્યા બાદ અલીબાબાના શેરના ભાવમાં આશરે ૩ ટકાનો ઘટાડો થયો હતો, જ્યારે આ વિવાદે રાષ્ટ્રીય સુરક્ષા, બૌદ્ધિક સંપદા સંરક્ષણ અને વૈશ્વિક એઆઈ હથિયારોની હોડ (છૈં ચસિજ ચિબી) પરની ચર્ચાને ફરીથી વેગ આપ્યો છે.

એડવર્સરીયલ ડિસ્ટિલેશન એટેક એક એવી ટેકનિક છે જેમાં વધુ શક્તિશાળી એઆઈ મોડલ પાસેથી સતત કોઈ મુદ્દે જવાબો માગવામાં આવે છે અને તેનું ક્લોનિંગ કરવામાં આવે છે.

આ જ કિસ્સાની વાત કરીએ તો અલિબાબાના એઆઈ મોડલ દ્વારા ક્લોડ પ્લેટફોર્મને મોટા પાયે પ્રશ્નો પૂછીને હાઈલી ક્લાસિફાઈડ અને ઈફેક્ટિવ જવાબો અને આઉટપુટ એકત્રિત કરવામાં આવ્યા હતા. એડવર્સરીયલ ડિસ્ટિલેશન એટેકમાં મજબૂત પ્લેટફોર્મ પાસેથી વિગતો મેળવીને, જવાબો મેળવીને તેનો ઉપયોગ નબળા અથવા ઓછી ક્ષમતા ધરાવતા ક્લોન એઆઈ મોડલ્સને તાલીમ આપવા અથવા તેને સુધારવા માટે કરવામાં આવે છે. આ પદ્ધતિ હુમલાખોરોને મોડલના કોડિંગની વિગતો વિના અથવા આર્કિટેક્ચરની સીધી ઍક્સેસ વિના, મૂળ તાલીમ ખર્ચના ખૂબ જ નાના હિસ્સામાં અદ્યતન લાર્જ લેંગ્વેજ મોડલ્સ (LLMs) ની તાર્કિક ક્ષમતા, કોડિંગ અને એજન્ટિક બિહેવિયર જેવી અદ્યતન ક્ષમતાઓની નકલ કરી આપે છે. તેના દ્વારા હુમલાખોર કંપની કરોડો રૂપિયા બચાવીને, તાલિમનો ખર્ચ બચાવીને અને કોઈપણ મહેનત વગર મોટા પ્લેટફોર્મની તમામ બાબતોનું ક્લોનિંગ કરવા લાગે છે અને ફાયદો મેળવે છે. એઆઈ મોડલ ડિસ્ટિલેશનનો ઉપયોગ સ્પર્ધકો દ્વારા ઓછા ખર્ચે ક્ષમતાઓ વધારવા માટે વધુને વધુ કરવામાં આવી રહ્યો છે, ખાસ કરીને એવા સ્પર્ધકો દ્વારા જેઓ કમ્પ્યુટિંગ અથવા એઆઈ ચિપ સંબંધિત પ્રતિબંધોનો સામનો કરી રહ્યા છે, જેથી તેઓ એન્થ્રોપિક, ઓપનએઆઈ (OpenAI) અને ગુગલ (Google) જેવી અગ્રણી યુએસ એઆઈ પ્રયોગશાળાઓ સાથેનું અંતર ઘટાડી શકે અને વધુ ફાયદો કમાઈ શકે.

## તંત્રી લેખ

# જોબ ભક્ષક યાદીમાં મંદી અને AI પછી હવે EVની એન્ટ્રી

છેલ્લા કેટલાક સમયથી આટફિશિયલ ઈન્ટેલિજન્સ જોબ ભક્ષક તરીકે ખૂબ ચર્ચાય છે. એઆઈને કારણે દુનિયાભરના હજારો-લાખો લોકોની નોકરી સ્વાહા થઈ ગઈ. જોબ ભક્ષકની આ યાદીમાં ઈલેક્ટ્રિક વ્હીકલ (ઈવી)નો ઉમેરો થયો છે. ચાઈનીઝ ઈવીના કારણે એક લાખ લોકો જોબ વિહોણા બની જવાના છે.

બીએમડબલ્યુ અને ફોક્સવેગન જેવી ખૂબ જાણીતી બ્રાન્ડ્સને ચીનનાં ઈલેક્ટ્રિક વ્હીકલ ઉત્પાદનો ફટકો મારી રહ્યાં છે. આ ફટકાની સીધી અસર સ્ટાફના કપાતના સ્વરૂપમાં દેખાઈ રહી છે. બીવાયડી, ચેરી, એસએઆઈસી અને લીપમોટર જેવી ચાઈનીઝ બ્રાન્ડે યુરોપના માર્કેટ પર હલ્લો કર્યો છે. ચીને ગયા વર્ષ કરતાં લગભગ બમણી ગાડીઓ યુરોપના માર્કેટમાં મોકલી છે. એક લાખ કર્મચારીઓની જોબ પર ફોક્સવેગનનું વ્હીલ ફરી જવાનું છે. ફોક્સવેગન કાર કંપનીના ૮૯ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વાર કર્મચારીઓની નોકરી આંચકી લેવાની ઘટના બનવાની છે. કંપનીના જર્મની ખાતેના ચાર પ્લાન્ટ બંધ થવા જઈ રહ્યા છે.

ચીને ઈલેક્ટ્રિક વ્હીકલ માર્કેટમાં પેદા કરેલી તીવ્ર સ્પર્ધામાં ફોક્સવેગન ટકી શકે એમ લાગતું નથી. કંપની પોતાના રિસર્ચ બજેટમાં પણ ૧૫ ટકાનો કાપ મૂકી રહી છે. એક લાખ લોકોને આજકાલમાં એકસાથે કાઢવામાં નહીં આવે, પણ આગામી છ મહિનામાં તબક્કાવાર છટણી થશે. કંપની ચાર પ્લાન્ટ બંધ કરી દેશે અને એક લાખ જેટલા સ્ટાફે રવાના થઈ જવું પડશે.

કંપનીના જર્મની સ્થિત વોલ્ફસબર્ગ હેડક્વાર્ટર્સમાં રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટરના રોકાણ પર ૧૫ ટકાનો કાપ મૂકવામાં આવશે. હેનોવર, ઝિવકાઉ અને એમડેન ખાતેનાં પ્રોડક્શન બંધ કરી દેવામાં આવશે. અલબત્ત, અગાઉ ફોક્સવેગનના મેનેજમેન્ટે સંકેત જરૂર આપ્યો હતો કે ૨૦૩૦ સુધીમાં ૫૦,૦૦૦ જેટલા જર્મનોની નોકરી કપાશે. ચીનની ઈલેક્ટ્રિક વ્હીકલ કંપનીઓએ ઊભી કરેલી સ્પર્ધાની સીધી અસર ફોક્સવેગનને થઈ છે. એક સમયે ફોક્સવેગન ચીનમાં સૌથી વધુ વેચાતી કાર હતી, પરંતુ હવે તેણે તીવ્ર સ્પર્ધાનો સામનો કરવો પડે છે. ચીનની જેમ યુરોપમાં પણ લોકો ફોક્સવેગનનું માર્કેટ ગગડયું છે. ચીનની ઈવી કાર સસ્તી અને વધુ ટેકનોલોજીયુક્ત હોય છે. આથક ખેંચ ઊભી થાય એટલે મોટી કંપનીઓ સ્ટાફની સંખ્યા પર કાતર ફેરવતી હોય છે. આ વખતનો એપ્રિલ મહિનો ટેકનોલોજી સાથે સંકળાયેલા સ્ટાફ માટે જોખમી સાબિત થયો હતો. મેટા, એમેઝોન, ઓરેકલ ઉપરાંત અન્ય નાની-મોટી મળીને ૯૮ જેટલી કંપનીઓએ ૯૨,૦૦૦ જેટલા સ્ટાફની નોકરી છીનવી લીધી હતી. કેટલીક કંપનીઓ દેવામાં ડૂબેલી હતી, તો કેટલીક આગળ વધવા નહોતી માગતી. સ્ટાફને દૂર કરવા પાછળ આટફિશિયલ ઈન્ટેલિજન્સનું નામ આગળ ધરી દેવામાં આવે છે. છેલ્લાં બે વર્ષથી જોબ-કટનો સિલસિલો શરૂ થયો છે.

એક લાખ જોબ કટના પ્લાનમાં જો ફોક્સવેગન સફળ થશે, તો બિઝનેસના ઈતિહાસમાં સૌથી વધુ નોકરી આંચકી લેનાર કંપની તરીકે તે ટોપ પર મૂકાશે. ૧૯૯૦ના દાયકામાં જનરલ મોટર્સે ૭૪,૦૦૦ સ્ટાફની જોબ આંચકી હતી, તો ૧૯૯૩માં આઈબીએમએ ૬૦,૦૦૦ની જોબ આંચકી હતી. ફોક્સવેગનનો અમેરિકામાં એક જ પ્લાન્ટ છે. ચીનના કારમેકર્સ સસ્તા ભાવે ઈવી વ્હીકલ વિશ્વના દેશોમાં નિકાસ કરી રહ્યા છે. યુરોપના કાર ઉત્પાદકો માટે ચીનની ગાડીઓ, ખાસ કરીને બીવાયડી, પડકાર બની ગઈ છે. યુરોપની કાર કંપની બીએમડબલ્યુએ પણ આ મહિને પોતાના સ્ટાફમાં પાંચ ટકાના કપાતની જાહેરાત કરી છે. કહે છે કે ચાઈનીઝ બ્રાન્ડનાં વ્હીકલ ૨૦૩૧ સુધીમાં યુરોપની કાર માર્કેટનો ૧૭ ટકા હિસ્સો પચાવી પાડશે. પોર્શ, સ્કોડા, ઓડી જેવી ગાડીઓ ફોક્સવેગન ગુરપનો હિસ્સો છે. ફોક્સવેગન ગુરપમાં ૬,૬૩,૦૦૦ કર્મચારીઓ કામ કરે છે. વિશ્વમાં સૌથી વધુ કાર વેચતી કંપની ટોયોટામાં ૩,૯૦,૯૨૭ કર્મચારીઓ છે. એટલે કે ટોયોટા કરતાં ફોક્સવેગન ગુરપમાં બમણો સ્ટાફ કામ કરે છે. ચીન ઓલરેડી અનેક બિઝનેસને ગળી ચૂક્યું છે. હવે તેમાં ઈવી કાર ઉત્પાદનનો ઉમેરો થયો છે.

**અમેરિકા, રશિયા અને ચીન જેવી મહાસત્તાઓ એક તરફ એકબીજાનો વિરોધ કરી રહ્યા છે પણ પડદા પાછળ તેમની મિલિભગત છે. તેઓ એકબીજાના વિસ્તારવાદને, સામ્રાજ્યવાદને પ્રોત્સાહન આપે છે. સત્તાના કેન્દ્રને ત્રણ ભાગમાં વહેંચીને તેઓ પોતાનું વર્ચસ્વ ટકાવવાનો કારસો કરી રહ્યા છે : હાલમાં વૈશ્વિક કક્ષાઓ જે રાજકીય પરિસ્થિતિ છે, દેશો વચ્ચે સંઘર્ષ, યુદ્ધ અને અણબનાવો ચાલી રહ્યા છે તે સ્પષ્ટ સંકેત આપે છે કે, દુનિયાના રાજકીય ધ્રુવ બદલાઈ રહ્યા છે**

# સત્તા અને સંપત્તિ માટે યુદ્ધ કરતી અમેરિકા, રશિયા અને ચીન જેવી મહાસત્તાઓ

## વર્ચસ્વનો સંઘર્ષ : દુનિયા ફરી એક વખત સામ્રાજ્યવાદના ઉંબરે પહોંચી!



વૈશ્વિક મધ્યકાલિન યુગમાં જે રીતે રાજાઓ વિસ્તારવાદ, પ્રાદેશિક પ્રભુત્વ અને શક્તિ પ્રદર્શનમાં માનતા હતા તે જ પરિસ્થિતિ હાલના સમયે જોવા મળી રહી છે : આજના ચૂંટાયેલા કે સામ્યવાદી નેતાઓ, ભલે તેઓ ગમે એટલા આધુનિક દેખાતા હોય, લોકસમર્થન કે પછી બંધારણની અને વિકાસની વાતો કરતા હોય પણ તેઓ આવા જ માળખાકીય દબાણ હેઠળ છે. પ્રજાનું સમર્થન મેળવવા કે પછી સત્તા ટકાવી રાખવા માટે તેમણે બાહ્ય આક્રમકતા અને જિયોપોલિટિકલ પ્રદર્શન કરવું પડે છે

વિશ્વભરમાં હાલમાં ક્યાંકને ક્યાંક નાના-મોટા સંઘર્ષો ચાલી જ રહ્યા છે. ક્યાંક દેશો પોતાની સરહદો માટે લડી રહ્યા છે તો ક્યાંક એકબીજાની સાથે સ્પર્ધામાં ઉતર્યા બાદ એકબીજાને હંફાવવામાં યુદ્ધના રસ્તે ચડી ગયા છે. આ સિવાય કેટલાક મોટા દેશો એવા છે જે બધું પોતાના બાથમાં લેવા માટે પણ યુદ્ધના માર્ગે છે. વર્તમાન સમયમાં દુનિયાભરના લોકોને એવું લાગી રહ્યું છે કે, ચારેતરફ લોકશાહી અને સુઘડ સમાજ વ્યવસ્થા છે. દુનિયાના ઘણા મોટા દેશોમાં લોકશાહી અને બંધારણની વાતો થાય છે, પ્રજાને તેમના સુશાસન અંગે અભિમાન થાય છે પણ વાસ્તવિકતા તેનાથી જોજનો દૂર છે. આ દેશોમાં હવે સત્તાધારીઓ માત્ર પોતાના દેશમાં જ નહીં પણ વિશ્વભરમાં સત્તા ફેલાવવા માટે સત્તાભુખ્યા થયા છે.

હાલમાં વૈશ્વિક કક્ષાઓ જે રાજકીય પરિસ્થિતિ છે, દેશો વચ્ચે સંઘર્ષ, યુદ્ધ અને અણબનાવો ચાલી રહ્યા છે તે સ્પષ્ટ સંકેત આપે છે કે, દુનિયાના રાજકીય ધ્રુવ બદલાઈ રહ્યા છે. વૈશ્વિક મધ્યકાલિન યુગમાં જે રીતે રાજાઓ વિસ્તારવાદ, પ્રાદેશિક પ્રભુત્વ અને શક્તિ પ્રદર્શનમાં માનતા હતા તે જ પરિસ્થિતિ હાલના સમયે જોવા મળી રહી છે. આજની ત્રણ મહાસત્તાઓ દ્વારા આવી જ નીતિઓ અમલમાં મુકવામાં આવી છે. છેલ્લાં ઘણા સમયથી ચીન, રશિયા અને અમેરિકા વિસ્તારવાદ, પ્રાદેશિક પ્રભુત્વ અને શક્તિ પ્રદર્શનને કેન્દ્રમાં રાખીને આગળ વધી રહ્યા છે. જાણકારો માને છે કે, આજની મહાસત્તાઓની વૈચારિકતા ગમે તે હોય પણ તેમના વર્તન જુદા થવા લાગ્યા છે. ઉલ્લેખનીય છે કે, તેઓ એક તરફ સમાજના અને પ્રજાના મૂલ્યોના રક્ષક તરીકે પોતાની છબી ઊભી કરવા ધમપછાડા કરે છે અને બીજી તરફ આધુનિક સંસ્થાકીય આવરણમાં છુપાયેલા સામ્રાજ્યવાદી શાસકોની જેમ વધુ વર્તણૂક કરે છે. વર્તમાન સ્થિતિ જોતા એટલું તો સમજાય છે કે, મતદાનની પ્રક્રિયાએ સત્તાના મુગટનો અંત નથી આણ્યો, પરંતુ તેને માત્ર છુપાવી દીધો છે. રાજાઓના એ મનસ્વીપણાને કેટલાક વૈશ્વિક નેતાએ આત્મસાત કરી લીધું છે.

જાણકારોના મતે, આધુનિક દેશો પ્રાચીન સામ્રાજ્યો જેવા કેમ દેખાય છે તે સમજવા માટે, આપણે જોવું પડશે કે તેઓ યુદ્ધો કેવી રીતે લડે છે અને શક્તિનું પ્રદર્શન કેવી રીતે કરે છે. અમેરિકાની જ વાત કરીએ તો, વેનેઝુએલા પ્રત્યેનું તેનું આક્રમક વલણ, ક્યુબા પર દાયકાઓ લાંબો પ્રતિબંધ અને મધ્ય-પૂર્વમાં તેની સૈન્ય તથા ગુપ્તચર પ્રવૃત્તિઓ માત્ર વ્યુહાત્મક જરૂરિયાતો નથી. આ બધી જ કામગીરી અમેરિકાના વૈશ્વિક પ્રભુત્વનું ભવ્ય પ્રદર્શન છે, જે આંતરરાષ્ટ્રીય સહયોગીઓને અમેરિકાની શક્તિ બતાવવા માટેનું એક માધ્યમ છે. અમેરિકા જગતજમાદારી દ્વારા પોતાના પ્રભુત્વ અને શક્તિને ટકાવી રાખવા તથા દુનિયાને ડરાવવા અને પોતાને જે ગમે છે તે કરવાની અથવા તો જે જોઈએ છે તે મેળવવાની વૃત્તિને સંતોષી રહ્યું છે.

બીજી તરફ રશિયાનું યુક્રેન પરનું આક્રમણ, જેને ક્રેમલિને પોતાના ઐતિહાસિક 'પ્રભાવ ક્ષેત્ર'ની રક્ષા ગણાવી હતી તેને હકીકતે ઈતિહાસકારો અને જાણકારો ઈરાનની પ્રાદેશિક ચાલ, પ્રતિશોધ (બદલો લેવાની) ચક્રની સાથે સરખાવે છે. વૈશ્વિક મંચ પરના આ સંઘર્ષો ઘણીવાર પ્રાથમિક શાળાના રમતના મેદાનની લડાઈ જેવા લાગે છે 'તેં મારા સાથીને માર્યો, તો હું તને મારીશ. જાણકારો માને છે કે, રશિયા પહેલાના માર્ગે આગળ વધી રહ્યું છે. એક સમયે જેમ સોવિયેત સંઘનું અસ્તિત્વ હતું અને તે દુનિયાના એક ભાગ ઉપર જે રીતે તેનું શાસન હતું તેવી જ સ્થિતિનું ફરીથી નિર્માણ કરવા માગે છે. તે નાના દેશોનો પોતાનામાં સમાવી લેવા અને અન્ય દેશો સાથે યુતિ કરીને અમેરિકા સામે પોતાનું એક નેટવર્ક ઊભું કરવા માગે છે.

દુનિયાના રાજકીય ધ્રુવનું ત્રીજું પરિબળ જોઈએ તો ચીન પણ આવી જ પરિસ્થિતનું નિર્માણ કરી રહ્યો છે. સાઉથ એશિયામાં તેનું પ્રભુત્વ વધારવા માટે તે મથામણ કરી રહ્યો છે. તેણે ઘણા દેશોને પોતાની સત્તાના જોરે દબાવી દીધા છે તો બીજી તરફ ઘણા દેશોનો લોન અને આર્થિક મદદ હેઠળ દબાવી દીધા છે. ભારત સાથેની સરહદો તેણે પહેલેથી જ ઘણી પચાવી પાડી છે અને હજી પણ ધીમે ધીમે સરહદોની આસપાસના વિસ્તારો કબજે કરી રહ્યો છે. તાઈવાન, ભુતાન જેવા દેશોને તેણે પોતાને આધિન કરી લીધા છે અને ભય હેઠળ રાખીને પોતાનું ધાર્યું કરાવે છે.

મધ્યકાલિન રાજાઓની પણ આવી જ માનસિકતા હતી. તત્કાલિન સમયમાં ઘણા સુલતાન, ચીની સમ્રાટો અને યુરોપિયન રાજાઓ માત્ર જમીન કે સંસાધનો માટે યુદ્ધ નહોતા કરતા. તેઓ યુદ્ધમાં ઉતરતા હતા જેથી પોતાની સામરિક અને રાજકીય તાકાત સાબિત કરી શકે. જે રાજા પોતાની સરહદોનો વિસ્તાર કરવામાં કે દુશ્મનોને સજા કરવામાં નિષ્ફળ રહેતા, કે પછી નબળા દેખાતા ત્યારે તેની સામે વિદ્રોહ થતો હતો. તત્કાલિન પ્રજા પણ આવી જ વિદ્રોહી અને યુદ્ધખોર હતી.

આજના ચૂંટાયેલા કે સામ્યવાદી નેતાઓ, ભલે તેઓ ગમે એટલા આધુનિક દેખાતા હોય, લોકસમર્થન કે પછી બંધારણની અને વિકાસની વાતો કરતા હોય પણ તેઓ આવા જ માળખાકીય દબાણ હેઠળ છે. પ્રજાનું સમર્થન મેળવવા કે પછી સત્તા ટકાવી રાખવા માટે તેમણે બાહ્ય આક્રમકતા અને જિયોપોલિટિકલ પ્રદર્શન કરવું પડે છે. આ વલણ કોઈ એક રાજકીય વ્યવસ્થા પૂરતું સીમિત નથી. આ લોકશાહી, સરમુખત્યારશાહી અને મિશ્ર શાસન બધામાં સમાન રીતે કામ કરે છે.

વર્તમાન સમયમાં ઘણા દેશોમાં અને ખાસ કરીને મહાસત્તાઓમાં હવે લોકશાહીને માત્ર એક યાંત્રિક પ્રક્રિયા અને મતગણતરીની પ્રક્રિયા બનાવી દેવાઈ છે. લોકશાહીનો સાચો આત્મા મતદાનની પદ્ધતિમાં રહ્યો જ નથી. આવા દેશોમાં શાસકો ચૂંટણી જનાદેશ, બ્યુરોક્રસી કે કોર્પોરેટ સંપત્તિનો ઉપયોગ કરીને સત્તાનું કેન્દ્રીકરણ કરે છે, અસંમતિને કચડી નાખે છે અથવા વૈશ્વિક સામ્રાજ્યોને અધીન થઈ જાય છે, ત્યારે લોકશાહી બોદી થઈ જાય છે. જે બચે છે, તે માત્ર પ્રદર્શન છે, એટલે કે આધુનિક શબ્દાવલીમાં છુપાયેલું રાજતંત્ર.

આજની ઘટનાઓ આ વલણને વધુ સ્પષ્ટ કરે છે. પશ્ચિમ એશિયામાં ઈઝરાયેલ અને લેબનોન વચ્ચેના તાજેતરના સંઘર્ષેદર્શાવ્યું કે કેવી રીતે ચૂંટણીની કાયદેસરતા અને સામ્રાજ્યવાદી તાકાત એકબીજામાં ભળી જાય છે. ઈઝરાયેલે દક્ષિણ લેબનોનમાં ભારે સૈન્ય કાર્યવાહી કરી, જે પછી એક અસ્થાયી યુદ્ધવિરામની જાહેરાત થઈ. પરંતુ હિઝબુલ્લાએ તેને નકારી કાઢી અને સંપૂર્ણ પીછેહઠની માંગ કરી.

આ દરમિયાન અમેરિકાએ ઈરાન પર દબાણ વધાર્યું, જ્યારે તેહરાને ખાડીમાં અમેરિકી ઠેકાણાઓ પરના હુમલાને 'આત્મરક્ષા' ગણાવ્યો. લેબનોનના સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર માર્ચ ૨૦૨૬થી અત્યાર સુધીમાં ૩,૫૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે અને ૧૦,૭૦૦ લોકો ઘાયલ થયા છે, જ્યારે ૧૨ લાખથી વધુ નાગરિકો વિસ્થાપિત થઈ ચૂક્યા છે. આ માનવીય સંકટ કોઈપણ લોકશાહી આદર્શથી પર જઈને સમ્રાજ્યવાદી શક્તિ પ્રદર્શનનો ભાગ બની ગયું છે.

વૈશ્વિક ઘટનાઓ પર નજર કરીએ તો, વોશિંગ્ટન અને મોસ્કો કે બેઈજિંગ બધા જ લોકશાહી કે સરમુખત્યારશાહીના પડદા પાછળ એ જ જૂનો મુગટ પહેરીને બેઠા છે. અમેરિકા પોતાના આંતરરાષ્ટ્રીય હસ્તક્ષેપોથી વૈશ્વિક પ્રભુત્વ દર્શાવે છે, જ્યારે રશિયા ચૂંટણીના આવરણમાં સરમુખત્યારશાહીને કાયદેસર ઠેરવે છે. ચીન જનલોકશાહીની ભાષામાં પોતાના સામ્રાજ્યવાદી કેન્દ્રીકરણને છુપાવે છે. પ્રાચીન અને આધુનિક વિશ્વ વચ્ચેની સમાનતા સ્પષ્ટ છે. મધ્યકાલીન રાજા દૈવી અધિકારનો દાવો કરતો હતો. આધુનિક નેતા બહુમતી કે ટેકનોલોજીકલ જનાદેશનો દાવો કરે છે. બંનેનો ઉદ્દેશ્ય એક જ છે -અસીમ સત્તા અને ટીકાકારોનું મૌન. સાચી લોકશાહી માત્ર મતગણતરી ન હોઈ શકે, પરંતુ તે સહ-અસ્તિત્વ, સમાન અધિકાર અને સાર્વભૌમત્વના સન્માન પ્રત્યેની જીવંત પ્રતિબદ્ધતા છે.

વૈશ્વિક સ્તરે સત્તા, સંપત્તી, સામ્રાજ્યવાદનો જે ખેલ ચાલી રહ્યો છે તેમાં ભારતને માત્ર હાથતાળી આપવામાં આવી રહી છે. ભારતમાં એવો માહોલ ઊભો કરાયો છે કે, ભારતને દરેક મોટા દેશો, મહાસત્તાઓ દ્વારા સમર્થન આપવામાં આવે છે, મિત્ર ગણવામાં આવે છે પણ વૈશ્વિક ગઠબંધનોમાં ભારતની હાજરી માત્ર ફોટો પડાવવા પૂરતી જ સિમિત છે. મોટા વૈશ્વિક ગઠબંધનોમાં ભારતને સભ્યપદ આપવામાં આવે છે, યજમાની આપવામાં આવે છે પણ સત્તા આપવામાં આવતી નથી. દાયકાઓથી ભારત સાથે આવું જ કરવામાં આવી રહ્યું છે. ભારતની વિદેશનીતિએ જે રીતે દેવાળું ફુકેલું છે તેના પગલે કોઈપણ દેશ તેને માત્ર વેપારના ભાગીદાર તરીકે ઓળખે છે. પહેલાં જેવી સંવેદના અને સશક્ત સંબંધો તેમની વચ્ચે રહ્યા નથી. ભારતનું જે માન હતું, ભારતનું વૈશ્વિક સ્તરે જે દબાણ હતું તેમાં મોટો ઘટાડો આવ્યો છે. એક તરફ મહાસત્તાઓ સામ્રાજ્યવાદને પ્રોત્સાહન આપી રહી છે. તેઓ મલ્ટિએલાયમેન્ટ પોલિસી દ્વારા પોતાની સત્તા, શક્તિ અને સૈન્યનો વિસ્તાર કરી રહ્યા છે ત્યાં ભારત આ જ નીતિ અપનાવીને સહાય માગવા સિવાય બીજું કશું જ કરી શકતો નથી. અમેરિકા હુમલા કરીને ઈરાનના ક્રૂડ ઉપર પોતાનો કબજો જમાવે છે, રશિયા પણ યૂક્રેન ઉપર હુમલો કરીને તેના માઈન્સ, મિનરલ્સ અને ગેસના પુરવઠા ઉપર કબજો કરવા માગે છે, ચીન પણ રેર અર્થ મિનરલ્સના પોતાના ભંડારોને સુરક્ષિત રાખીને આસપાસના દેશોમાં પોતાનું વર્ચસ્વ જમાવી રહ્યો છે. ભારતના નેતાઓ વિદેશ પ્રવાસો કરીને જાતભાતના કરાર કરીને સાધનો, સંસાધનો માગીને જરૂરિયાતો પૂરી કરી રહ્યા છે. તેનાથી વિશેષ હાલમાં ભારત કંઈ કરી શકે તેમ નથી.

# શિક્ષકને વર્ગખંડમાં પાછો મોકલો. તેને'ઘર'ગણતા ન કરો, 'બાળક' ઘડતા કરો. કારણ કે ઘર ગણીને દેશ મહાન નહીં બને, બાળક ઘડીને જ દેશ મહાન બનશે

## શિક્ષક શિક્ષણ માટે કે વહીવટી મજૂરી માટે? 'ઘર-ગણતરી'થી 'ABCD' સુધી:કથળતા બાળ-ભવિષ્ય ની સરકારી જવાબદારી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે પહેલી જુલાઈ૨૦૨૬ રાજ્યની લગભગ શાળાનો સમય બદલાઈ જશે અને શિક્ષણ કાર્યની રફતાર વધશે ત્યારે જુનાગઢના વિધાર્થીને ABCD નહીં આવડતાં ઊભા થયેલ પ્રશ્ન વચ્ચે આ લેખ રજૂ કરું છું તોસરકારી શાળાનો શિક્ષક આજે ભણાવે છે ઓછું અને 'સર્વે' કરે છે વધુ.ક્યારેક તે વસ્તી ગણતરી કરે,ક્યારેક ઘર-ઘર ફરીને મતદાર યાદી સુધારે, તો ક્યારેક આપત્તિ સમયે'સર્વે ટીમ'માં તેનું નામપહેલું હોય.*જુનાગઢ જિલ્લામાં ધો.૫ નું બાળક 'ABCD' ન ઓળખી શકે તેવા કિસ્સા બહાર આવે ત્યારે એક જ સવાલ થાય જે કામ માટે ડિઝાસ્ટરમેનેજમેન્ટ નો આખો વિભાગ છે,જે કામ માટે ગ્રામપંચાયતથી મહાનગર પાલિકા સુધી કર્મચારીઓની ફોજ છે,તે કામ શિક્ષક પાસે કરાવીને સરકાર આખરે સાબિત શું કરવા માગે છે?

*જુનાગઢનો કિસ્સો: 'ABCD' ન આવડવાનું મૂળ કારણ

જુનાગઢના ગ્રામ્ય વિસ્તારની એક શાળામાં ઉપલા ધોરણના બાળકોને મૂળાક્ષરો પણ નથી આવડતા. તપાસ કરો તો ખબર પડે કે તે શાળાના ઉમાંથી ૨ શિક્ષકો આખું વર્ષ બીએલઓ કામગીરી,વસ્તી ગણતરીની તાલીમ,મધ્યાહન ભોજનના હિસાબો અને સરકારી એપમાં ડેટા એન્ટ્રીમાં વ્યસ્ત રહ્યા.જે ૪૦ મિનિટ બાળકને 'ABCD' શીખવવામાં જવી જોઈએ,તે ૪૦ મિનિટ શિક્ષક કોઈના ઘરે જઈને'તમારા ઘરમાં કેટલા રૂમ છે?'એ પૂછવામાં વિતાવે છે.આ કિસ્સો એકલો નથી.આખા ગુજરાતનું ચિત્ર આ જ છે.સૌથી મોટો વિરોધાભાસ:વિભાગો છે તો શિક્ષક શું કામ? સરકાર પાસે દરેક કામ માટે અલગ તંત્ર છે, છતાં શિક્ષક જ કેમ? *ડિઝાસ્ટર મેનેજમેન્ટ: દરેક જિલ્લામાં' ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ' છે.તાલુકા કક્ષાએ મામલત દાર,તાલુકા વિકાસ અધિકારી, પોલીસ,ફાયર બ્રિગેડ, આરોગ્ય વિભાગનું આખું માળખું છે. કુદરતી આફત વખતે 'નુકસાની ના સર્વે'માટે આખી ટીમ હોય છે. તો પછી 'ઘર કાચું છે કે પાકું', 'ઘરમાં કેટલા સભ્યો છે' એવા સર્વે માટે શિક્ષકને કેમ કામે લગાડવામાં આવે છે?શું ડિઝાસ્ટર વિભાગ ફક્ત મિટિંગો કરવા માટે છે? *મહેસૂલ અને વેરા વસૂલાત: ગ્રામ પંચાયતમાં તલાટી-કમ-મંત્રી, વસૂલાત ક્લાર્ક હોય છે. નગરપાલિકા અને મહાનગર પાલિકામાં તો વેરા શાખાનો આખો સ્ટાફ, ટેક્સ ઈન્સ્પેક્ટર, આસિસ્ટન્ટ હોય છે.ઘરવેરા, પાણીવેરા,વ્યવસાયવેરા બધું મિલકતના આધારે ઉઘરાવાય છે એટલે કે *કયા વિસ્તારમાં કેટલા ઘર છે,કોનું મકાન કેટલું મોટું છે, એનો ડેટા તો તંત્ર પાસે પહેલેથી જ છે.તો પછી ૧૦ વર્ષે વસ્તી ગણતરીના નામે કે અન્ય સર્વેના નામે શિક્ષકો પાસે ફરી 'ઘર-ગણતરી' કરાવવાનો અર્થ શું? શું સરકારને પોતાના જ મહેસૂલી રેકોર્ડ પર ભરોસો નથી?કે પછી શિક્ષક સૌથી'સસ્તો અને આજ્ઞાંકિત' કર્મચારી છે એટલે તેની પાસે ગમે તે કામ કરાવી લેવું?

*કાયદાનું ઉલ્લંઘન અને સરકારની બેવડી નીતિ શિક્ષણ નો અધિકાર કાયદો ૨૦૦૯ની કલમ -૨૭ ચોખ્ખું કહે છે: 'ચૂંટણી,વસ્તી ગણતરી અને આપત્તિ રાહત સિવાય શિક્ષકને અન્ય કોઈ કામ સોંપી શકાશે નહીં.' પણ હકીકતમાં શિક્ષક પાસે ૫૦થી વધુ કામ લેવાય છે- આધાર લિંક, જાતિ દાખલા, શિષ્યવૃત્તિ ફોર્મ,પોષણ અભિયાન,સ્વચ્છતા રેલી,યુ ડાયસ ડેટા...એક તરફ સરકાર 'નિપુણ ભારત', 'મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ'ના નામે કરોડો ખર્ચે છે, અને બીજી તરફ જે શિક્ષકે 'નિપુણ' બનાવવાના છે તેને જ ઘર-ગણતરી કરવા મોકલી દે છે.આ બેવડી નીતિ નથી તો બીજું શું છે? શું સરકાર એમ માને છેકે સ્માર્ટબોર્ડ લગાવી દેવાથી બાળક જાતે જ'ABCD' શીખી જશે? *અસર: શિક્ષક 'કારકુન' બને, બાળક 'નિરક્ષર' રહે. શૈક્ષણિક નુકસાન: ગુજરાતમાં ધોરણ ૫ના ૪૮%બાળકો ધોરણ-૨નુંલખાણ વાંચી શકતા નથીASER-૨૦૦૩ જુનાગઢનો 'ABCD'વાળો કિસ્સો આનો જ પુરાવો છે. પાયો કાચો રહે તો ઈમારત કેવી ચણાય?શિક્ષકની હતાશા: શિક્ષક બીએડ,એમએડ ટેટ-ટાટ કરીને આવ્યો હોય છે ભણાવવા માટે.પણ જ્યારે તેને રોજ 'કેટલા ઘરે પાણીનું કનેક્શન છે'એ ગણવાનું થાય,ત્યારે તેનીશિક્ષણ પ્રત્યેની નિષ્ઠા તૂટે છે.તે 'રાષ્ટ્ર નિર્માતા' મટીને 'સરકારી મજૂર' બની જાય છે.તંત્રની નિષ્ફળતા પર પડદો:શિક્ષક પાસે કામ કરાવીને સરકાર પરોક્ષ રીતે એ સાબિત કરે છેકે તેનું મહેસૂલી તંત્ર, પંચાયત તંત્ર,ડિઝાસ્ટર મેનેજમેન્ટ તંત્ર નિષ્ફળ છે.જે ડેટા તલાટીએ રાખવાનો છે,જે સર્વે ડિઝાસ્ટર ટીમે કરવાનો છે,તે જો શિક્ષક કરે તો આ વિભાગોની જરૂર શું?'ઘર-ગણ તરી' નહીં,'વર્ગ-ગણતરી' કરો

આરટીઈ કલમ ૨૭નું કડકપાલન કલેક્ટર કચેરીએ લેખિત હુકમ કાઢવો જોઈએ કે ચૂંટણી અને વસ્તી ગણતરી સિવાય કોઈપણ અધિકારી શિક્ષકને બોલાવી શકશે નહીં. 'વહીવટી સહાયક કેડર': દરેક ક્લસ્ટર દીઠ એક ડેટા એન્ટ્રી ઓપરેટરની નિમણૂક કરો. એમડીએમ, શિષ્યવૃત્તિ, તમામ સર્વેની કામગીરી તે કરે.શિક્ષકનો પગાર ભણાવવાનો છે,ફોર્મ ભરવાનો નથી.તંત્રને જવાબદાર બનાવો:વેરા ઉઘરાવવાનું કામ પાલિકાનું છે,ઘરોની ગણતરી તલાટીનું કામ છે,આપત્તિનો સર્વે ડિઝાસ્ટર ટીમનું કામ છે.જેનું કામ તેને સોંપો. શિક્ષકને 'મફતનો મજૂર' સમજવાની માનસિકતા બદલો. એસએમસી અને વાલીઓ જાગે: જ્યારે શિક્ષકને સર્વેમાં મોકલવામાં આવે ત્યારે શાળા વ્યવસ્થાપન સમિતિએ ડીઈઓ ને પ્રશ્ન પૂછવો જોઈએ.'અમારા બાળકોને ભણાવશે કોણ?'સરકાર શું સાબિત કરવા માગે છે?શિક્ષક પાસે ઘર-ગણતરી કરાવીને સરકાર એ જ સાબિત કરે છે કે *તેની નજરમાં 'ડેટા' મહત્વનો છે, 'બાળક' નહીં. સરકાર એ સાબિત કરે છે કે તેનું પોતાનું વહીવટીતંત્ર સદંતર નાકામિયાબ છે, એટલે શિક્ષકના ખભે બંદૂક મૂકવી પડે છે.

જુનાગઢનું બાળક જ્યાં સુધી 'ABCD' નહીં શીખે, ત્યાં સુધી 'વિકસિત ગુજરાત'ની બધી વાતો પોકળ છે. શિક્ષકને વર્ગખંડમાં પાછો મોકલો. તેને 'ઘર' ગણતા ન કરો, 'બાળક' ઘડતા કરો. કારણ કે ઘર ગણીને દેશ મહાન નહીં બને, બાળક ઘડીને જ દેશ મહાન બનશે.અને છેલ્લે ચાણક્યના શબ્દો સરકારે... શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હૈ'.

# સોનલ પોતાની દીકરી સિદ્ધિને લઈને અચાનક પિયર કેમ આવતી રહી??



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

સાહિત્યનાં એક પ્રોગ્રામમાં અમદાવાદ જવાનું થયું, અને કવિ સંમેલનમાં કાવ્ય પઠનની સુંદર તક સાંપડી. બધાંએ ખૂબ સુંદર રજૂઆત કરી, મહેમાનો એ પણ સાચું માર્ગદર્શન આપ્યું. ખૂબ બધી બહેનોને જોઈ રાજીપો થયો!એકંદરે ટીમ વર્ક દ્વારા ખૂબ જ સુંદર અવસરનું આયોજન થયું! આજે બધાં ક્ષેત્રમાં સ્ત્રીઓએ સફળતા મેળવી છે, પણ હજી હાઉસ વાઈફની માટે સમાજમાં જોઈએ એટલી ઈજ્જત નથી, અને તેથી એવી બહેનોએ પોતાની લાગણી રજૂ કરી એ કાબિલે દાદ હતું! સ્ત્રી અને સમર્પણ બંને જાણે પર્યાય!; પતિ પરિવાર યોગ્ય હોય કે ન્હોય પણ ગૃહસ્થી નિભાવવાની જવાબદારી ફક્ત સ્ત્રીઓની! પહેલાં તો આવાં કિસ્સા બહુ જ બનતાં જેમાં પતિએ પોતાની પત્ની સાથે પ્રેમની બે વાત કરી હોય! અને છતાંયે ક્ષમા કરીને એનું જીવન સંવારતી હોય! પરંતુ ઘણીવાર એવું થાય કે કંઈક ખોટું થઈ રહ્યું છે! એવાં વારંવારનાં ભાવને દબાવ્યા વગર ક્ષમાનાં એક અલગ પહેલું વિશે પણ વિચારવું જોઈએ.

ટ્રીન ટ્રીન કરીને ફોનની ઘંટડી વાગી, મનમાં થયું અત્યારે કોણ હશે વળી! સવારનાં 8 વાગ્યા હતાં. વંદિતા એ ફોન ઉપાડ્યો, સામે છેડેથી કામિની આન્ટીનો અવાજ આવ્યો, વંદિતા આજે તું ઘરે આવજે. તારી સહેલી સોનલ જોને એની બાર વરસની દીકરીને લઈને, પતિ સાથે ઝઘડો કરી ઘરે આવતી રહી છે. આવીને એને કંઈક સમજાવ કે ગૃહસ્થીમાં આવું તો બધું ચાલે રાખે, સ્ત્રીઓ તો સહનશક્તિ વાળી, અને ક્ષમાનો ગુણ ધરાવતી હોવી જોઈએ. સોનલને તો ક્યું ભૂત સવાર થયું છે! તે આવું સારું સાસરૂ છોડીને ઘરે આવતી રહી છે. કહે છે કે હવે હું ક્યારેય જવાની નથી. મેં કહ્યું કે એકાદવાર ક્ષમા કરીને સમાધાન કરી જો, પછી ફાવે નહીં તો આવતી રહેજે, પણ માનવાની ના જ પાડે છે,! તારી પાકી સહેલી છે, એટલે મને થયું તને કહું. હું પોતેજ નિઃસહાય વિધવા છું, તો આ બંનેનો ઉછેર કઈ રીતે કરું? બોલ તું જ કહે!! અને આ દિવસે દાડે વધતી જતી મોંઘવારી, તો આ છોકરીનાં ભણતરનો ખર્ચ, બધું જ વિચારવું તો જોઈએ ને? આન્ટી એકધારું બોલતાં હતાં, મેં કહ્યું, આંટી વાંધો નહીં, હું સાંજે આવીશ,અને સોનલ સાથે વાત કરીશ. સોનલ મારી બહુ જ ખાસ બહેનપણી હતી, અને આવડું મોટું પગલું તેણે આમ અચાનક કઈ રીતે લઈ લીધું! અને તે પણ કંઈ ગંધ પણ આવવાં દીધી નહી. અમે તો નિયમિત ફોન પર વાત કરતાં હતાં, ત્યારે તેણે ક્યારેય તેનાં પતિ વિરુદ્ધ વાત કરી નથી, અને સીધો અચાનક જુદા થવાનો નિર્ણય. મારું મન કેમ કરીને માનતું ન્હોતું. મેં તાત્કાલિક ઓફિસમાં, ફોન કરીને રજા લઈ લીધી, અને સોનલને મળવા જવાનું નક્કી કરી લીધું, અને 10:30 વાગ્યા ત્યાં રીક્ષા સોનલના ઘર પાસે ઊભી હતી. દરવાજે જ મને કામિની આન્ટીનો કર્કશ અવાજ સંભળાયો, એટલે દીકરી પ્રત્યે પ્રેમ ન્હોતો એવું ન્હોતું, પણ એક તો સમાજ શું કહેશે? એ અને બીજું પોતાની આર્થિક સદ્ધરતા ન્હોતી એટલે મૂંઝાતા હતા.હું ઘરમાં પ્રવેશી અને મને જોતાં જ સોનલ એકદમ દોડી અને મને ભેટી પડી, અને ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી. મેં તેને છાની રાખતા કહ્યું કે, હું સાંજ સુધી અહીં છું. નિરાંતે રડવું હોય તેટલું રડી લે, પરંતુ શું થયું! એ બધું વિગતે જણાવ!. સિદ્ધિ પાણી લઈને આવી, મેં સોનલને પણ પાણી પીવડાવ્યું અને શાંત કરી. સોનલ મને પોતાનાં રૂમમાં લઈ ગઈ, પણ કામિની આંટીનો હજી ધીમો ધીમો બડબડાટ ચાલુ હતો.

સોનલનાં લગ્ન બહુ જ ધામધૂમથી થયાં હતાં, સંકેત અમારી સાથે જ કોલેજમાં ભણતો હતો, અને રૂપ રૂપનાં અંબાર સમી, સોનલ પર તેનું મન આવી ગયું હતું. સોનલ એક સામાન્ય મા બાપની દીકરી હતી, તો સંકેત એક કરોડપતિ બાપનો એકનો એક દીકરો હતો. સ્ટેટસના પ્રશ્ને પહેલાં, તો સંકેતના પરિવાર વાળાએ આ સંબંધ મંજૂર ન્હતો, પછી દિકરાની જીદ પાસે નમી ગયાં.

સોનલ એ વાતની શરૂઆત કરતાં કહ્યું કેલગ્નનો શરૂઆતનો સમય બહુ સરસ રહ્યો, પછી પૈસાદારોનાં નબીરાનાં શોખ જેમ, સંકેતને પણ અમુક કુટેવો હતી. તે ધીરે ધીરે પ્રકાશમાં આવવાની શરૂ થઈ, સોનલે પ્રેમથી પોતાનાં પતિને સમજાવવાની ઘણી કોશિશ કરી. આ સમય દરમિયાન તે મા પણ બની ગઈ હતી. એટલે દીકરીનો વાસ્તો પણ આપ્યો કે, તમે એક દીકરીનાં બાપ છો, થોડું સમજો તો ખરા વગેરે. પણ સંકેત તો જાણે હવે બદલાય જ ગયો હોય, તેમ મોંડે મોંડે સુધી ક્લબોમાંથી દારૂ પીને પાછા આવવું, સટ્ટો રમવો, અને ક્યારેક તો રાતભર બહાર રહે! પછી તો અન્ય સ્ત્રીઓને ઘરે લાવતો! વિરોધ કરીએ તો ઘરમાં પણ ગાલી ગલોચ, અને મારપીટ પણ શરૂ કરી. દિકરી મોટી થતી જતી હતી. શ્રીમંત કુટુંબમાં લગ્ન થતાં પોતે પણ કોઈ વ્યવસાય શરૂ કર્યો ન્હોતો. તો આ દીકરીને લઈને, હવે ક્યાં જશે? પિયરમાં પણ બાપની હયાતી હતી નહી, અને આર્થિક રીતે પણ પિયર સદ્ધર ન્હોતું,એટલે એ હિસાબે અને સ્ત્રીઓમાં અમુક ગુણ તો હોવા જ જોઈએ! એવી શિખામણો અને સંસ્કાર તો ખરાજ. એટલે સંકેતને દરેક વખતે ક્ષમા કરે રાખતી હતી. ક્ષમા વીરસ્ય ભૂષણમ્ એ ગીતાનું વાક્ય પણ હૃદયમાં જાણે કોતરાયેલ હતું. પણ એક દિવસ સંકેત રાત્રે દારૂ પીને આવ્યો, અને મારી ઈચ્છા નહોતી છતાં મને ઢસડીને બેડ પર પટકી! કપડાં ખેંચવા લાગ્યો, ના પાડી તો મારવાની શરુઆત કરી, અને બારણામાં ઉભેલી સિદ્ધિ આ દ્રશ્ય જોઈ ગઈ,તે એકદમ સહમીને ખૂબ ડરી ગઈ. બીજે દિવસે તેણે મને કહ્યું કે મમ્મી તું ક્ષમા કરીને પપ્પાને વધુ બગડવાનુ પ્રોત્સાહન આપે છે. તે તારા આ ક્ષમાનાં ગુણનો ગેરફાયદો ઉઠાવે છે. મારી રીતે તો એને સુધારવા માટે થઈને પણ તારે હવે ક્ષમા કરવી જોઈએ નહીં, અને એને છોડી દેવા જોઈએ. માત્ર બાર વરસની બાળકી મને જે સમજાવી ગઈ, તે કદાચ બીજું કોઈ મને સમજાવી શક્યુ નહીં. માત્ર દસ જ મિનિટમાં નિર્ણય કરી લીધો, કે હું સંકેતનું ઘર છોડુ છું. મા ની માનસિકતા હું સમજુ છું, પણ હું ક્યાં અભણ છું? બધું જ થઈ રહેશે, એવો મને સિદ્ધિએ દિલાસો આપ્યો છે. મારુ જીવન તો હું ગમે તે રીતે ત્યાં પૂરી કરી નાખત, પણ આ નાનકડી દીકરીને આવું ભવિષ્ય શું કામ આપવું?, કાલે ઉઠીને રુપિયાની અછત થાય તો એ ગમે તે સ્તરે જઈ શકે એમ છે! સંકેત ક્ષમાને યોગ્ય નથી, અને કદાચ જો હું અત્યારે એને ક્ષમા આપું, તો કદાચ આવતીકાલે મારી આ દીકરી સાથે કોઈ ગેર વર્તન થાય તો તે મને ક્ષમા આપશે?, એટલે બહુ લાંબુ વિચાર્યા વગર પણ એકદમ સાચો નિર્ણય મે લઈ લીધો, અને મને સિદ્ધિ દ્વારાક્ષમાની નવી વ્યાખ્યા મળી. મિત્રો આવી તો કેટલીય સોનલ હશે જે ભારતીય સંસ્કારોની બેડીને કારણે પોતાની સાથે થતાં અત્યાચારને ક્ષમા કરી ગૃહસ્થી બચાવતી રહે છે. પરંતુ આજની પેઢીના આ વિચારને પણ વંદન કરવા જોઈએ કે, દરેક વખતે ક્ષમા કરવું એ તેનાં અવગુણને પ્રોત્સાહન આપવા બરાબર છે. ભારતીય સંસ્કૃતિ ખૂબ જ મહાન છે, અને ક્ષમા પણ એક અતિ ઉચ્ચ ગુણ છે, પરંતુ જ્યાં આપણી પછીની પેઢીનું ભવિષ્ય જોખમાતું હોય ત્યારે આવા પગલાને પણ પરિવાર કે સમાજે આવકારવાની તૈયારી બતાવવી જોઈએ.

## વડોદરામાં IAF ઇન્ડસ્ટ્રી આઉટરીચ 2026 કાર્યક્રમ

# ઇન્ડિયન એરફોર્સમાં ડ્રોન ટેકનોલોજી, AI અને અદ્યતન સ્વદેશી સંરક્ષણ ટેકનોલોજી અંગે વિસ્તૃત ચર્ચા થઇ, આત્મનિર્ભર સંરક્ષણ ટેકનોલોજી પર ભાર મૂકાયો



**વડોદરા, તા.30**

વડોદરા એર ફોર્સ સ્ટેશન ખાતે આજે ભારતીય વાયુસેના(IAF) દ્વારા IAF ઈન્ડસ્ટ્રી આઉટરીચ 2026 કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વાયુસેનાની ભવિષ્યની ઓપરેશનલ જરૂરિયાતોને સ્વદેશી ટેકનોલોજી સાથે સાંકળવાનો તેમજ સંરક્ષણ ક્ષેત્રમાં જાહેર-ખાનગી ભાગીદારીને વધુ મજબૂત બનાવવાનો હતો.

આ કાર્યક્રમમાં સંરક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલી સરકારી અને ખાનગી કંપનીઓ, સ્ટાર્ટઅપ્સ, MSME એકમો તેમજ વિવિધ સંશોધન સંસ્થાઓના પ્રતિનિધિઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. અંદાજે 200 જેટલી કંપનીઓની ઉપસ્થિતિએ કાર્યક્રમને વિશેષ મહત્વ આપ્યું હતું. આ પ્રસંગે ડ્રોન ટેકનોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) તેમજ અન્ય અદ્યતન સ્વદેશી સંરક્ષણ ટેકનોલોજી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ભારતીય વાયુસેનાના અધિકારીઓએ ઉદ્યોગજગતને ભવિષ્યની ઓપરેશનલ જરૂરિયાતો વિશે માહિતી આપી હતી તેમજ સંયુક્ત સંશોધન, નવીનતા અને ટેકનોલોજી વિકાસ માટે સહયોગ વધારવાની અપીલ કરી હતી.

કાર્યક્રમ દરમિયાન આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત ભારતીય કંપનીઓનું વાયુસેનામાં સતત વધી રહેલા યોગદાન પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. સ્થાનિક ઉદ્યોગો દ્વારા વિકસાવવામાં આવતી અદ્યતન ટેકનોલોજીને પ્રોત્સાહન આપીને દેશને સંરક્ષણ ક્ષેત્રે વધુ આત્મનિર્ભર અને ટેકનોલોજીકલ રીતે સશક્ત બનાવવાના પ્રયાસોને વેગ આપવા આ કાર્યક્રમને મહત્વપૂર્ણ પહેલ તરીકે જોવામાં આવી રહ્યો છે.

ઈન્ડિયન એરફોર્સના એર કોમોડોર, જી. ડી. સિંગે જણાવ્યું હતું કે, આજની આ ઈન્ડસ્ટ્રી આઉટરીચ ઈવેન્ટમાં ભારતીય ઉદ્યોગોનો સહકાર અને ભાગીદારી ખૂબ જ ઉત્સાહજનક અને પ્રશંસનીય રહ્યા છે. આજે અહીં 200થી પણ વધુ ઈન્ડસ્ટ્રી પાર્ટનર્સ ઉપસ્થિત રહ્યા છે. અમે તેમને એ તમામ વાસ્તવિક પરિસ્થિતિઓથી વાકેફ કર્યા છે જેમાં આપણા વાયુ યોદ્ધાઓ, મેઈન્ટેનન્સ સ્ટાફ, એડમિનિસ્ટ્રેશન અને સિક્યોરિટી સ્ટાફ કાર્ય કરે છે. આનો મુખ્ય હેતુ એ છે કે, દેશના ઉદ્યોગો એ વાતને સમજી શકે કે વાયુસેના કઈ સ્થિતિમાં કામ કરે છે, જેથી 'મેક ઈન ઈન્ડિયા' હેઠળ તેઓ જે પ્રોડક્ટ્સ બનાવી રહ્યા છે, તે અમારી જરૂરિયાતોને બરાબર સુસંગત અને અસરકારક બને. અમને ખૂબ જ સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે અને અમે આશા રાખીએ છીએ કે વાયુસેના અને ઉદ્યોગો વચ્ચેનું આ જોડાણ ભવિષ્યમાં પણ આમ જ જળવાઈ રહેશે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, આ ઈવેન્ટનો મુખ્ય ઉદ્દેશ્ય જ એ છે કે, ઉદ્યોગોને વાયુસેનાની કાર્યપદ્ધતિ નજીકથી બતાવવી. ભારત સરકારના સંશોધન અને વિકાસના વિવિધ પ્રોગ્રામ્સ છે, જેમ કે, 'મેક' પ્રોગ્રામ, 'આઈડેક્સ', રેવન્યુ પ્રોગ્રામ કે પછી 'ટીડીએફ'. આ તમામ હેઠળ જે પ્રોડક્ટ્સ વાયુસેના માટે બનાવવામાં આવી રહ્યા છે, તેના માટે ઉદ્યોગોને ખબર હોવી જોઈએ કે, ભારતીય વાયુસેના કઈ પરિસ્થિતિઓમાં ઓપરેટ કરે છે. આ સમજણથી તેઓ વધુ ગુણવત્તાયુક્ત અને વાયુસેનાની જરૂરિયાતોને અનુરૂપ શ્રેષ્ઠ પ્રોડક્ટ્સ તૈયાર કરી શકશે.

તેઓએ કહ્યું હતું કે, અમારી વચ્ચે તાલમેલ ખૂબ જ સારો રહ્યો છે. અમને એ જણાવતા આનંદ થાય છે કે, હાલમાં અમે ભારતીય ઉદ્યોગો સાથે મળીને 180થી વધુ સંશોધન અને વિકાસના પ્રોજેક્ટ્સ પર કામ કરી રહ્યા છીએ, જે અલગ-અલગ તબક્કામાં છે. આ પ્રતિસાદ ઘણો પ્રોત્સાહક છે અને અમને પૂર્ણ વિશ્વાસ છે કે ભારતીય ઉદ્યોગો વાયુસેનાની જરૂરિયાતો અને માગને પૂરી કરવામાં ચોક્કસપણે સફળ રહેશે.

તેઓએ ઉમેર્યું હતું કે, ભારતીય વાયુસેનાની જરૂરિયાતો અને માગ અંગે 2025માં 'ટેકનોલોજી પર્સ્પેક્ટિવ કેપેબિલિટી રોડમેપ' જાહેર કરવામાં આવ્યો છે, જે આગામી 15 વર્ષનો રોડમેપ છે. આ સિવાય વાયુસેના સમયાંતરે પોતાના 'કમ્પ્રેસિવ કમ્પેન્ડિયમ્સ' પણ બહાર પાડે છે, જે ઉપલબ્ધ છે. આ ઉપરાંત, જે પણ નવી માગ કે જરૂરિયાત ઊભી થાય છે તે સંબંધિત સરકારી વેબસાઈટ્સ પર મૂકવામાં આવે છે. જેમ કે, 'મેક ઈન ઈન્ડિયા'ની વેબસાઈટ પર, 'આઈડેક્સ' માટે DIOની વેબસાઈટ પર અને TDF માટે DRDOની વેબસાઈટ પર આ તમામ વિગતો નિયમિત અપડેટ થાય છે.

# પાંડેસરાના મુક્તિનગરમાં મકાનની ગેલેરી સાથે સીડી ધરાશાયી: નીચે ઉતરવાનો રસ્તો બંધ થતાં પ્રથમ માળે મહિલા ફસાઇ

**સુરત, તા.30**



સુરતમાં ચોમાસાની શરૂઆત થતાં જ જર્જરિત અને જોખમી બાંધકામો ધરાશાયી થવાની ઘટનાઓ સામે આવવા લાગી છે. આજે સવારે સુરતના પાંડેસરા વિસ્તારમાં આવેલી મુક્તિનગર સોસાયટીમાં એક રહેણાંક મકાનની ગેલેરી અને સીડી અચાનક તૂટી પડતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. ગેલેરી અને દાદર ધરાશાયી થવાને કારણે પ્રથમ માળે રહેતા ભાડુઆત મકાનમાં જ ફસાઈ ગયા હતા. આ અંગે તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ઉધના ફાયર સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને પ્રથમ માળે ફસાયેલી મહિલાનું સફળ રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું.

મળતી વિગતો મુજબ, પાંડેસરાના મુક્તિનગર ખાતે આવેલી ગલી નંબર 3માં પ્લોટ નંબર 68ના મકાનમાં આ અકસ્માત સર્જાયો હતો. આ મકાનની માલિકી તિલકરાજ દુબેની હોવાનું જાણવા મળ્યું છે. આજે સવારે આશરે 10:25 વાગ્યે મકાનના પહેલા માળની ગેલેરી અને દાદર અચાનક તૂટી પડી હતી. ગેલેરી અને સીડી તૂટી પડવાના કારણે નીચે ઉતરવાનો રસ્તો બંધ થઈ ગયો હતો, જેના લીધે પહેલા માળે રહેતા 32 વર્ષીય ભાડુઆત ચૌધરી સતીષ ચોંડે મકાનની અંદર જ ફસાઈ ગયા હતા.

ઘટનાની જાણ થતા ઉધના ફાયર સ્ટેશનનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. ઉધના ફાયર સ્ટેશનની ટીમે ઘટનાસ્થળે પહોંચીને ભારે જહેમત બાદ પહેલા માળે ફસાયેલા 32 વર્ષીય ચાંદની સતીષ ચોંડેને સહી-સલામત રીતે રેસ્ક્યૂ કરી બહાર કાઢ્યા હતા. સદનસીબે આ સમગ્ર ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ કે ઈજા થઈ નથી, જેથી સ્થાનિક લોકો અને તંત્રે રાહતનો શ્વાસ લીધો હતો.

ઘટનાની ગંભીરતાને જોતા સુરત મહાનગરપાલિકાના ઉધના ઝોન-Aના શહેરી વિકાસ વિભાગના જુનિયર એન્જિનિયર રાહુલ પટેલ પણ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. તેમણે હાજર રહીને મકાન માલિકને શોધી કાઢ્યા હતા અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત સુરક્ષિતતાના ભાગરૂપે GEB (ગુજરાત એનર્જી બોર્ડ) બમરોલી સબ ડિવિઝનના ઈજનેર મિતેશ એમ. પટેલ પણ સ્ટાફ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને શોર્ટ સર્કિટ ન થાય તે માટે તાત્કાલિક વીજ પુરવઠો સુરક્ષિત કર્યો હતો.

આ સમગ્ર રેસ્ક્યૂ ઓપરેશન ઉધના ફાયર સ્ટેશનના વાહન નંબર GJ-05-GV-3108 સાથે ગયેલા ફાયર ફાઈટર્સ અને અધિકારીઓ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું. ઘટનાસ્થળે એસ.ઓ. નરોત્તમ જી. ખલાસી અને હાજર ફાયર સ્ટાફ દ્વારા ભારે જહેમત બાદ પરિસ્થિતિ પર સંપૂર્ણ કાબૂ મેળવવામાં આવ્યો હતો.

# યાત્રીઓની સુવિધા માટે અમદાવાદ મંડળની 03 જોડી ટ્રેનોમાં અસ્થાયી રૂપે અતિરિક્ત કોચ જોડવામાં આવશે

**અમદાવાદ, તા.30**

યાત્રીઓની વધતી ભીડ તથા યાત્રા માંગને ધ્યાનમાં રાખતાં પશ્ચિમ રેલવેએ નીચે જણાવેલી ટ્રેનોમાં અસ્થાયી રૂપે અતિરિક્ત કોચ જોડવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છે :

v ટ્રેન નંબર 20485/20486 સાબરમતી-જેસલમેર-સાબરમતી ઈન્ટરસિટી એક્સપ્રેસમાં 02 એસી 3-ટિયર અને 01 સ્લીપર કોચ સાબરમતીથી 03 જુલાઈ, 2026 થી 02 ઓગસ્ટ, 2026 સુધી તથા જેસલમેરથી 01 જુલાઈ, 2026 થી 31 જુલાઈ, 2026 સુધી અસ્થાયી રૂપે જોડવામાં આવશે.

v ટ્રેન નંબર 20492/20491 સાબરમતી-જેસલમેર-સાબરમતી સુપરફાસ્ટ એક્સપ્રેસમાં 02 એસી 3-ટિયર અને 01 સ્લીપર કોચ સાબરમતીથી 01 જુલાઈ, 2026 થી 31 જુલાઈ, 2026 સુધી તથા જેસલમેરથી 02 જુલાઈ, 2026 થી 01 ઓગસ્ટ, 2026 સુધી અસ્થાયી રૂપે જોડવામાં આવશે.

v ટ્રેન નંબર 20987/20988 ઉદયપુર સિટી-અસારવા-ઉદયપુર સિટી સુપરફાસ્ટ એક્સપ્રેસમાં 01 સેકન્ડ સીટિંગ કોચ અસારવાથી 02 જુલાઈ, 2026 થી 01 ઓગસ્ટ, 2026 સુધી તથા ઉદયપુર સિટીથી 01 જુલાઈ, 2026 થી 31 જુલાઈ, 2026 સુધી અસ્થાયી રૂપે જોડવામાં આવશે.

યાત્રીઓને જણાવવામાં આવે છે કે તેઓ યાત્રાથી પહેલાં ટ્રેનના સમય, હોલ્ટ અને અન્ય વિગતોની માહિતી માટે www.enquiry.indianrail.gov.in નું અવલોકન કરે.

# રિક્ષાચાલકે બાળક અને દંપતીને જોરદાર ટક્કર મારી

## નશામાં ધૂત હોવાનો સ્થાનિકોનો આક્ષેપ, અકસ્માત કરીને ફૂટપાથ પર રિક્ષા ચડાવી દીધી, સુરત પોલીસે તપાસ શરૂ કરી

**સુરત, તા.30**



સુરતના ભટાર વિસ્તારમાં એક બેફામ બનેલા રિક્ષાચાલકે રોડ પર જઈ રહેલા નિર્દોષ દંપતી અને તેમના નાના માસૂમ બાળકને અડફેટે લીધા હોવાની ચોંકાવનારી ઘટના બની છે. રિક્ષાચાલકની આ ગંભીર બેદરકારી અને જોખમી ડ્રાઈવિંગના દ્રશ્યો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર સુરત શહેરમાં અરેરાટી વ્યાપી ગઈ છે. અકસ્માત એટલો ભયાનક હતો કે ટક્કર વાગતાની સાથે જ મોપેડ સવાર પરિવાર રોડ પર પટકાયો હતો, જેના કારણે સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે, રિક્ષાચાલક નશામાં ધૂત હતો.

સ્થાનિક લોકો અને પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, આ અકસ્માત સર્જનાર રિક્ષાચાલક સંપૂર્ણપણે નશાની હાલતમાં હતો અને ટ્રાફિકના તમામ નિયમો નેવે મૂકીને વાહન હંકારી રહ્યો હતો. સચિન વિસ્તારથી પાંડેસરા તરફ જતા મુખ્ય રસ્તા પર આ રિક્ષાચાલક ગફલતભરી રીતે અને ઝિગ-ઝેગ સ્ટાઈલમાં રિક્ષા દોડાવી રહ્યો હતો.

રસ્તા પરથી પસાર થઈ રહેલા એક જાગૃત યુવકને રિક્ષાચાલકની આ હરકતો શંકાસ્પદ અને જોખમી લાગતા, તેણે પોતાના મોબાઈલ કેમેરામાં આ આખી ઘટના કેદ કરવાનું શરૂ કર્યું હતું. આ યુવકે બનાવેલો લાઈવ વિડીયો જ હવે સોશિયલ મીડિયા પર રિક્ષાચાલકના પાપના પુરાવા તરીકે વાયરલ થઈ રહ્યો છે.

ભટાર વિસ્તારમાં પહોંચતા જ આ રિક્ષાચાલકે રોડ પર આગળ જઈ રહેલા એક મોપેડ (સ્કૂટર)ને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ મોપેડ પર એક દંપતી તેના નાના બાળક સાથે સવાર હતું. રિક્ષાની સ્પીડ એટલી વધારે હતી કે ટક્કર લાગતા જ ત્રણેય જણા રોડ પર ફંગોળાઈ ગયા હતા અને બાઈક ચાલક નીચે પડી ગયો હતો.

આટલું જ નહીં, અકસ્માત સર્જ્યા બાદ પણ રિક્ષાચાલકે સ્ટેયરીંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો અને રિક્ષા સીધી રોડની સાઈડમાં આવેલા ફૂટપાથ પર ચડાવી દીધી હતી. સદનસીબે ફૂટપાથ પર કોઈ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી, પરંતુ માસૂમ બાળક સહિત પરિવારને ઈજાઓ પહોંચી છે.

આ અકસ્માતનો લાઈવ વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર વાયુવેગે વાયરલ થઈ ગયો છે. વીડિયોમાં રિક્ષાચાલકની બેદરકારી સ્પષ્ટપણે જોઈ શકાતી હોવાથી નેટીઝન્સ દ્વારા સુરત પોલીસને ટેગ કરીને કડક કાર્યવાહી કરવાની માગ કરવામાં આવી હતી. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને સુરત પોલીસ પણ તાત્કાલિક એક્શન મોડમાં આવી ગઈ છે. જાહેર માર્ગો પર નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં મૂકનારા આવા તત્વો સામે દાખલારૂપ કાર્યવાહી કરવા માટે ઉચ્ચ અધિકારીઓ દ્વારા આદેશ આપવામાં આવ્યા છે.

ભટાર વિસ્તારમાં બનેલી આ ઘટના અંગે હાલ ખટોદરા પોલીસ મથક દ્વારા સત્તાવાર તપાસનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે. ખટોદરા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર (PI) એન.વી. ભરવાડના જણાવ્યા અનુસાર, સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોને આધારે રિક્ષાના નંબર અને ડ્રાઈવરની ઓળખ મેળવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. પોલીસની અલગ-અલગ ટીમો બનાવીને ફરાર રિક્ષાચાલકની શોધખોળ તેજ કરવામાં આવી છે. પીઆઈએ આશ્વાસન આપ્યું છે કે ટૂંક સમયમાં જ આરોપીની ધરપકડ કરીને તેની સામે કાયદાકીય સકંજો કસવામાં આવશે.

# નેશનલ પોસ્ટલ વર્કર્સ ડે 1 જુલાઈ : વિશ્વભરમાં ડાક કર્મચારીઓના અતૂટ સમર્પણને અપાય છે સન્માન : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

## ભારતીય ડાક માત્ર સંદેશા પહોંચાડવાનું માધ્યમ નથી, પરંતુ સરકારી યોજનાઓ અને જનકલ્યાણકારી સેવાઓ સામાન્ય નાગરિકો સુધી પહોંચાડવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ








**ગાંધીનગર, તા.30**

આજે ભારતીય ડાક માત્ર સંદેશા પહોંચાડવાનું માધ્યમ નથી, પરંતુ દેશના દરેક નાગરિક સુધી વિશ્વાસ, સુવિધા અને સરકારી સેવાઓ પૂરી પાડવા માટે એક શક્તિશાળી તંત્ર બની ગયું છે. વિવિધ સરકારી યોજનાઓ અને જનકલ્યાણકારી સેવાઓ સામાન્ય નાગરિકો સુધી પહોંચાડવામાં પણ ટપાલ કર્મચારીઓ સરકાર અને જનતા વચ્ચે એક મજબૂત તથા વિશ્વસનીય સેતુ તરીકે ઉભરી આવ્યા છે. ટપાલ કર્મચારીઓ લાંબા સમયથી સમાજની સેવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે અને દર વર્ષે 1 જુલાઈએ ઉજવાતો 'નેશનલ પોસ્ટલ વર્કર્સ ડે' તેમના અમૂલ્ય યોગદાનને સન્માનિત કરવા માટે ઉજવવામાં આવે છે. ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે 'નેશનલ પોસ્ટલ વર્કર્સ ડે' ની કલ્પના અમેરિકામાંથી આવી છે, જ્યાં વોશિંગટન રાજ્યના સીએટલ શહેરમાં વર્ષ 1997 માં કર્મચારીઓના સન્માનમાં આ વિશિષ્ટ દિવસની શરૂઆત કરવામાં આવી હતી. ધીમે ધીમે તે ભારત સહિત અન્ય દેશોમાં પણ ઉજવવા લાગ્યો. આ દિવસ સમગ્ર વિશ્વમાં ડાક કર્મચારીઓ દ્વારા આપવામાં આવતી સેવાના માનમાં ઉજવવામાં આવે છે. જેઓ આપણા સમુદાયોને જોડે રાખે છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે સંચાર ક્ષેત્રમાં ડિજિટલીકરણથી વ્યાપક પરિવર્તન આવ્યું હોવા છતાં ટપાલ કર્મચારીઓ આજે પણ વિતરણ વ્યવસ્થાની કરોડરજ્જુ સમાન છે. પ્રતિકૂળ હવામાન અને કઠિન પરિસ્થિતિઓમાં પણ તેઓ દરરોજ લાંબા અંતર કાપીને પત્રો, સ્પીડ પોસ્ટ, પાર્સલ, ઈ-કોમર્સ ઉત્પાદનો અને તબીબી સામગ્રીની સમયસર ડિલિવરી સુનિશ્ચિત કરે છે. ભારતમાં આધાર કાર્ડ, પાસપોર્ટ, પાન કાર્ડ, મતદાર ઓળખપત્ર, ડ્રાઈવિંગ લાઈસન્સ, બેંક ચેકબુક, એટીએમ કાર્ડ, પીએમ વિશ્વકર્મા ટૂલ કીટ, પરીક્ષા સામગ્રી, વિવિધ મંદિરોના પ્રસાદ, ગંગાજળ સહિત અનેક મહત્વપૂર્ણ દસ્તાવેજો અને આવશ્યક સામગ્રીનું વિતરણ પોસ્ટમેન દ્વારા કરવામાં આવે છે. "ડાક સેવા, જન સેવા"ના સંકલ્પ સાથે ભારતીય ડાક ગામડે-ગામડે અને શહેરે-શહેરે પોતાની સેવાઓ પહોંચાડી લોકોનું જીવન વધુ સરળ અને સુવિધાસભર બનાવી રહી છે. ગુજરાત પોસ્ટલ સર્કલમાં, 3,300થી વધુ પોસ્ટમેન તથા 8,000થી વધુ ગ્રામિણ ડાક સેવકો દરરોજ નાગરિકોના ઘર સુધી પહોંચી ટપાલ સેવાઓ પૂરી પાડી રહ્યા છે. તેમના માધ્યમથી દર મહિને સરેરાશ 52 લાખથી વધુ સ્પીડ પોસ્ટ અને પાર્સલ તેમજ 1.55 કરોડથી વધુ સાધારણ પત્રોનું વિતરણ કરવામાં આવે છે. નાણાકીય વર્ષ 2024-2025 માં, સમગ્ર ભારતમાં 3.92 અબજથી વધુ ટપાલ લેખોનું પરિવહન (મેઈલ ટ્રાફિક) નોંધાયો હતો.

ભારતીય ટપાલ સેવાના વરિષ્ઠ અધિકારી તથા ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે પોસ્ટમેન ભારતીય ટપાલ વિભાગનો સૌથી જાણીતો અને વિશ્વસનીય ચહેરો છે. 'ડાકિયા ડાક લાયા' સાથે હવે 'ડાકિયા બેંક લાયા' પણ એટલું જ લોકપ્રિય બન્યું છે. આજે પોસ્ટમેન પોતાના ટપાલ બેગમાં પત્રો સાથે સ્માર્ટફોન આધારિત ડિજિટલ ઉપકરણ પણ લઈને ફરે છે. ગ્રામીણ વિસ્તારોમાં આર્થિક અને સામાજિક સમાવેશને પ્રોત્સાહન આપવા માટે, પોસ્ટમેન અને ગ્રામીણ ડાક સેવકો મોબાઈલ એટીએમ તરીકે કાર્ય કરી રહ્યા છે. તેઓ ડીબીટી, ઈ-કેવાયસી, જન સુરક્ષા યોજનાઓ, આધાર સેવાઓ, પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના, ઈ-શ્રમ કાર્ડ, વાહન વીમા તથા ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ જેવી અનેક સેવાઓ લોકોના ઘર સુધી પહોંચાડી રહ્યા છે. તેઓ પાંચ વર્ષ સુધીના બાળકોનું આધાર નોંધણી તથા ઘર-ઘર જઈ મોબાઈલ નંબર અપડેટ કરવાની સેવા પણ પૂરી પાડી રહ્યા છે. આધાર સક્ષમ ચુકવણી પ્રણાલી દ્વારા નાગરિકોને તેમના વિવિધ બેંક ખાતાઓમાંથી ઘર બેઠાં રોકડ ઉપાડવાની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. ગ્રામ્ય, આદિવાસી, પર્વતીય અને દૂરદરાજના વિસ્તારોમાં, જ્યાં ડિજિટલ અથવા ખાનગી કુરિયર સેવાઓ ઉપલબ્ધ નથી, ત્યાં આજે પણ પોસ્ટમેન લોકો માટે સૌથી વિશ્વસનીય સંપર્કસૂત્ર અને આવશ્યક સેવાઓ પહોંચાડવાનું મુખ્ય માધ્યમ છે. ભારતીય ડાક વિશ્વાસ, સંવાદ અને સુવિધાને દેશના દરેક ઘર સુધી પહોંચાડીને સતત રાષ્ટ્ર નિર્માણમાં પોતાની મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહી છે.

# 15 વર્ષના વૈભવ સૂર્યવંશીની એન્ટ્રી માટે આ ખેલાડીનું કપાશે પત્તું! જુઓ ભારતની સંભવિત પ્લેઈંગ-11

**નવી દિલ્હી, તા.30**

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે 5 મેચોની T20 સીરિઝની પ્રથમ મેચ 1 જુલાઈએ ચેસ્ટર-લી-સ્ટ્રીટના રિવરસાઈડ ગ્રાઉન્ડ પર રમાશે. આયરલેન્ડ સામે બેલફાસ્ટમાં રમાયેલી T20 સીરિઝમાં 2-0થી કારમો પરાજય મળ્યા બાદ, ભારતીય મેન્સ ક્રિકેટ ટીમ માટે આ સીરિઝ ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની ગઈ છે. ઈંગ્લેન્ડ સામેની સીરિઝ ઓપનર મેચમાં ભારતીય ટીમ પોતાની પ્લેઈંગ 11માં કેટલાક મોટા ફેરફારો કરે તેવી પૂરેપૂરી સંભાવના છે.






આયરલેન્ડ સામેની બંને મેચોમાં બેન્ચ પર બેઠા બાદ, 15 વર્ષીય યુવા બેટિંગ સનસનાટી વૈભવ સૂર્યવંશી બુધવારે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ડેબ્યૂ કરી શકે છે. આ આક્રમક યુવા ઓપનરને સંજુ સેમસનની જગ્યાએ પ્લેઈંગ 11માં સ્થાન આપવામાં આવે તેવી આશા છે.

સંજુ સેમસન, જેણે ICC મેન્સ T20 વર્લ્ડ કપ 2026માં 'પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ'નો એવોર્ડ જીત્યો હતો, તે આયરલેન્ડ સામે ઓપનર તરીકે ફ્લોપ રહ્યો હતો. બેલફાસ્ટમાં રમાયેલી પ્રથમ મેચમાં તે માત્ર 5 રન બનાવી શક્યો હતો, જ્યારે રવિવારે રમાયેલી બીજી મેચમાં તે ગોલ્ડન ડક પર આઉટ થયો હતો.

સેમસન ઓપનર તરીકે પોતાનું સ્થાન ગુમાવે તે લગભગ નક્કી છે, પરંતુ તે વિકેટકીપર-બેટ્સમેન તરીકે ટીમમાં રહેશે કે નહીં તે જોવાનું રહેશે. આયરલેન્ડ સામેની પ્રથમ મેચમાં સેમસને વિકેટકીપિંગ કર્યું હતું, જ્યારે બીજી મેચમાં ઈશાન કિશને ગ્લોઝ સંભાળ્યા હતા. જોકે, કિશન પણ બેટથી ખાસ કમાલ કરી શક્યો નહોતો અને તેણે પ્રથમ મેચમાં 1 રન અને બીજી મેચમાં 11 બોલમાં 12 રન કર્યા હતા.

જો ટીમ મેનેજમેન્ટ ટોપ ઓર્ડરમાં ત્રણ ડાબોડી બેટ્સમેનોને એકસાથે રમાડવા ન માંગતું હોય, તો સેમસનના સ્થાને ઈશાન કિશનને પણ પ્લેઈંગ 11 માંથી બહાર બેસવું પડી શકે છે.

બીજી તરફ, T20ના નંબર 1 બેટ્સમેન અભિષેક શર્માએ આયરલેન્ડ સામેની પ્રથમ મેચમાં 20 બોલમાં 49 રનની તોફાની ઈનિંગ રમી હતી, જેના કારણે ઈંગ્લેન્ડ સામેની પ્રથમ મેચમાં તેનું સ્થાન સુરક્ષિત માનવામાં આવે છે.

આયરલેન્ડ સામે ડેબ્યૂ કરનાર મુંબઈના ઓલરાઉન્ડર સૂર્યાંશ શેડગે પ્રથમ મેચમાં બેટ કે બોલ બંનેથી પ્રભાવિત કરી શક્યો નહોતો. જો તેને ડ્રોપ કરવામાં આવે, તો વોશિંગ્ટન સુંદરની ટીમમાં વાપસી થઈ શકે છે.

ભારતીય ટીમ મેનેજમેન્ટ નવા કેપ્ટન શ્રેયસ અય્યર પાસેથી પણ સારા પ્રદર્શનની આશા રાખશે. ભારતના ઈતિહાસમાં કોઈ પણ કેપ્ટન પોતાની શરૂઆતની ત્રણેય T20 મેચ હાર્યો નથી. અય્યર આ અનિચ્છનીય રેકોર્ડ પોતાના નામે કરવાનું ટાળવા માંગશે. ઓલરાઉન્ડર અક્ષર પટેલ પર પણ ટીમ મિડલ ઓર્ડરમાં મોટી જવાબદારી રહેશે.

ઈંગ્લેન્ડ સામેની પ્રથમ T20 માટે ભારતની સંભવિત પ્લેઈંગ 11: અભિષેક શર્મા, વૈભવ સૂર્યવંશી, ઈશાન કિશન (વિકેટકીપર), શ્રેયસ અય્યર (કેપ્ટન), તિલક વર્મા, શિવમ દુબે, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ, પ્રિન્સ યાદવ.

# IPL ક્રિકેટર પર કર્મચારીને ઢોર માર મારવાનો આરોપ, રૌફ જમાવતા કહ્યું- SP અમારા ત્યાં ઝાડુ મારે છે

**નવી દિલ્હી, તા.30**




મધ્યપ્રદેશના ભોપાલમાં આઈપીએલમાં રમી ચૂકેલા જાણીતા ક્રિકેટર શશાંક સિંહ અને તેમના પિતા શૈલેષ સિંહ, જેઓ નિવૃત્ત સ્પેશિયલ ડીજી છે, તેમની મુશ્કેલીઓમાં મોટો વધારો થયો છે. ભોપાલ પોલીસે આ બંને વિરુદ્ધ પોતાના જ બંગલામાં કામ કરતા એક કર્મચારી સાથે મારપીટ અને ગેરવર્તણૂક કરવાના ગંભીર આરોપ હેઠળ કેસ દાખલ કર્યો છે. આ મામલામાં ફરિયાદ મળ્યાના 24 કલાક બાદ પોલીસે FIR નોંધી છે.

આ હાઈ-પ્રોફાઈલ કેસમાં પીડિત કર્મચારી એ જણાવ્યું છે કે, મને અહીં કામ માટે મોકલવામાં આવ્યો હતો. મને એવું કહેવામાં આવ્યું હતું કે જો હું ત્યાં કામ કરીશ તો મને કાયમી નોકરી મળી જશે. પરંતુ હું જેવો બંગલાની અંદર ગયો, મને આખો દિવસ ઊભો રાખવામાં આવતો અને જે પણ કહેવામાં આવે તે બધું જ કામ કરાવતા હતા. જો હું કામ ન કરું તો મને ગાળો દેવામાં આવતી હતી. તેઓ મારી સાથે ખૂબ જ અપમાનજનક રીતે વાત કરતા હતા. તેઓ પોતે ગુંડા જેવું વર્તન કરી રહ્યા હતા અને ઉલટાનું મારા પર જ ગુંડા હોવાનો આરોપ લગાવતા હતા. તેમણે મારો મોબાઈલ ફોન પણ 3 દિવસ સુધી પોતાની પાસે રાખ્યો હતો. તેઓ દરરોજ મારી સાથે ગેરવર્તન કરતા હતા અને મને ખરાબ રીતે માર મારતા હતા.

પીડિત કર્મચારીએ આ ઘટના પાછળના મુખ્ય ચહેરાઓ અને તેમની ક્રૂરતાનો ખુલાસો કરતા ગંભીર આક્ષેપો કર્યા છે. યુવકે આપવીતી જણાવતા કહ્યું છે કે, શશાંક સિંહ, તેમના પિતા અને તેમના ડ્રાઈવરે મળીને મારા પર હુમલો કર્યો હતો. એટલામાં જ ત્યાં શશાંકની બહેન આવી અને કહ્યું કે, 'આને જાનથી મારી નાખો.' હું ત્યાં માત્ર હાથ જોડીને ઊભો રહ્યો હતો અને વિનંતી કરતો હતો, પણ તેઓ કોઈનું સાંભળવા તૈયાર નહોતા.

પીડિતના જણાવ્યા મુજબ, આરોપી ક્રિકેટર અને તેના પિતાએ રૌફ જમાવતા કહ્યું હતું કે, ભૂતપૂર્વ મુખ્યમંત્રી કમલનાથ પણ તેમની સામે નમતા હતા અને SP કક્ષાના અધિકારી તો તેમના ત્યાં કચરા પોતું કરવા આવતા હતા.

આ હાઈ-પ્રોફાઈલ મામલામાં હજુ સુધી શશાંક સિંહ કે તેમના પિતા તરફથી કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી. ભોપાલ પોલીસે આ મામલે ગુનો નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બ્રાઝિલ સામે હાર બાદ જાપાનના કોચ અને ખેલાડીઓએ ફેન્સની સામે ઝૂકીને માફી માંગી: ફિફા વર્લ્ડકપમાં હૃદયસ્પર્શી દૃશ્યો

**નવી દિલ્હી, તા.30**

ફિફા વર્લ્ડ કપ 2026માં રવિવારે રમાયેલી રોમાંચક મેચમાં બ્રાઝિલ સામે 2-1થી પરાજય થતાં જાપાનની સફરનો અંત આવ્યો છે. રાઉન્ડ ઓફ 32ની આ મેચમાં કારમી હાર બાદ જાપાનના હેડ કોચ હાજીમે મોરિયાસુ અને તેમના ખેલાડીઓ મેદાન પર જ ભાવુક થઈ ગયા હતા. જાપાનીઝ ટીમે સ્ટેડિયમમાં હાજર પોતાના પ્રશંસકો સમક્ષ નમીને માફી માગી હતી અને સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન મળેલા સમર્થન બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આ હૃદયસ્પર્શી દ્રશ્યોએ વિશ્વભરના ફૂટબોલ ચાહકોના દિલ જીતી લીધા છે. મેચની વાત કરીએ તો, ફર્સ્ટ હાફમાં જાપાનના કાઈશુ સાનોએ શાનદાર



ગોલ કરીને ટીમને લીડ અપાવી હતી, જેના કારણે પાંચ વખતની ચેમ્પિયન બ્રાઝિલની ટીમ દબાણમાં આવી ગઈ હતી. જોકે, બીજા હાફમાં બ્રાઝિલે જોરદાર વાપસી કરી હતી. કેસેમિરોએ ગોલ કરીને સ્કોર 1-1થી બરાબર કર્યો હતો. મેચ જ્યારે એક્સ્ટ્રા ટાઈમ તરફ વધી રહી હતી, ત્યારે જ સ્ટોપેજ ટાઈમની 5મી મિનિટે ગેબ્રિયલ માર્ટિનેલીએ વિનિંગ ગોલ ફટકારીને બ્રાઝિલને રાઉન્ડ ઓફ 16માં પહોંચાડી દીધું હતું. મેચ પૂરી થવાની વ્હીસલ વાગતાની સાથે જ કોચ મોરિયાસુએ તમામ ખેલાડીઓને મેદાનની વચ્ચે એકઠા કર્યા હતા. ટીમને સંબોધિત કરતી વખતે કોચ પોતે આંસુ રોકી શક્યા નહોતા. ત્યારબાદ તેઓ ખેલાડીઓ સાથે જાપાનીઝ સપોર્ટર્સ તરફ આગળ વધ્યા હતા. કોચ અને ટીમના તમામ સભ્યોએ ચાહકો સમક્ષ ઊંડા આદર સાથે માથું નમાવ્યું હતું. હારના આ આઘાત વચ્ચે પણ પ્રશંસકોએ તાળીઓના ગડગડાટ સાથે ખેલાડીઓની હિંમત વધારી હતી અને ટૂર્નામેન્ટમાં તેમના શાનદાર પ્રદર્શનને બિરદાવ્યું હતું.

# ફિફા વર્લ્ડકપમાં મોટો ઉલટફેર: ઈતિહાસમાં પહેલીવાર જર્મની પેનલ્ટી શૂટઆઉટમાં હાર્યું, પેરાગ્વેએ રચ્યો ઈતિહાસ

**નવી દિલ્હી, તા.30**

ફિફા વિશ્વ કપ 2026 (FIFA World Cup 2026)ના રાઉન્ડ ઓફ 32 માં ફૂટબોલ જગતનો સૌથી મોટો ઉલટફેર જોવા મળ્યો છે. મંગળવારે બોસ્ટન સ્ટેડિયમ ખાતે રમાયેલા હાઈ-વોલ્ટેજ મુકાબલામાં પેરાગ્વેએ 4 વખતની વર્લ્ડ ચેમ્પિયન જર્મનીને પેનલ્ટી શૂટઆઉટમાં 4-3 થી હરાવીને ટૂર્નામેન્ટમાંથી બહાર ફેંકી દીધું છે. નિર્ધારિત સમય સુધી બંને ટીમો 1-1 ની બરાબરી પર રહી હતી. જેના કારણે મેચનો ફેંસલો પેનલ્ટી શૂટઆઉટ દ્વારા કરવામાં આવ્યો હતો. ફિફા વર્લ્ડ કપના ઈતિહાસમાં જર્મનીની ટીમ આ અગાઉ ક્યારેય



પણ પેનલ્ટી શૂટઆઉટમાં હારી ન હતી, પરંતુ પેરાગ્વેએ આ અજેય રેકોર્ડ તોડીને અંતિમ-16 (રાઉન્ડ ઓફ 16) માં જગ્યા બનાવી લીધી છે. મેચની શરૂઆતથી જ બંને ટીમોએ આક્રમક રમત રમી હતી. મેચની 42મી મિનિટે જુલિયો એન્સિસોએ શાનદાર ગોલ કરીને પેરાગ્વેને 1-0 ની લીડ અપાવી દીધી હતી. જો કે, બીજા હાફમાં જર્મનીએ જોરદાર વાપસી કરી હતી. ફ્લોરિયન વિર્ટ્ઝના શાનદાર ક્રોસ પાસ પર કાઈ હેવર્ટ્ઝે હેડર દ્વારા ગોલ કરીને સ્કોર 1-1 ની બરાબરી પર લાવી દીધો હતો. ત્યારબાદ જર્મનીના જોનાથન ટાહે પણ વધુ એક હેડર ગોલ કર્યો હતો, પરંતુ રેફરીએ તેને અમાન્ય જાહેર કર્યો હતો. નિર્ધારિત સમય સુધી સ્કોર લાઈન 1-1 રહેતા મેચ શૂટઆઉટમાં પ્રવેશી હતી.

શૂટઆઉટની શરૂઆત જર્મની માટે ખરાબ રહી કારણ કે કાઈ હેવર્ટ્ઝની પહેલી જ પેનલ્ટી પેરાગ્વેના ગોલકીપરે રોકી લીધી હતી. ત્યારબાદ પેરાગ્વે તરફથી મોરિસિયો અને ગુસ્તાવો ગોમેઝે ગોલ કર્યા હતા. જ્યારે જર્મની માટે જોશુઆ કિમીચ અને જમાલ મુસિયાલાએ સ્કોર 2-2 ની બરાબરી પર રાખ્યો હતો. રોમાંચ ત્યારે વધ્યો જ્યારે મટિયાસ ગેલાર્ઝાએ ગોલ કરીને પેરાગ્વેને આગળ કર્યું અને જર્મનીના નિક વોલ્ટેમેડનો શોટ રોકાઈ ગયો. જો કે, અનુભવી ગોલકીપર મેન્યુઅલ નોયરે એન્ટોનિયો સનાબ્રિયા અને ફેબિયન બાલબુએનાના શાનદાર શોટ્સ રોકીને જર્મનીની આશા છેલ્લી ઘડી સુધી જીવંત રાખી હતી અને નાદિમ અમીરીએ સ્કોર 3-3 કર્યો હતો. ભારે દબાણ વચ્ચે પેરાગ્વેને ત્રીજો નિર્ણાયક મોકો મળ્યો હતો. જોસે કનાલેએ કોઈ પણ ભૂલ કર્યા વિના શાનદાર પેનલ્ટી ફટકારીને બોલને ગોલપોસ્ટમાં ધકેલી દીધો હતો અને પોતાની ટીમને 4-3 થી ઐતિહાસિક જીત અપાવી હતી.

# શ્રદ્ધાની 'ઈઠા' અને અજયની 'ચૌહાણ' બંને રિલીઝ પહેલાં જ વિવાદમાં

**મુંબઈ, તા.30**

બોલિવૂડની બે બહુચર્ચિત ફિલ્મો શ્રદ્ધા કપૂરની'ઈઠા' અને અજય દેવગનની 'ચૌહાણ' રિલીઝ પહેલાં જ વિવાદોમાં ઘેરાઈ ગઈ છે. એક તરફ શ્રદ્ધાની 'ઈઠા'નાં નામને લઈને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) અને લોકપ્રિય લાવણી કલાકાર વિઠાબાઈ નારાયણગાંવકરના પરિવારે વિરોધ નોંધાવ્યો છે, તો બીજી તરફ અજય દેવગનની આગામી ફિલ્મ 'ચૌહાણ' સામે ક્ષત્રિય પરિષદે રાજપૂત ઈતિહાસ અને ઓળખનાં કથિત દુરુપયોગનો આરોપ લગાવી કડક વાંધો વ્યક્ત કર્યો છે. બંને વિવાદોએ ફરી એકવાર ફિલ્મોનાં નામ, ઐતિહાસિક પાત્રો અને સાંસ્કૃતિક વારસાના સંવેદનશીલ મુદ્દાઓને ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધા છે. શ્રદ્ધા કપૂરની આગામી ફિલ્મ 'ઈઠા' મહારાષ્ટ્રનાં સુપ્રસિદ્ધ લાવણી અને તમાશા સમ્રાજ્ઞી વિઠાબાઈ નારાયણગાંવકરના જીવન પર આધારિત બાયોપિક છે. ફિલ્મનું ટીઝર રિલીઝ થતાં જ શ્રદ્ધાના અભિનય અને લૂકની પ્રશંસા થઈ હતી, પરંતુ ફિલ્મનાં નામને લઈને વિવાદ ઊભો થયો



છે. આ અંગેના અહેવાલ અનુસાર, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીનાં ફિલ્મ અને સાંસ્કૃતિક વિભાગે ફિલ્મનાં નામ સામે વાંધો ઉઠાવ્યો છે. પાર્ટીનું કહેવું છે કે જ્યારે ફિલ્મ સંપૂર્ણપણે વિઠાબાઈ નારાયણગાંવકરના જીવન પર આધારિત છે, ત્યારે તેનું નામ પણ 'વિઠાબાઈ' અથવા 'વિઠા' રાખવું જોઈએ. એનસીપીનાં ફિલ્મ અને સાંસ્કૃતિક વિભાગના મહારાષ્ટ્ર પ્રમુખ બાબાસાહેબ પાટીલે જણાવ્યું કે વિઠાબાઈએ મહારાષ્ટ્રની લાવણી અને તમાશા કળાને વિશ્વસ્તરે ઓળખ અપાવી હતી, તેથી તેમનાં નામને યોગ્ય સન્માન મળવું જોઈએ. એનસીપી બાદ વિઠાબાઈ નારાયણગાંવકરના પરિવારજનોએ પણ ફિલ્મનું નામ બદલવાની માંગ કરી છે. તેમનાં પુત્રો કૈલાશ અને રાજેશ નારાયણગાંવકર તેમજ પૌત્ર મોહિત નારાયણગાંવકરે નિર્માતાઓને અપીલ કરી છે કે ફિલ્મને વિઠાબાઈના નામથી જ રજૂ કરવામાં આવે.

પરિવારનું માનવું છે કે ફિલ્મ માત્ર મનોરંજન પૂરતી નથી, પરંતુ આવનારી પેઢીને વિઠાબાઈના અસાધારણ યોગદાનથી પરિચિત કરાવવાનું માધ્યમ પણ છે. જો ફિલ્મ તેમના નામથી રજૂ થશે તો તેમની ઓળખ વધુ મજબૂત બનશે.

ફિલ્મનાં ટીઝરમાં શ્રદ્ધા કપૂર ગર્ભવતી લાવણી કલાકારનાં પાત્રમાં જોવા મળે છે. પ્રસૂતિની પીડા વચ્ચે પણ તે મંચ પર પરફોર્મ કરવાનું છોડતાં નથી. જીવનાં જોખમે પણ કળા પ્રત્યેની નિષ્ઠા દર્શાવતો આ દ્રશ્ય દર્શકોને ભાવુક બનાવી રહ્યો છે. શ્રદ્ધાનો આ લૂક અને અભિનય અત્યારથી જ ચર્ચામાં છે. જોકે, ફિલ્મના દિગ્દર્શક લક્ષ્મણ ઉટેકર અને નિર્માતા મેડોક ફિલ્મ્સે હજુ સુધી વિવાદ અંગે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી.

બીજી તરફ અજય દેવગન અભિનીત 'ચૌહાણ' પણ વિવાદમાં આવી ગઈ છે. નીરજ યાદવના દિગ્દર્શનમાં બની રહેલી આ ફિલ્મની જાહેરાત અજય દેવગનના પિતા અને પ્રખ્યાત એક્શન ડિરેક્ટર વીરુ દેવગનની જન્મજયંતિ નિમિત્તે કરવામાં આવી હતી.

ટીઝરમાં સંભળાતો સંવાદ "પઠાણોં સે કહના, ચૌહાણ આ રહા હૈ" સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યો હતો. હવે ક્ષત્રિય પરિષદે આ સંવાદ અને ફિલ્મના શીર્ષક સામે સત્તાવાર વિરોધ નોંધાવ્યો છે.

ક્ષત્રિય પરિષદે પોતાનાં નિવેદનમાં આરોપ લગાવ્યો છે કે ફિલ્મમાં ચૌહાણ રાજપૂત વંશના ઐતિહાસિક વારસાનો ઉપયોગ સમકાલીન રાજકીય અને સાંપ્રદાયિક મુદ્દાઓ સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

પરિષદે જણાવ્યું કે ચૌહાણ વંશ ભારતીય ઈતિહાસનો ગૌરવપૂર્ણ અધ્યાય છે અને તેનો ઉપયોગ રાજકીય અથવા વૈચારિક હેતુઓ માટે ન થવો જોઈએ. સંસ્થાએ સ્પષ્ટ કહ્યું કે રાજપૂત સમાજે આવા કોઈ વિવાદને જન્મ આપ્યો નથી, છતાં વારંવાર તેમના ઈતિહાસને રાજકીય ચર્ચાઓમાં ખેંચવામાં આવે છે. ભારતીય ઈતિહાસને માત્ર ધાર્મિક અથવા સાંપ્રદાયિક દૃષ્ટિકોણથી જોવો યોગ્ય નથી. મધ્યકાલીન ભારતના રાજકીય સંબંધો રાજ્યહિત, લશ્કરી વ્યૂહરચના અને વફાદારી પર આધારિત હતા. તેથી ઐતિહાસિક પાત્રો અને રાજપૂત ઓળખને આધુનિક રાજકીય વિવાદો સાથે જોડવાનો પ્રયાસ ઈતિહાસ સાથે અન્યાય સમાન છે. સંસ્થાએ ફિલ્મ નિર્માતાઓ, રાજકીય આગેવાનો અને મીડિયાને ઈતિહાસ તથા સાંસ્કૃતિક વારસાને જવાબદારીપૂર્વક રજૂ કરવાની અપીલ કરી છે. 'ચૌહાણ'ના નિર્માતાઓ, દિગ્દર્શક નીરજ યાદવ અથવા અભિનેતા અજય દેવગન તરફથી પણ આ વિવાદો અંગે કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

# પ્રિયંકા, મહેશબાબુની 'વારાણસી' માટે હૈદરાબાદમાં યુદ્ધ સીન શૂટ થશે

**મુંબઈ, તા.30**

એસ.એસ. રાજામૌલી ફરી એકવાર પોતાનાં આગામી મેગા પ્રોજેક્ટ 'વારાણસી' સાથે સિનેમાના માપદંડોને નવી ઊંચાઈએ લઈ જવા તૈયાર છે. મહેશબાબુ, પ્રિયંકા ચોપરા અને પૃથ્વીરાજ સુકુમારનની આ ફિલ્મનું આગામી શેડ્યૂલ 7 જુલાઈથી હૈદરાબાદમાં શરૂ થવાનું છે, જેમાં ફિલ્મનાં સૌથી વિશાળ અને પડકારજનક યુદ્ધનાં દ્રશ્યનું શૂટ કરવામાં આવશે.



અહેવાલો મુજબ, આ ભવ્ય યુદ્ધ સિક્વન્સમાં મહેશ બાબુ સાથે આશરે 3,500 જુનિયર આર્ટિસ્ટ્સ પણ જોડાશે. આ દ્રશ્યનું સફળતાપૂર્વક શૂટ કરવા માટે નિર્માતા ટીમ છેલ્લા કેટલાક અઠવાડિયાઓથી વિશેષ તૈયારીઓમાં વ્યસ્ત છે. રાજામૌલીની અગાઉની ફિલ્મો બહુબલી, બાહુબલી 2માં જોવા મળેલી ભવ્યતા કરતાં પણ આ સિક્વન્સ વધુ વિશાળ હોવાનું કહેવાઈ રહ્યું છે.

તાજેતરમાં પેરિસ ખાતે લા સિનેમાથેક ફ્રેન્સેમાં યોજાયેલા વિશેષ કાર્યક્રમ દરમિયાન રાજામૌલીએ ફિલ્મ'વારાણસી'ની પ્રથમ ઝલક રજૂ કરી હતી. યુરોપિયન દર્શકો સમક્ષ પ્રથમ વખત રજૂ કરાયેલી આ ફૂટેજને જોરદાર તાળીઓ અને પ્રશંસા મળી હતી, જેના કારણે ફિલ્મ પ્રત્યેની ઉત્સુકતા વધી ગઈ છે.

હૈદરાબાદમાં શૂટ થનારા આ યુદ્ધ સિક્વન્સની સૌથી મોટી ખાસિયત તેનો પોસ્ટ-પ્રોડક્શન સ્કેલ હશે. સેટ પર હાજર 3,500 કલાકારોને અદ્યતન VFX ટેક્નોલોજીની મદદથી ડિજિટલી વધારીને લગભગ 50,000 'વાનરો'ની વિશાળ સેનામાં રૂપાંતરિત કરવામાં આવશે. ફિલ્મ સાથે સંકળાયેલા સુત્રોના જણાવ્યા અનુસાર, નિર્માતા ટીમ ભારતીય સિનેમાના ઈતિહાસનું સૌથી વિશાળ યુદ્ધ દ્રશ્ય સર્જવાનો પ્રયાસ કરી રહી છે. જો આ યોજના સફળ થશે તો 'વારાણસી' ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં વિઝ્યુઅલ ઈફેક્ટ્સ અને ભવ્યતાનો નવો રેકોર્ડ સ્થાપિત કરી શકે છે. 'વારાણસી' એક મેગા-બજેટ પૌરાણિક એક્શન-એડવેન્ચર ફિલ્મ તરીકે તૈયાર થઈ રહી છે. ફિલ્મની વાર્તા વિવિધ સમયરેખાઓમાં પ્રવાસ કરતા નાયકના રોમાંચક સાહસો પર આધારિત હોવાનું કહેવાય છે. મહેશ બાબુ, પ્રિયંકા ચોપરા અને પૃથ્વીરાજ સુકુમારન જેવા દિગ્ગજ કલાકારોની હાજરી ફિલ્મને વધુ ભવ્ય બનાવે છે. આ ફિલ્મ એપ્રિલ 2027 અથવા ઉત્તરાયણ આસપાસ રિલીઝ થવાની શક્યતા છે.

# 'મૈં વાપસ આઉંગા' બાદ હવે 'આલ્ફા' પર શર્વરીની નજર

**મુંબઈ, તા.30**

શર્વરી માટે હાલ કારકિર્દીનો સૌથી ખાસ તબક્કો ચાલી રહ્યો છે. એક તરફ ઈમ્તિયાઝ અલીની રોમેન્ટિક ડ્રામા 'મૈં વાપસ આઉંગા'ને દર્શકોનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે, તો બીજી તરફ તે હવે યશ રાજ ફિલ્મ્સના સ્પાય યુનિવર્સની ફિલ્મ 'આલ્ફા'ની રિલીઝ માટે તૈયાર છે. 3 જુલાઈએ આવનારી આ ફિલ્મને લઈને શર્વરી ખૂબ જ ઉત્સાહિત છે.

ફિલ્મને મળી રહેલા પ્રતિસાદ અંગે શર્વરીએ કહ્યું, "સાચું કહું તો 'મૈં વાપસ આઉંગા'ને દરેક તરફથી મળી રહેલા પ્રેમથી હું અભિભૂત થઈ ગઈ છું. એક એક્ટર તરીકે તમે હંમેશા એવી વાર્તાનો ભાગ બનવાનું સપનું જુઓ છો, જે લોકોનાં દિલને સ્પર્શે. મારા




અભિનયને દર્શકોએ આટલો પ્રેમ આપ્યો છે, તે મારા માટે ખૂબ જ નમ્ર બનાવે એવો અને સંતોષકારક અનુભવ છે." તેણે ફિલ્મની સફળતાનો સંપૂર્ણ શ્રેય દિગ્દર્શક ઈમ્તિયાઝ અલીને આપતાં કહ્યું, "હું ઈમ્તિયાઝ અલી સરની ખૂબ આભારી છું. મારી કારકિર્દીની આ મહત્વપૂર્ણ ક્ષણ માટે હું તેમને જ શ્રેય આપું છું. કેપ્ટન ઓફ ધ શિપ તરીકે તેમની દ્રષ્ટિ અને આ ભાવનાત્મક વાર્તા પ્રત્યેનો તેમનો જુસ્સો દેશભરના દર્શકોને સ્પર્શી ગયો છે."

શર્વરીએ પોતાની આગામી ફિલ્મ 'આલ્ફા' અંગે પણ આવી જ આશા વ્યક્ત કરી છે. તેણે જણાવ્યું, "જેમણે 'મૈં વાપસ આઉંગા'ને પ્રેમ આપ્યો છે તેમનો હું હંમેશા આભાર માનું છું. સિનેમા આપણને એકબીજા સાથે જોડે છે અને ખુશી આપે છે, એ વાત ફરી એકવાર અનુભવી છે. આ મહિનો મારા માટે પહેલેથી જ જાદુઈ રહ્યો છે અને હવે હું દિલથી ઈચ્છું છું કે 'આલ્ફા'ને પણ દર્શકોનો એટલો જ પ્રેમ અને

તેણે ઉમેર્યું, "'મૈં વાપસ આઉંગા' અને 'આલ્ફા' બંને એક જ મહિનામાં દર્શકોના દિલ જીતી લે, તો મારા માટે તે સપનું સાકાર થવા જેવું હશે. હાલમાં હું મને મળી રહેલા પ્રેમ માટે આભારી છું અને આગળ આવનારી દરેક ક્ષણની આતુરતાથી રાહ જોઈ રહી છું."

# મોટાભાગના કાસ્ટિંગ ડિરેક્ટર્સ નિષ્ફળ કલાકારો હોય છે - વિક્રાંત મેસી

**મુંબઈ, તા.30**

જાણીતા એક્ટર વિક્રાંત મેસીએ બોલિવૂડની ઓડિશન પ્રક્રિયા અને કાસ્ટિંગ કલ્ચર અંગે પોતાના અનુભવો શેર કર્યા છે. તેણે કહ્યું કે ઈન્ડસ્ટ્રીમાં શરૂઆતનાં વર્ષોમાં તેને અનેક વખત નિષ્ફળતાનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ એ જ અનુભવો તેને વધુ સારો એક્ટર બનવામાં મદદરૂપ થયા છે. બેંગલુરુમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન

વિક્રાંતે કાસ્ટિંગ ડિરેક્ટર્સ અને કાસ્ટિંગ આસિસ્ટન્ટ્સ વિશે સ્પષ્ટ અભિપ્રાય વ્યક્ત કરતાં કહ્યું, "મોટાભાગનાં કાસ્ટિંગ ડિરેક્ટર્સ અને કાસ્ટિંગ આસિસ્ટન્ટ્સ પોતે નિષ્ફળ અથવા સ્ટ્રગલિંગ એક્ટર્સ હોય છે. 'નિષ્ફળ' શબ્દ કદાચ યોગ્ય નથી, પરંતુ તેઓ એવા



કલાકારો છે, જેઓ પોતાની ક્ષમતાને સંપૂર્ણ રીતે સાકાર કરી શક્યા નથી."

વિક્રાંતે જણાવ્યું કે ઘણા લોકો આ કામ માત્ર રોજગાર માટે કરે છે, પરંતુ કેટલાક લોકો પોતાની નિરાશા ઓડિશન રૂમમાં પણ વ્યક્ત કરતા હોય છે. તેણે કહ્યું, "ઘણા લોકો પરિવાર ચલાવવા માટે આ નોકરી કરે છે, પરંતુ તેમની અંદર ક્યાંક કડવાશ પણ હોય છે. દરેક કાસ્ટિંગ આસિસ્ટન્ટ તમને એક્ટિંગ શીખવવાનો પ્રયાસ કરે છે. તેઓ કેમેરા પાછળ ઊભા રહીને તમને પોતાની રીતે અભિનય કરાવવા માંગે છે, પછી ભલે તમે સારી તૈયારી સાથે આવ્યા હોય."

વિક્રાંતે ઉમેર્યું કે કારકિર્દીનાં શરુઆતનાં તબક્કામાં તેણે ઓડિશન વખતે સીધી જ દિગ્દર્શકની હાજરીની માંગ કરવાનું શરૂ કર્યું હતું. "પછીના સમયમાં હું દિગ્દર્શકને વિનંતી કરતો હતો કે તેઓ પોતે ઓડિશનમાં હાજર રહે."વિક્રાંતે ઓડિશનની વાસ્તવિકતા વિશે પણ વાત કરતાં જણાવ્યું કે ઘણી વખત કલાકાર સારું ઓડિશન આપે છે છતાં તેને રોલ મળતો નથી. તેણે કહ્યું, "ક્યારેક તમારું ઓડિશન ખુબ સારું હોય છે, છતાં તમને રોલ મળતો નથી. તમારું ઓડિશન માત્ર બીજા કલાકારો માટે રેફરન્સ તરીકે ઉપયોગમાં લેવાય છે. ત્યારે મનમાં પ્રશ્ન થાય કે જો હું સારો હતો તો મારી પસંદગી કેમ ન થઈ?"

વિક્રાંતે સ્વીકાર્યું કે શરૂઆતમાં તેને અનેક વખત વી નિષ્ફળતાનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ આજે તે એ અનુભવોને પોતાની સફળતાનો મહત્વનો ભાગ માને છે.તેણે જણાવ્યું, "મને ઘણી વખત રિજેક્શન મળ્યાં. પરંતુ આજે હું એ તમામ કાસ્ટિંગ આસિસ્ટન્ટ્સનો આભાર માનું છું. તેમનાં કારણે જ મારી અંદર વધુ સારું કરવાની આગ પ્રજ્વલિત થઈ. જીવનમાં અસ્વીકાર પણ એક મહત્વનો ભાગ છે."

# શેરબજારમાં સતત બીજા દિવસે મંદીનો માહોલ: સેન્સેક્સ 100 અને નિફ્ટી 50 પોઈન્ટ તૂટ્યા

### આઈટી-ઓટો શેર્સમાં વેચવાલી વચ્ચે બજાર રેડ ઝોનમાં: વિદેશી રોકાણકારોએ 7 દિવસમાં ₹2,810 કરોડ પાછા ખેંચ્યા




નવી દિલ્હી, તા.30

ભારતીય શેરબજારમાં રોકાણકારો માટે ચિંતાના વાદળો હજુ પણ ઘેરાયેલા જોવા મળી રહ્યા છે. સ્થાનિક સ્તરે દિગ્ગજ શેરોમાં નફાખોરી અને વૈશ્વિક બજારોમાંથી મળી રહેલા મિશ્ર સંકેતોના કારણે સ્થાનિક શેરબજારમાં આજે એટલે કે ૩૦ જૂનના રોજ પણ ઘટાડાનો સિલસિલો યથાવત રહ્યો છે. આજના ટ્રેડિંગ સેશનની શરૂઆતથી જ માર્કેટ પર રીંછડાની પકડ મજબૂત થતી જોવા મળી હતી, જેના કારણે બંને મુખ્ય સૂચકાંકો રેડ ઝોનમાં કારોબાર કરી રહ્યા છે. આજના લાઈવ માર્કેટ ટ્રેડિંગ દરમિયાન બોમ્બે સ્ટોક એક્સચેન્જનો મુખ્ય સંવેદનશીલ ઈન્ડેક્સ સેન્સેક્સ આશરે ૧૦૦ પોઈન્ટના ઘટાડા સાથે ૭૬,૬૫૦ ના સ્તરે કારોબાર કરતો જોવા મળી રહ્યો છે. તેવી જ રીતે નેશનલ સ્ટોક એક્સચેન્જનો મુખ્ય ઈન્ડેક્સ નિફ્ટી પણ શરૂઆતી અડચણોને પાર કરવામાં અસમર્થ રહ્યો છે અને તે ૫૦ પોઈન્ટથી વધુના ઘટાડા સાથે ૨૩,૯૦૦ ના મહત્વપૂર્ણ સ્તરની આસપાસ ટ્રેડ થઈ રહ્યો છે. આજના કારોબારમાં ખાસ કરીને આઈટી અને ઓટોમોબાઈલ સેક્ટરના શેર્સમાં વ્યાપક વેચવાલીનું દબાણ જોવા મળી રહ્યું છે, જેણે બજારના સેન્ટિમેન્ટને નબળું પાડવામાં મોટી ભૂમિકા ભજવી છે. આ પૂર્વે ગઈકાલના ટ્રેડિંગ સેશનમાં એટલે કે ૨૯ જૂનના રોજ પણ બજાર ભારે દબાણ હેઠળ બંધ થયું હતું, જેમાં સેન્સેક્સ ૩૭૨ પોઈન્ટના ઘટાડા સાથે ૭૬,૭૨૮ ના સ્તરે અને નિફ્ટી ૧૧૦ પોઈન્ટ તૂટીને ૨૩,૯૬ ના સ્તરે બંધ રહ્યો હતો.

જો વૈશ્વિક બજારોની સ્થિતિ પર નજર કરીએ તો આજે એશિયન બજારોમાં અત્યંત મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે, જ્યાં કેટલાક દેશોના બજારો ગ્રીન ઝોનમાં છે તો કેટલાક ભારે દબાણ હેઠળ છે. દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ ૫૨ પોઈન્ટ અથવા ૦.૬૯ ટકાની મજબૂતી સાથે ૮,૪૭૪ ના સ્તરે કારોબાર કરી રહ્યો છે. જાપાનના નિકેઈ ઈન્ડેક્સમાં પણ શાનદાર તેજી જોવા મળી છે, જે ૬૯ પોઈન્ટ એટલે કે ૦.૯૩ ટકાના જંગી ઉછાળા સાથે ૭૦,૧૧૭ ના સ્તરે પહોંચી ગયો છે. જોકે, આ સકારાત્મક વલણથી વિપરીત હોંગકોંગના હેંગસેંગ ઈન્ડેક્સમાં નરમાઈનું મોજું ફરી વળ્યું છે અને તે ૨૪૨ પોઈન્ટ એટલે કે ૦.૯૩ ટકાના ઘટાડા સાથે ૨૨,૭૮૫ ના સ્તરે આવી ગયો છે. બીજી તરફ, ગત રાત્રે અમેરિકી બજારોમાં શાનદાર તેજીનો માહોલ જોવા મળ્યો હતો. અમેરિકાનો પ્રમુખ ઈન્ડેક્સ ડાઉ જોન્સ ૩૦૭ પોઈન્ટના વધારા સાથે ૫૨,૧૮૩ ના સ્તરે બંધ થયો હતો, જ્યારે ટેક્નોલોજી આધારિત નાસ્ડેક ઈન્ડેક્સ ૫૨૩ પોઈન્ટ અથવા ૨.૦૭ ટકાના જબરદસ્ત ઉછાળા સાથે ૨૫,૮૨૦ ના સ્તરે બંધ રહેવામાં સફળ રહ્યો હતો. આ ઉપરાંત એસએન્ડપી ૫૦૦ ઈન્ડેક્સ પણ ૮૬ પોઈન્ટની તેજી સાથે ૭,૪૪૦ ના સ્તરે બંધ થયો હતો. જોકે, અમેરિકી બજારની આ મજબૂતી છતાં ભારતીય બજાર સ્થાનિક નકારાત્મક પરિબળોને કારણે ઉછાળો દર્શાવી શક્યું નથી.

બજારમાં ચાલી રહેલા આ ઘટાડા પાછળનું સૌથી મોટું અને મુખ્ય કારણ વિદેશી સંસ્થાકીય રોકાણકારો એટલે કે એફઆઈઆઈ દ્વારા કરવામાં આવી રહેલી આક્રમક વેચવાલી છે. છેલ્લા સાત દિવસના સત્તાવાર આંકડાઓ દર્શાવે છે કે વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાંથી ૨,૮૧૦ કરોડ રૂપિયાના શેર વેચીને મોટી પ્રોફિટ બુકિંગ કરી છે, જેમાં માત્ર તાજેતરના જ એક સેશનમાં તેમણે ૧,૩૫૦ કરોડ રૂપિયાની ચોખ્ખી વેચવાલી નોંધાવી છે. જો આ આંકડાને છેલ્લા ત્રીસ દિવસના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો વિદેશી રોકાણકારોએ ૪૬,૪૭૨ કરોડ રૂપિયાનું જંગી ભંડોળ ભારતીય બજારમાંથી પાછું ખેંચી લીધું છે, જેના કારણે માર્કેટ પર સતત નીચેની તરફનું દબાણ બનેલું છે.

આ મોટા ઘટાડા અને વિદેશી રોકાણકારોના આઉટફ્લો સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો એટલે કે ડીઆઈઆઈ ભારતીય બજાર માટે સંકટ સમયના સાથી સાબિત થઈ રહ્યા છે અને સતત ખરીદી કરીને બજારને મોટો સપોર્ટ આપી રહ્યા છે. સ્થાનિક રોકાણકારોએ તાજેતરના સેશનમાં જ ૨,૮૦૨ કરોડ રૂપિયાની ચોખ્ખી ખરીદી કરી છે. તે જ રીતે, છેલ્લા સાત દિવસ દરમિયાન સ્થાનિક સંસ્થાઓએ બજારમાં ૧૨,૧૮૭ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે, જ્યારે છેલ્લા ત્રીસ દિવસના ગાળામાં ૭૮,૯૫૮ કરોડ રૂપિયાની જંગી રકમ બજારમાં ઠાલવીને વિદેશી રોકાણકારોની વેચવાલીના પ્રભાવને મર્યાદિત કરવાનો અને ભારતીય બજારને મોટી કટોકટીમાંથી બચાવવાનો પ્રશંસનીય પ્રયાસ કર્યો છે. હાલમાં રોકાણકારો આગામી સંકેતો અને કંપનીઓના ત્રિમાસિક પરિણામો પર નજર રાખી રહ્યા છે.

# સોના-ચાંદીમાં રૂ. ત્રણ હજારનો ઘટાડો : ક્રૂડ ચાર માસના તળિયેથી ફરી ઉચકાયું



મુંબઈ, તા.30

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં ઉછાળા ઉભરા જેવા નિવડતાં ભાવ ફરી તૂટયા હતા. વિશ્વ બજારના સમાચાર કિંમતી ધાતુઓમાં વધ્યા ભાવથી ઝડપી ઘટાડો બતાવી રહ્યા હતા. વિશ્વ બજાર ઘટતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ નીચી ઉતરતાં બજાર ભાવ આ જેદબાણ હેઠળ જોવા મળ્યા હતા.

દરમિયાન, અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૦૦૦ તૂટયા હતા. સામે ચાંદીના ભાવ પણ કિલોના રૂ.૩૦૦૦ તૂટયા હતા.વિશ્વ બજારમાં ડોલર ઈન્ડેક્સ વધતાં વૈશ્વિક સોનામાં ઉછાળે ફંડોનું સેલીંગ વધ્યાના નિર્દેશો હતા. વિશ્વ બજારમાં આજે સોનાના ભાવ ઔંશના ૪૦૮૮થી ૪૦૮૯ વાળા ઘટી નીચામાં ભાવ ૪૦૨૫ થઈ ૪૦૪૧થી ૪૦૪૨ ડોલર રહ્યાના સમાચાર હતા. વિશ્વ બજાર પાછળ અમદાવાદ બજારમાં આજે સોનાના ભાવ ઘટી ૯૯૫ના રૂ.૧૪૫૭૦૦ તથા ૯૯૯ના રૂ.૧૪૬૦૦૦ બોલાતા થયા હતા. જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ તૂટી રૂ.૨૨૫૦૦૦ બોલાયા હતા. વિશ્વ બજારમાં સોના પાછળ આજ ચાંદીના ભાવ ઔંસના ૫૯.૧૪થી ૫૯.૧૫ વાળા ઉંચામાં ભાવ ૫૯.૫૦ થયા પછી નીચામાં ભાવ ૫૭.૪૨ થઈ ૫૮.૧૮ થી ૫૮.૧૯ ડોલર રહ્યા હતા. દરમિયાન, ભારતમાં સોનાના ઉંચા ભાવના આકર્ષણ વચ્ચે દેશની જનતાએ ઘરમાં પડેલાં સોનાના જથ્થા પૈકી ૫૦ ટન સોનાનું વેંચાણ બજારમાં એપ્રિલ થી જૂન દરમિયાન કરવામાં આવ્યું હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. ગયા વર્ષે આ ગાળામાં આવું જે વેંચાણ કરાયું હતું તેની સરખામણીએ આ વર્ષે આવા વેંચાણમાં આશરે ૪૩ ટકાની વૃદ્ધી થઈ હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું.

મુંબઈ બુલિયન બજારમં આજે સોનાના ભાવ જીએસટી વગર રૂ.૨૦૦૦ ઘટી ૯૯૫ના ભાવ રૂ.૧૪૦૮૫૫ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૪૧૪૨૧ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૪૫૦૦ તૂટી રૂ.૨૧૯૯૮૦ બોલાયા હતા. વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ફરી ઉંચકાયા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૭૧.૯૯થી વધી ઉંચામાં ભાવ ૭૩.૩૯ થઈ ૭૨.૪૨ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ ૬૯.૨૩ વાળા વધી ઉંચામાં ભાવ ૭૦.૯૭ થઈ ૬૯.૮૯ડોલર રહ્યા હતા. ક્રૂડતેલના ભાવ ચાર મહિનાના તળિયેથી ફરી ઉંચકાયા હતા. વિશ્વ બજારંમાં સોના પાછળ આજ ચાંદીના ભાવ ઔંસના ૫૯.૧૪થી ૫૯.૧૫ વાળા ઉંચામાં ભાવ ૫૯.૫૦ થયા પછી નીચામાં ભાવ ૫૭.૪૨ થઈ ૫૮.૧૮ થી ૫૮.૧૯ ડોલર રહ્યા હતા. દરમિયાન, ભારતમાં સોનાના ઉંચા ભાવના આકર્ષણ વચ્ચે દેશની જનતાએ ઘરમાં પડેલાં સોનાના જથ્થા પૈકી ૫૦ ટન સોનાનું વેંચાણ બજારમાં એપ્રિલ થી જૂન દરમિયાન કરવામાં આવ્યું હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. ગયા વર્ષે આ ગાળામાં આવું જે વેંચાણ કરાયું હતું.

# Mcapની દ્રષ્ટિએ તાઈવાન, દ. કોરિઆને પાછળ મૂકીને ભારત ફરીથી પાંચમાં ક્રમે



મુંબઈ, તા.30

તાઈવાન તથા દક્ષિણ કોરિઆની બજારોમાં કરેકશન આવતા ભારતે વૈશ્વિક માર્કેટ કેપમાં પાંચમું સ્થાન ફરી પાછું મેળવી લીધું છે. સપ્તાહના પ્રારંભમાં તાઈવાન તથા દક્ષિણ કોરિઆની બજારોમાં રોકાણકારોએ પ્રોફિટ બુકિંગ કરવા લાગતા આ બજારોમાં કરેકશન આવ્યું હતું.

આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ) તથા સેમીકન્ડકટર ક્ષેત્રના શેરોમાં રેકોર્ડ તેજી આવતા તાઈવાન તથા દક્ષિણ કોરિઆની માર્કેટ કેપમાં તાજેતરમાં ઉછાળો આવ્યો હતો.

તાઈવાન તથા દક્ષિણ કોરિઆની માર્કેટ કેપ પાંચ ટ્રિલિયન ડોલરની અંદર સરકીને અનુક્રમે છઠ્ઠા અને સાતમા ક્રમે પહોંચી ગઈ છે. જ્યારે ૫.૦૫ ટ્રિલિયન ડોલર સાથે ભારતનો ક્રમ પાંચમો રહ્યો છે. તાઈવાનની માર્કેટ કેપ ૪.૯૭ ટ્રિલિયન ડોલર અને દક્ષિણ કોરિઆની ૪.૬૬ ટ્રિલિયમ ડોલર પર આવી ગઈ છે.

વૈશ્વિક માર્કેટ કેપની દ્રષ્ટિએ પ્રથમ ચારમાં અનુક્રમે અમેરિકા, ચીન, જાપાન તથા હોંગકોંગનો સમાવેશ થાય છે. અમેરિકાની માર્કેટ કેપનો આંક ૭૯.૨૬ ટ્રિલિયન ડોલર રહ્યો છે જ્યારે ચીનનો આ આંક ૧૫.૨૩ ટ્રિલિયન ડોલર રહ્યો છે.

વર્તમાન મહિનામાં વૈશ્વિક માર્કેટ કેપની કામગીરી નબળી રહી છે, જ્યારે ભારતની માર્કેટ કેપમાં વધારો જોવા મળ્યો હોવાનું પ્રાપ્ત ડેટા પરથી જણાય છે.

જૂનમાં ભારતની માર્કેટ કેપમાં ૨.૭૫ ટકા વધારો થયો છે જ્યારે દક્ષિણ કોરિઆની માર્કેટ કેપમાં ૪.૭૦ ટકા અને તાઈવાનની માર્કેટ કેપમાં ૨.૩૦ ટકા ઘટાડો થયો છે.

ક્રુડ તેલના ભાવમાં મોટો ઘટાડો આવતા વર્તમાન મહિનામાં ભારતની ઈક્વિટી બજારમાં સુધારો જોવા મળ્યો છે. આ ઉપરાંત વિદેશી રોકાણકારોની સક્રિયતા તથા પશ્ચિમ એશિયા સંઘર્ષ ઠંડો પડતા ભારત માટે સ્થિતિ સાનુકૂળ બની રહ્યાનું નિષ્ણાતો માની રહ્યા છે.

વિદેશી રોકાણને આકર્ષવા રિઝર્વ બેન્ક તથા સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલા પગલાંને કારણે પણ સેન્ટિમેન્ટમાં સુધારો થયો છે. તાઈવાન તથા દક્ષિણ કોરિઆની બજારોમાં કરેકશન આવતા ભારતે વૈશ્વિક માર્કેટ કેપમાં પાંચમું સ્થાન ફરી પાછું મેળવી લીધું છે. સપ્તાહના પ્રારંભમાં તાઈવાન તથા દક્ષિણ કોરિઆની બજારોમાં રોકાણકારોએ પ્રોફિટ બુકિંગ કરવા લાગતા આ બજારોમાં કરેકશન આવ્યું હતું. આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ) તથા સેમીકન્ડકટર ક્ષેત્રના શેરોમાં રેકોર્ડ તેજી આવતા તાઈવાન તથા દક્ષિણ કોરિઆની માર્કેટ કેપમાં તાજેતરમાં ઉછાળો આવ્યો હતો.

# અજાણ્યા વ્યક્તિને WhatsApp નંબર આપવો નહીં પડે: વ્હોટસએપ લાવ્યું નવું પ્રાઈવસી ફીચર, તમે પણ બનાવો યુનિક યૂઝરનેમ




નવી દિલ્હી, તા.30

અત્યાર સુધી વોટ્સએપ પર કોઈ નવા વ્યક્તિ સાથે વાત કરવા માટે પોતાનો મોબાઈલ નંબર આપવો જરૂરી હતો. પરંતુ હવે આવું નહીં થાય. મેટાની માલિકીના વોટ્સએપે યુઝરનેમ ફીચર લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ પછી લોકો પોતાનો મોબાઈલ નંબર જણાવ્યા વિના પણ માત્ર યુઝરનેમ દ્વારા ચેટ કરી શકશે.

કંપનીએ 29 જૂનથી દુનિયાભરમાં યુઝરનેમ રિઝર્વેશન શરૂ કરી દીધું છે. જોકે આ સુવિધા બધા યુઝર્સને એકસાથે નહીં મળે. આવનારા કેટલાક મહિનાઓમાં તેને ધીમે ધીમે બધા દેશોમાં રોલ આઉટ કરવામાં આવશે. જ્યારે આ ફીચર તમારા વિસ્તારમાં ઉપલબ્ધ થશે, ત્યારે વોટ્સએપની અંદર નોટિફિકેશન મળશે.

વોટ્સએપના સીઆઓ કુણાલ શાહે X પર પોસ્ટ કરીને જણાવ્યું કે તેમણે ફીચર જાહેર થાય તે પહેલા જ પોતાનું યુઝરનેમ રિઝર્વ કરી લીધું છે. તેમણે લોકોને પણ જલદી પોતાનું મનપસંદ યુઝરનેમ લેવા અપીલ કરી.

યુઝરનેમ ફીચર આવ્યા બાદ ચોક્કસ પરિસ્થિતિઓમાં તમારો ફોન નંબર આપમેળે દેખાશે નહીં. આમાં સામેલ છે: જ્યારે તમને મોટા ગ્રુપ ચેટમાં જોડવામાં આવે છે. જ્યારે તમે પહેલી વાર કોઈને મેસેજ કરો છો.

આ ફેરફારથી તમારો ફોન નંબર ખાનગી (પ્રાઈવેટ) રહે છે. જ્યારે તમે પોતે તેને શેર કરવા માંગશો ત્યારે જ તે દેખાશે.

વોટ્સએપનું કહેવું છે કે ઘણીવાર લોકો કોઈ નવી વ્યક્તિ સાથે વાતચીત કરવા માંગે છે, પરંતુ પોતાનો મોબાઈલ નંબર શેર કરવા માંગતા નથી. જેમ કે કોઈ નેટવર્કિંગ ઈવેન્ટમાં મળેલ વ્યક્તિ, નવા ક્લાસમેટ, પડોશી અથવા બાળકોના સ્કૂલ/સ્પોર્ટ્સ ગ્રુપના અન્ય વાલીઓ સાથે વાત કરતી વખતે પ્રાઈવસી જાળવી રાખવી જરૂરી હોય છે. આવી સ્થિતિમાં હવે મોબાઈલ નંબરની જગ્યાએ ફક્ત યુઝરનેમ શેર કરી શકાશે.

યુઝરનેમ 3 થી 35 કેરેક્ટરનું હશે. તેમાં ફક્ત a-z (સ્મોલ અંગ્રેજી અક્ષરો), 0-9 (અંકો), ડોટ (.) અને અંડરસ્કોર (_) નો ઉપયોગ કરી શકાશે. દરેક યુઝરનેમ સંપૂર્ણપણે યુનિક હશે. જરૂર પડ્યે તેને બદલી, હટાવી અથવા અપડેટ કરી શકાશે.

હા, પરંતુ ફક્ત તે લોકો માટે જેઓ પહેલીવાર તમારો સંપર્ક કરશે. જો તમે યુઝરનેમ સેટ કર્યું હશે, તો નવી વ્યક્તિ તમારો મોબાઈલ નંબર જોઈ શકશે નહીં.

જોકે વોટ્સએપ એકાઉન્ટ બનાવવા અને ઉપયોગ કરવા માટે મોબાઈલ નંબર પહેલાની જેમ જ જરૂરી રહેશે. જે લોકો પાસે તમારો નંબર પહેલેથી સેવ છે, તેઓ પહેલાની જેમ જ તમારી સાથે ચેટ કરી શકશે.

ના. વોટ્સએપ કોઈ સાર્વજનિક યુઝરનેમ ડિરેક્ટરી બનાવશે નહીં. કંપની કોઈ અન્ય યુઝરને તમારું યુઝરનેમ સૂચવશે (Suggest) પણ નહીં. કોઈ વ્યક્તિ તમને ત્યારે જ મેસેજ મોકલી શકશે, જ્યારે તેને તમારું સાચું યુઝરનેમ ખબર હશે.

વોટ્સએપ યુઝરનેમ કી નામનું એક નવું વૈકલ્પિક (Optional) સુરક્ષા ફીચર પણ લાવી રહ્યું છે. જો યુઝર તેને ચાલુ કરે છે, તો પહેલીવાર મેસેજ મોકલનાર વ્યક્તિને પહેલા આ Key દાખલ કરવી પડશે. આ પછી જ ચેટ શરૂ થઈ શકશે. યુઝર જ્યારે ઈચ્છે ત્યારે આ કી બદલી પણ શકશે. તેનો ઉદ્દેશ્ય સ્પામ અને અનિચ્છનીય મેસેજ ઘટાડવાનો છે.

ક્રિએટર્સ, બિઝનેસ અને સંસ્થાઓ જ્યાં શક્ય હશે ત્યાં, તેમના ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક જેવું જ યુઝરનેમ વોટ્સએપ પર પણ લઈ શકશે. જાણીતી હસ્તીઓ અને મોટી બ્રાન્ડ્સના કેટલાક યુઝરનેમ પહેલેથી જ સુરક્ષિત (Reserved) રાખવામાં આવશે, જેથી કોઈ નકલી એકાઉન્ટ બનાવીને તેમની ઓળખનો દુરુપયોગ ન કરી શકે.

વર્તમાન ચેટ્સ, કોન્ટેક્ટ્સ અને ગ્રુપ્સ પહેલાની જેમ જ કામ કરશે. જે લોકો પાસે પહેલેથી તમારો નંબર છે, તેમના માટે કંઈ બદલાશે નહીં. એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન, બ્લોક અને રિપોર્ટ જેવા તમામ સુરક્ષા ફીચર્સ પહેલાની જેમ જ કામ કરતા રહેશે.

નવા લોકો સાથે વાત કરવા માટે મોબાઈલ નંબર શેર કરવો પડશે નહીં. યુઝર્સની પ્રાઈવસી પહેલા કરતા વધુ મજબૂત બનશે. સ્પામ અને અનિચ્છનીય મેસેજ ઘટાડવામાં મદદ મળશે.

ક્રિએટર્સ અને બિઝનેસ માટે Meta ના અલગ-અલગ પ્લેટફોર્મ પર એક જેવી ડિજિટલ ઓળખ જાળવી રાખવી સરળ બનશે.

# LPG, પેટ્રોલથી લઈને આધાર-પાસપોર્ટ સુધીના 10 મોટા નિયમો બદલાયા: તમારા ખિસ્સાં પર થશે સીધી અસર



નવી દિલ્હી, તા.30

જુલાઈ મહિનાની પહેલી તારીખથી જ દેશમાં ઘણા મોટા ફેરફારો લાગુ થવા જઈ રહ્યા છે, જેની સીધી અસર સામાન્ય જનતાના ખિસ્સા પર પડી શકે છે. આ ફેરફારોમાં LPG સિલિન્ડર, પેટ્રોલ-ડીઝલના ભાવ, રેલવેના નિયમો અને ક્રેડિટ કાર્ડ જેવી મહત્ત્વની બાબતો સામેલ છે. જોકે, આ દરમિયાન કેટલાક મોરચે રાહત મળવાની પણ આશા છે. ચાલો જાણીએ આ 10 મોટા ફેરફારો વિશે: કેન્દ્ર સરકારે LPG અને PNG બંને કનેક્શન ધરાવતા ગ્રાહકોને પોતાનું એલપીજી કનેક્શન સરેન્ડર કરવા માટે 90 દિવસની ડેડલાઈન આપી હતી. આ ડેડલાઈન 30 જૂને પૂરી થઈ રહી છે, જેનો અર્થ છે કે 1 જુલાઈથી આવા ગ્રાહકો નવું સિલિન્ડર બુક કરાવી શકશે નહીં. આ ઉપરાંત, જેમણે હજુ સુધી પોતાનું કેવાયસી (KYC) પૂરું નથી કરાવ્યું, તેમને પણ ગેસ મેળવવામાં મુશ્કેલી પડી શકે છે. જોકે, સરકાર બુકિંગના સમયમાં થોડી ઢીલ આપી શકે છે. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધને કારણે ઊર્જા સંકટ ઊભું થયું હતું, જેના લીધે કોમર્શિયલ અને રાંધણ ગેસ સિલિન્ડરના ભાવ વધ્યા હતા. પરંતુ હવે જ્યારે યુદ્ધ અટકી ગયું છે અને હોર્મુઝ થઈને ક્રૂડ ઓઈલ ભારત આવી રહ્યું છે, ત્યારે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે કેન્દ્ર સરકાર 1 જુલાઈથી એલપીજીના ભાવમાં થોડી કાપ મૂકીને જનતાને મોટી રાહત આપી શકે છે. આધાર કાર્ડ જાહેર કરતી સંસ્થા UIDAI દ્વારા ગ્રાહકો માટે એક ખાસ સુવિધા શરૂ કરવામાં આવી છે. આ નવા નિયમ હેઠળ, જો તમે તમારા આધાર કાર્ડમાં પોતાનું ઈમેલ આઈડી (Email ID) અપડેટ કરવા માંગો છો, તો 1 જુલાઈથી આધાર એપ દ્વારા આ કામ બિલકુલ ફ્રીમાં કરી શકશો. અગાઉ આ અપડેટ માટે 75 રૂપિયાની ફી ચૂકવવી પડતી હતી. ભારતીય રેલવેમાં મુસાફરી કરનારા મુસાફરો માટે 1 જુલાઈ, 2026થી નિયમો વધુ કડક થવા જઈ રહ્યા છે. કેન્દ્ર સરકારના એક ખાસ પ્રસ્તાવને રાષ્ટ્રપતિની મંજૂરી મળી ગઈ છે અને તેને ટૂંક સમયમાં જ લાગુ કરવામાં આવશે. મીડિયા અહેવાલો અનુસાર, ટિકિટ વગર મુસાફરી કરતા લોકો માટે દંડની રકમમાં મોટો વધારો કરવાની તૈયારી છે. આ સિવાય રેલવે પરિસરમાં વ્યવસ્થા જાળવી રાખવા માટે પણ કડક ગાઈડલાઈન જાહેર કરાશે. ITR-1 અને ITR-2 ફોર્મ ભરતા કરદાતાઓ માટે નાણાકીય વર્ષ 2025-26નું ઈન્કમ ટેક્સ રિટર્ન (ITR) ફાઈલ કરવાની છેલ્લી તારીખ 31 જુલાઈ, 2026 નક્કી કરવામાં આવી છે. જો તમે આ સમયમર્યાદામાં આઈટીઆર ફાઈલ નહીં કરો, તો તમારે મોટો દંડ ભરવો પડી શકે છે અને નવી ટેક્સ સિસ્ટમ પસંદ કરવા પર પણ પ્રતિબંધ આવી શકે છે. જો તમે નવો પાસપોર્ટ બનાવવાનું વિચારી રહ્યા છો, તો તમારા ખિસ્સા પર વધુ ભાર પડવાનો છે. વિદેશ મંત્રાલયે 1 જુલાઈ, 2026થી નોર્મલ અને તત્કાલ બંને પ્રકારના પાસપોર્ટ માટેની સર્વિસ ફીમાં વધારો કરી દીધો છે. આથી હવે પાસપોર્ટ અરજી કરતી વખતે ગ્રાહકોએ પહેલા કરતાં વધુ રકમ ચૂકવવી પડશે. SBI Card: સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ તેના પસંદગીના PhonePe SBI ક્રેડિટ કાર્ડ પર મળતા રિવોર્ડ પોઈન્ટ્સના નિયમો બદલ્યા છે. હવે રિવોર્ડ પોઈન્ટ્સ કમાવવાની નવી મર્યાદા નક્કી કરવામાં આવી છે અને કેટલાક ટ્રાન્ઝેક્શન પર પોઈન્ટ્સ આપવાનું બંધ કરાયું છે. HDFC Card: 1 જુલાઈ, 2026થી એચડીએફસી ક્રેડિટ કાર્ડ ધારકો દરેક કેલેન્ડર ક્વાર્ટરમાં 3 વખત મફત ડોમેસ્ટિક એરપોર્ટ લાઉન્જ એક્સેસનો લાભ લઈ શકશે, પરંતુ તેના માટે તેમણે અગાઉના ક્વાર્ટરમાં ઓછામાં ઓછા 60,000 રૂપિયાનો ખર્ચ કરેલો હોવો જરૂરી છે. 1 જુલાઈથી નવી ગાડી ખરીદવાનું મોંઘું થઈ જશે. અગ્રણી ઓટોમોબાઈલ કંપનીઓ પોતાના વાહનોના ભાવ વધારવા જઈ રહી છે. દેશમાં 1 જુલાઈથી પેટ્રોલ અને ડીઝલની ખરીદીને લઈને એક મોટો અને રાહત આપનારો નિર્ણય લેવાયો છે. કેન્દ્ર સરકારે મોટા વ્યાવસાયિક ગ્રાહકો (Commercial Buyers) પર રિટેલ પંપો પરથી ઈંધણ ખરીદવા માટે લગાવેલા તમામ અસ્થાયી પ્રતિબંધો હટાવી દીધા છે. હવે ટ્રાન્સપોર્ટ કંપનીઓ, ફેક્ટરીઓ અને ઉદ્યોગો પોતાની જરૂરિયાત મુજબ ગમે તેટલું ઓઈલ સરળતાથી ખરીદી શકશે. દેશની રાજધાની દિલ્હીમાં ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા માટે નવી 'દિલ્હી ઈવી પોલિસી'ને મંજૂરી મળી ગઈ છે, જે 1 જુલાઈથી લાગુ થવા જઈ રહી છે. આ નવી પોલિસી હેઠળ દિલ્હી સરકાર આગામી 4 વર્ષમાં ઈલેક્ટ્રિક વ્હીકલ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાછળ આશરે 15,000 કરોડ રૂપિયાનો મોટો ખર્ચ કરવાનું આયોજન કરી રહી છે.

# ઓનલાઈન છેતરપિંડીના 74 ટકા કેસ કાર્ડ અને ઈન્ટરનેટ સાથે સંકળાયેલા

**■ જેમ જેમ વ્યવહારો વધુ ઓનલાઈન બન્યા તેમ તેમ છેતરપિંડી કરનારાઓની પદ્ધતિઓ વધુ આધુનિક બની**




અમદાવાદ, તા.30

દેશમાં ડિજિટલ પેમેન્ટનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે, તેથી ઓનલાઈન છેતરપિંડીનું જોખમ પણ ઝડપથી વધી રહ્યું છે. લોકો હવે ખરીદી, મુસાફરી બુકિંગ, યુટિલિટી બિલ ચુકવણી અને રોજિંદા ખર્ચ માટે ક્રેડિટ અને ડેબિટ કાર્ડ અને ઓનલાઈન પેમેન્ટ પ્લેટફોર્મનો ઉપયોગ વધુને વધુ કરી રહ્યા છે.

પરંતુ આ સુવિધાની સાથે, એક ભયાનક સત્ય પણ બહાર આવ્યું છે. રિઝર્વ બેંકના વાર્ષિક અહેવાલ ૨૦૨૫-૨૬ અનુસાર, દેશમાં નોંધાયેલા તમામ છેતરપિંડીના કેસોમાં લગભગ ૭૪% કેસ ફક્ત કાર્ડ અને ઈન્ટરનેટ બેંકિંગ સાથે સંબંધિત છે.

છેતરપિંડી કરનારાઓએ હવે લોકોના મહેનતથી કમાયેલા પૈસા લૂંટવા માટે ફિશિંગ લિંક્સ, નકલી કોલ્સ, ખતરનાક અને નકલી એપ્સ અને સોશિયલ એન્જિનિયરિંગ જેવી નવી તકનીકો અપનાવી છે.

જેમ જેમ પૈસાના વ્યવહારો વધુ ઓનલાઈન થતા જાય છે, તેમ તેમ છેતરપિંડી કરનારાઓની પદ્ધતિઓ વધુ આધુનિક બની છે. આ છેતરપિંડી કરનારાઓ ઘણીવાર બેંક અધિકારીઓ, ક્રેડિટ કાર્ડ પ્રતિનિધિઓ, ગ્રાહક સંભાળ અધિકારીઓ અથવા નાણાકીય સલાહકારો તરીકે પોતાને રજૂ કરીને, તેમનો વિશ્વાસ મેળવીને અને ગુપ્ત માહિતી મેળવીને ગ્રાહકોનો સંપર્ક કરે છે. હાલના દિવસોમાં, કાર્ડ અપગ્રેડ, ક્રેડિટ મર્યાદામાં વધારો, રિવોર્ડ પોઈન્ટ કેશિંગ, સેટલમેન્ટ ઓફર અથવા બંધ ખાતાઓને ફરીથી સક્રિય કરવાની ઓફર કરતા છેતરપિંડી કરનારા ફોન કોલ્સનું પ્રમાણ વધી રહ્યું છે. જેમ જેમ પૈસાના વ્યવહારો વધુ ઓનલાઈન થતા જાય છે, તેમ તેમ છેતરપિંડી કરનારાઓની પદ્ધતિઓ વધુ આધુનિક બની છે. આ છેતરપિંડી કરનારાઓ ઘણીવાર બેંક અધિકારીઓ, ક્રેડિટ કાર્ડ પ્રતિનિધિઓ, ગ્રાહક સંભાળ અધિકારીઓ અથવા નાણાકીય સલાહકારો તરીકે પોતાને રજૂ કરીને, તેમનો વિશ્વાસ મેળવીને અને ગુપ્ત માહિતી મેળવીને ગ્રાહકોનો સંપર્ક કરે છે.

# હાટકેશ્વર ચાર રસ્તા સંપૂર્ણપણે બંધ કરાશે: બંને તરફ 100 મીટર યુ ટર્ન લેવો પડશે, પીક અવર્સમાં ટ્રાફિક પોલીસ હાજર રહેશે, AMC-ટ્રાફિક પોલીસની સંયુક્ત વિઝિટ

અમદાવાદ, તા.30

અમદાવાદમાં ટ્રાફિકની સમસ્યા દૂર કરવા માટે ટ્રાફિક પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશન સંયુક્ત રીતે કામગીરી કરી રહી છે. કેપ્સુલ પ્રકારના ડિઝાઈન બનાવીને ટ્રાફિકને સતત ચાલુ રાખવાની કામગીરીના ભાગરૂપે હાટકેશ્વર ચાર રસ્તા પાસે ટ્રાફિકની સમસ્યાને લઈને મ્યુનિસિપલ કોર્પોરેશનના ટ્રાફિક વિભાગના એડિશનલ સીટી ઈજનેર સહિતના અધિકારીઓ અને ટ્રાફિક ડીસીપી તેમજ પીઆઇ સહિતના અધિકારીઓએ સ્થળ નિરીક્ષણ કર્યું હતું.



ટેમ્પરરી બેરીકેટ લગાવીને બંધ કરેલા ચાર રસ્તા પર હવે ડિવાઈડર લગાવી સંપૂર્ણ પણે બંધ કરી 100 મીટર યુ ટર્ન કરવામાં આવશે. યુટર્ન વખતે બીજી તરફથી આવતા વાહનોને તકલીફ ન પડે તે પ્રમાણે ડિઝાઈન તૈયાર કરવા માટે AMC અધિકારીઓને સૂચન કરવામાં આવ્યું છે

શહેરના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યા વધી રહી ખાસ કરીને મોટા ચાર રસ્તા પર જ્યાં સૌથી વધારે ટ્રાફિક થાય છે ત્યાં વચ્ચેના ચાર રસ્તા બંધ કરી અને 100 મીટર દૂર યુ ટર્ન આપવામાં આવે છે. જેને પોલીસ દ્વારા કેપ્સુલ ડિઝાઈન કહેવામાં આવે છે. જેનો હાટકેશ્વર ચાર રસ્તા પર પણ પ્રયોગ કરવામાં આવ્યો છે. 132 ફૂટના રોડ તરફથી આવતાં બેરીકેડિંગ કરી દેવામાં આવ્યું છે, ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનના ટ્રાફિક વિભાગના એડિશનલ સિટીને હિમાંશુ મહેતા સહિતના AMC અધિકારીઓ અને પૂર્વના ટ્રાફિક ડીસીપી નરેશ કણજારીયા તેમજ પી.આઈ સહિતના ઉચ્ચ અધિકારીઓએ હાટકેશ્વર ચાર રસ્તા પર ટ્રાફિક સમસ્યા દૂર કરવા કેપ્સુલ પ્રકારની ડિઝાઈનને સફળ બનાવવા માટે ચર્ચા વિચારણા કરી હતી.

હાટકેશ્વર ચાર રસ્તા પર બેરીકેટિંગ કરવામાં આવ્યા છે. તેના કારણે 132 ફૂટ રીંગ રોડ પર મણીનગર ગુરુજી બ્રિજ તરફથી જે લોકો આવી રહ્યા છે તેમણે ડાબી તરફ વળી યુટન લઈને અમરાઈવાડી તરફ જવાનું હોય છે, જ્યારે ખોખરા અને સીટીએમ તરફથી આવતા લોકો સીધા જઈ શકે છે. ટેમ્પરરી બેરીકેટિંગ કરવામાં આવ્યું છે પરંતુ હવે તેને પરમેનેન્ટ બંધ કરવામાં આવશે જેના માટે 50 મીટર સુધી વચ્ચે ડિવાઈડર લગાવી દેવામાં આવશે અને યુ ટર્ન આપવામાં આવશે. યોગ્ય રીતે ડિઝાઈન બનાવવા માટે આજે સૂચન આપવામાં આવ્યું છે જેનાથી લોકોને અવર-જવરમાં તકલીફ ન પડે અને અકસ્માત પણ ન થાય.

ખોખરા અને સીટીએમ તરફ બંને છેડે રોડની પહોળાઈ થોડી રાખવા માટે પણ ટ્રાફિક પોલીસ દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓને સૂચન આપવામાં આવ્યું છે. જેના કારણે ખોખરા અને સીટીએમ તરફથી આવનારા વાહન ચાલકો યુ ટર્ન લઈને આવનારા વાહન સાથે અકસ્માત ન થાય તેના માટે જણાવ્યું છે. પીક અવર્સ દરમિયાન ટ્રાફિક પોલીસના જવાનો ત્યાં હાજર રહેશે. પરંતુ દિવસ દરમિયાન પોલીસને ત્યાં જરૂર નહીં પડે તે પ્રમાણે આયોજન કરવામાં આવ્યું છે.

જોકે હાટકેશ્વર ચાર રસ્તા ઉપર સૌથી વધારે રિક્ષાચાલકો અને રોડ ઉપર લોકો બેફામ રીતે વાહન પાર્ક તેમજ લારીઓનું દબાણ હોય છે જેને દૂર કરવું જરૂરી છે. ટ્રાફિક પોલીસ ત્યાં હાજર રહીને જે લોકો રોડ ઉપર ઉભા રહી ટ્રાફિકને અડચણરૂપ બને છે એવા લોકોને પણ દૂર કરશે તો પણ ટ્રાફિકની સમસ્યા ઘણી દૂર થઈ શકે છે.

# સરખેજમાં ગેરકાયદે બનાવાયેલી મસ્જિદ તોડી પાડવામાં આવી.....

## ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ડિમોલીશન કામગીરી કરવામાં આવી

અમદાવાદ, તા.30

અમદાવાદ શહેરના સરખેજ વિસ્તારમાં ગેરકાયદે બનાવી દેવાયેલી મસ્જિદના બાંધકામને AMC દ્વારા તોડી પાડવામાં આવ્યું હતું. સાણંદ ક્રોસિંગ નજીક ગેરકાયદેસર રીતે બનાવવામાં આવી રહેલી નવી મસ્જિદને મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા સરખેજ પોલીસના બંદોબસ્ત સાથે ડિમોલેશનની કાર્યવાહી કરવામાં આવી છે. નવી મસ્જિદનું બાંધકામ કરી દેવામાં આવ્યું હતું ને કોઈપણ પ્રકારની મંજૂરી લેવામાં આવી નહોતી આસપાસ પતરા લગાવી દેવામાં આવ્યા હતા જેના પગલે તેને તોડવામાં આવ્યું છે.




દક્ષિણ પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગના જણાવ્યા મુજબ સરખેજ વિસ્તારમાં સાણંદ ક્રોસિંગ પાસે એક નવી ગેરકાયદેસર પરવાનગી વિનાની મસ્જિદનું બાંધકામ કરવામાં આવ્યું હતું અને આસપાસ પતરા લગાવવામાં આવ્યા હતા. હજી કેટલુંક તેનું બાંધકામ કરવાનું બાકી હતું ત્યારે એસ્ટેટ વિભાગ દ્વારા નોટિસ પાઠવવામાં આવી હતી. બાંધકામને દૂર કરવાની નોટિસ આપવામાં આવી હતી છતાં પણ તેને ડિમોલેશન ન કરવામાં આવતા આજે 30 જૂનના રોજ સવારે સરખેજ પોલીસના બંદોબસ્ત સાથે એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા મસ્જિદનું ડિમોલેશન કરવામાં આવ્યું છે.

# અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં જજની ચેમ્બર બહાર વકીલોના ધરણા

- જજે વકીલો સાથે તોછડા વર્તન કર્યાનો આક્ષેપ, અગાઉ ઉચ્ચ જજીસને પત્ર લખવામાં આવ્યો હતો

અમદાવાદ, તા.30

ગાંધીનગર, રાજકોટ બાદ અમદાવાદમાં પણ જજ સામે વકીલોનો વિરોધ જોવા મળી રહ્યો છે. અમદાવાદ ગ્રામ્યના જિલ્લા અદાલતના ન્યાયાધીશ સામે વકીલો અત્યારે વિરોધ કરી રહ્યા છે. અગાઉ 140 જેટલા વકીલોએ વકીલોએ જજ ઉપાધ્યાયની વર્તણૂક સંદર્ભે સંલગ્ન ઉચ્ચ જજીસને પત્ર લખ્યો હતો. અમદાવાદ ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશને પત્ર લખ્યા બાદ પણ નિરાકરણ ના આવતા વકીલોએ ધરણાનો માર્ગ અપનાવ્યો છે. વકીલો જજ ઉપાધ્યાયની ચેમ્બર બહાર જ ધરણા કરવા બેઠા છે.



અમદાવાદ ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશન દ્વારા ગુજરાત હાઈકોર્ટના ચીફ જજ સુનીતા અગ્રવાલ, કોર્ટના યુનિટ જજ સંગીતા વિશેન અને પ્રિન્સિપાલ ડીસ્ટ્રીક જજને ઉદ્દેશીને પત્ર લખવામાં આવ્યો હતો. જેમાં 140 વકીલોની સહી કરવામાં આવી હતી. એસોસિએશન આ પત્રમાં જણાવ્યું છે કે, અમદાવાદ ગ્રામ્ય કોર્ટના એક જજ કોર્ટ શરૂ થાય એટલે પહેલા સેશન્સ કેસો ચલાવે છે, ત્યારબાદ ક્રિમિનલ પરચુરણ અરજીઓ ચલાવે છે. જેને લઈને વકીલોએ આખો દિવસ તેમની કોર્ટમાં બેસી રહેવું પડે છે. તેઓ જામીન અરજીઓમાં વિલંબથી ઓર્ડર કરે છે અને વકીલો સાથે તોછડું વર્તન કરે છે. કેસની રજૂઆત કરવા માટે આવેલા સિનિયર વકીલો સાથે જુનિયર વકીલો હોય તો તેમને કોટરૂમની બહાર કાઢી મૂકે છે. ઈન કેમેરા પ્રોસેડિંગ ન હોવા છતાં સાહેદોની તપાસમાં કોર્ટરૂમનો દરવાજો અંદરથી બંધ કરાવે છે. તેઓ શંકાશીલ સ્વભાવના છે અને જુનિયર વકીલોને શીખવા માટે પણ કોર્ટમાં પણ બેસવા દેતા નથી.

# ગુજરાત યુનિવર્સિટીની કમાન સંઘ પાસે જ રહેશે!

- ઈન્ચાર્જ કુલપતિ તરીકે શંકરસિંહ વાઘેલાની કોલેજના પ્રિન્સિપાલ આશિષ દવેને ચાર્જ મળી શકે, નીરજા ગુપ્તાથી સરકાર અને સંઘ નારાજ!

અમદાવાદ, તા.30

રાજ્યની સૌથી મોટી ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ નીરજા ગુપ્તાની ટર્મ આજે 30 જૂન પૂરી થવાની છે, ત્યારે નવા કુલપતિ માટેની પ્રક્રિયા ચાલી રહી છે. પરંતુ નવા કાયમી કુલપતિ ન મળે ત્યાં સુધી સરકાર દ્વારા ઈન્ચાર્જ કુલપતિની નિમણૂક કરવામાં આવશે. ઈન્ચાર્જ કુલપતિ તરીકે શંકરસિંહ વાઘેલાની કોલેજના પ્રિન્સિપાલ આશિષ દવેની નિમણૂક થાય તેવી શક્યતા છે અથવા હાલના કુલપતિ નીરજા ગુપ્તાને પણ ઈન્ચાર્જ તરીકે નિમણૂક કરવામાં આવી શકે છે. મહત્વનું છે કે આશિષ દવે સંઘ સાથે જોડાયેલા છે જેથી તેમના નામની હાલમાં ચર્ચા ચાલી રહી છે.



1 જુલાઈ 2023ના રોજ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે નીરજા ગુપ્તાએ કમાન સંભાળી હતી. નીરજા ગુપ્તાની કુલપતિ તરીકેની ટર્મ 30 જૂન 2026ના રોજ પૂર્ણ થવા જઈ રહી છે, જેથી ગુજરાત યુનિવર્સિટીને નવા કુલપતિ મળશે. જે માટે સર્ચ કમિટી દ્વારા જાહેરાત આપીને અરજી મંગાવવામાં આવી છે. જોકે કુલપતિની ટર્મ પૂરી થતા ઈન્ચાર્જ કુલપતિની નિમણૂક કરવામાં આવશે.

ગુજરાત યુનિવર્સિટીમાં વર્ષોથી કુલપતિના હોદ્દા માટે સંઘમાં પ્રભુત્વ ધરાવતા વ્યક્તિનો દબદબો રહ્યો છે. હાલમાં સંઘ અને અન્ય અધ્યાપકો દ્વારા શંકરસિંહ વાઘેલાની કોલેજના પ્રિન્સિપાલ આશિષ દવેનું નામ મોકલવામાં આવ્યું છે. આશિષ દવેને આજે(30 જૂન) ઈનચાર્જ કુલપતિ તરીકે નિમણૂક આપવામાં આવી શકે છે. નીરજા ગુપ્તાએ પણ કુલપતિ માટેની બીજી ટર્મના પ્રયત્ન કર્યા છે, પરંતુ સરકાર અને સંઘ બંને તેમનાથી નારાજ હોવાથી તેમને રીપીટ કરાય તેવી શક્યતા ઓછી છે.

આશિષ દવે અગાઉ સાવલી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ રહી ચૂક્યા છે, ત્યારબાદ તેમણે લાંબા સમય સુધી એચ.કે. કોમર્સ કોલેજમાં પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવી છે અને તેઓ ડીન પણ બન્યા હતા. ગત વર્ષે જ તેમણે ગાંધીનગરમાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાની સમર્પણ કોલેજમાં પ્રિન્સિપાલ તરીકે જવાબદારી મેળવી હતી. જોકે તેમને એચ.કે. કોલેજમાંથી ડીન તરીકે નિમણૂક મેળવી સમર્પણ કોલેજમાં નિમણૂક મેળવી તેનો વિવાદ થયો હતો જે વિવાદ થોડા સમયમાં પૂરો પણ થઈ ગયો હતો.

ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા કેટલાક વર્ષોથી સંઘ સાથે જોડાયેલા વ્યક્તિની જ કુલપતિ તરીકે નિમણૂક કરવાના આવે છે. સંઘ જે નામ સરકારને સોંપે તે નામ પર જ સરકાર મ્હોર મારે છે, ત્યારે અત્યારે સંઘ દ્વારા આશિષ દવેનું નામ આપવામાં આવ્યું છે. જેમને હાલમાં ઈનચાર્જ કુલપતિ તરીકે નિમણૂક આપવામાં આવશે. જે બાદ સર્ચ કમિટીની પ્રક્રિયા પૂર્ણ થતા કાયમી કુલપતિ તરીકે આશિષ દવેની નિમણૂક કરવામાં આવી શકે છે.

# અમદાવાદમાં પહેલી વખત પોલીસનું EV વાહનમાં પેટ્રોલિંગ

## IPS સહિત 100થી વધુ પોલીસકર્મીઓએ રથયાત્રાના રૂટનું મોડી રાતે નિરીક્ષણ કર્યું

અમદાવાદ, તા.30

16 જુલાઈએ જગન્નાથજીની રથયાત્રા યોજાવવાની છે તે અગાઉ અમદાવાદ પોલીસ દ્વારા તૈયારી કરવામાં આવી રહી છે. ગત(29 જૂન) મોડી રાતે અમદાવાદ પોલીસે પહેલી વખત ઈલેક્ટ્રિક વાહનથી રથયાત્રાના રૂટ પર પેટ્રોલિંગ કર્યું હતું. આ પેટ્રોલિંગમાં જેસીપી, ડીસીપી, એસીપી સહિત 100થી વધુ પોલીસકર્મીઓ હાજર રહ્યા હતા. આ તમામે ઈલેક્ટ્રિક ટુ વ્હીલર પર રૂટનું નિરીક્ષણ કર્યું હતું.



રથયાત્રા અગાઉ દર વર્ષે રૂટ પર અનેક વખત પોલીસ દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવે છે, ત્યારે ગત મોડી રાતે સેક્ટર 1 જેસીપી નીરજા બડગુજર, ઝોન 3 ડીસીપી રૂપલ સોલંકી, ગાયકવાડ હવેલી પીઆઈ, કાલુપુર પીઆઇ, ખાડિયા પીઆઇ અને શહેરકોટડા પીઆઈ સહિતના અધિકારીઓ અને પોલીસકર્મીઓએ ઈલેક્ટ્રિક ટુ વ્હીલર પર સમગ્ર રૂટ પર પેટ્રોલિંગ કર્યું હતું.

સેક્ટર 1 જેસીપી નીરજ બડગુજરે જણાવ્યું હતું કે, દર વર્ષે પેટ્રોલિંગ કરવામાં આવે છે પરંતુ આ વર્ષે ઈલેક્ટ્રિક વાહન પર પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. જે ક્લીન એન્ડ ગ્રીનના હેતુ સાથે કરવામાં આવ્યું હતું.સમગ્ર રૂટ પર એરિયા ડોમિનેશન અને પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.આગામી દિવસમાં પણ ફૂટ પેટ્રોલિંગ અને ડ્રોન સર્વેલન્સ પણ યોજાશે.

# GCASના 4 રાઉન્ડ બાદ પણ સરકારી યુનિવર્સિટીઓમાં 60% બેઠકો ખાલી

## 4.20 લાખની સામે 2.21 લાખ વિદ્યાર્થીઓએ જ પ્રવેશ મેળવ્યો, પાંચમો રાઉન્ડ ક્યારે જાહેર કરવો તેને લઈને કોઈ નિર્ણય લેવાયો નહીં

અમદાવાદ, તા.30

રાજ્યની તમામ સરકારી યુનિવર્સિટીઓમાં GCAS પોર્ટલ મારફતે અંડર ગ્રેજ્યુએશન કોર્સમાં પ્રવેશ માટેના ચાર રાઉન્ડ પૂરા કરી દેવામાં આવ્યા છે. GCAS પોર્ટલ પર પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી ત્યારે ચાર રાઉન્ડમાં જ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાના દાવા કરવામાં આવતા હતા. પરંતુ ચાર રાઉન્ડ બાદ પણ 50થી 70 ટકા બેઠકો હજુ પણ ખાલી હોવાનું સામે આવ્યું છે.

પરિણામે હવે પ્રવેશ પ્રક્રિયા વધુ લંબાવવાની અને વધારાના રાઉન્ડ કરવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. જોકે નવા રાઉન્ડ ક્યારે કરવામાં આવશે તેને લઈને હજુ સુધી કોઈ જાહેરાત કરવામાં આવી હતી. જેથી વિદ્યાર્થીઓ પણ મૂંઝવણમાં મુકાયા છે.

રાજ્યની તમામ સરકારી યુનિવર્સિટીઓમાં GCAS પોર્ટલ મારફતે પ્રવેશ પ્રક્રિયાના ચારેય રાઉન્ડ પૂર્ણ થઈ ગયા હોવા છતાં મોટી સંખ્યામાં બેઠકો હજુ પણ ખાલી પડી છે. શરૂઆતમાં માત્ર ચાર રાઉન્ડમાં જ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરીને નવા શૈક્ષણિક સત્રનો સમયસર પ્રારંભ કરાવવાનો દાવો કર્યો હતો, પરંતુ હાલની સ્થિતિ તેનાથી વિપરીત જોવા મળી રહી છે. ચાર રાઉન્ડ પૂર્ણ થયા બાદ પણ અનેક યુનિવર્સિટીઓમાં અંદાજે 50થી 70 ટકા જેટલી બેઠકો હજુ ખાલી હોવાનું સામે આવ્યું છે.




રાજ્યની મોટાભાગની સરકારી યુનિવર્સિટીઓમાં 50થી 70 ટકા બેઠકો હજુ પણ ખાલી છે. તેમજ વિદ્યાર્થીઓ હજુ પણ પસંદગીની કોલેજની રાહ જોઈ રહ્યા હોવાથી એલોટ કરેલી યુનિવર્સિટી કે કોલેજમાં પ્રવેશ કન્ફર્મ કરાવતા નથી. જેના કારણે એલોટ સામે પ્રવેશ કન્ફર્મેશનના આંકડા પણ ખૂબ ઓછા જોવા મળી રહ્યા છે.

GCAS પોર્ટલ મારફતે કુલ 4,20,294 વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરીને ફી ભરી હતી. જેમાંથી 2.21 લાખ જેટલા વિદ્યાર્થીઓએ જ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો છે. પ્રવેશ પ્રક્રિયામાં સૌથી મોટો પડકાર વિદ્યાર્થીઓ દ્વારા એલોટ થયેલી બેઠક કન્ફર્મ ન કરાવવાનો રહ્યો છે. રાજ્યની પ્રતિષ્ઠિત સરકારી કોલેજોમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ મેરિટ ખૂબ ઊંચું રહેતાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને તેમની પ્રથમ પસંદગીની કોલેજ અથવા કોર્સ મળ્યા નથી. જેના કારણે ઘણા વિદ્યાર્થીઓ હાલ મળેલી બેઠક સ્વીકારવાને બદલે વધુ સારી કોલેજની આશા રાખી રહ્યા છે.

GCASમાં ચાર રાઉન્ડ જો પણ અનેક વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યો નથી. ત્યારે હવે પાંચમો રાઉન્ડ જાહેર કરવો કે નહીં તેને લઈને હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. તેમજ હવે આગામી એડમિશન પ્રોસેસ જે તે યુનિવર્સિટી કે કોલેજને સોંપવી કે નહીં તેને લઈને પણ હજુ વિચારણા ચાલી રહી છે. જેથી હજારો વિદ્યાર્થીઓ પાંચમાં રાઉન્ડની જાહેરાત ક્યારે થશે તેની રાહ જોઈને બેઠા છે. જો કે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં ન આવતા પ્રવેશ પ્રક્રિયા લંબાય તેવી શકયતા જોવા મળી રહી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




